# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 17 • પ્રકરણ : 01 • સળંગ અંક : 193 26 એપ્રિલ 2011 ડિજિટલ અવતાર – તેર

## હનુમાન બનો !

• દાદા ધર્માધિકારી

એક દફા મૈં એક સ્કૂલમેં ગયા થા. પહલી કતારમેં બિઠા હુઆ પહલે લડકે સે મૈંને પૂછા, ‘તૂ કૌન હૈ ?’

ઉસને કહા, ‘બ્રાહ્મણ હૂં.’

દૂસરેસે પૂછા; ઉસને કહા, ‘કોંકણસ્થ બ્રાહ્મણ હૂં.’

તીસરેસે ફિર યહી સવાલ પૂછા. ઉસને સોચા, પહલે દો કે ઉત્તરમેં જરૂર કુછ કમી રહ ગઈ હૈ; ઉસને ઉત્તર દિયા, ‘મૈં ઋગ્વેદીય કોંકણસ્થ બ્રાહ્મણ હૂં.’

સબસે અંતમેં એક લડકા બૈઠા થા. મૈંને ઉસસે પૂછા, તો હડબડા કર ઉઠા ઔર કહને લગા, ‘મૈં લડકા હૂં.’

મૈંને કહા, ‘યહ લડકા સચ્ચા જવાબ દેતા હૈ.’

આજકે જમાનેમેં યહ હાલત હૈ કિ મનુષ્ય યહ ભૂલ ગયા હૈ કિ, મૈં મનુષ્ય હૂં – ઔર તો ઉસે સબ કુછ યાદ હૈ. ગુરુદ્વારેમેં જો બૈઠા હૈ, વહ સિખ હૈ. મંદિરમેં જો બૈઠા હૈ, વહ હિન્દુ હૈ. મસ્જિદમેં જો બૈઠા હૈ વહ મુસલમાન હૈ. કોઈ કૉંગ્રેસી હૈ, કોઈ કમ્યૂનિસ્ટ હૈ, કોઈ સોશલિસ્ટ હૈ – સબકે માથે પર એક ચિપ્પી લગી હુઈ હૈ. હર મનુષ્ય પર કેવલ એક-દો નહીં અનેક ચિપ્પિયાં લગી હુઈ હૈં : મૈં બ્રાહ્મણ હૂં, ભટ્ટ હૂં, કૉંગ્રેસકા સદસ્ય હૂં … ઈતની ચિપ્પિયાં લગી હુઈ હૈ કિ આદમી દિખાઈ હી નહીં દેતા.



શંકર ત્ર્યંબક ધર્માધિકારી
જન્મ : ૧૮ જૂન ૧૮૯૯
અવસાન : ૧ ડિસેમ્બર ૧૯૮૫

•

જો તુમ લોગ છોટે-મોટે બચ્ચે યહાં બૈઠે હો, તુમ્હારે સામને મૈં અપની ઈચ્છા પ્રકટ કરને આયા હૂં. હમ ચાહતે હૈં કિ તુમ અપને જમાનેમેં ચિપ્પિયાં હટા દો. મનુષ્ય મનુષ્ય હૈ. વહ બ્રાહ્મણ ભી નહીં હૈ, ભંગી ભી નહીં. તુમ્હારે જમાનેકા મનુષ્ય મનુષ્ય હોગા.

પહલી ચીજ જો તુમ્હેં સીખની હૈ, વહ હૈ – ઈસ ભારતવર્ષમેં તુમ્હારે લિયે કુછ સીમા નહીં. જોશીમઠમેં ઔર ત્રિવેન્દ્રમમેં રહનેવાલે લડકે દોનોંકા સારા દેશ એક દેશ હૈ, ઔર તુમ્હે ઈસકે નાપકા આદમી બનના હૈ. જિતના બડા દેશ હો, ઉતના હી બડા આદમી ચાહિયે. અગલે જમાનેમેં દેશમેં બડે ઊંચે - પૂરે આદમી હોતે થે. મહાત્મા ગાંધી, નેહરુ, અબ્દુલ ગફાર ખાં … કશ્મીરસે લેકર કન્યાકુમારી તક કા આદમી ઉન્હેં જાનતા થા. સંકલ્પ કરો કિ તુમમેં સે ઐસે આદમી નિકલેં.

સીતાજીને એક દફા અપની મણિયોંકી માલા હનુમાનજીકો

## ઈમાનદારીનો અભાવ

• દાદા ધર્માધિકારી

જીવનભર હું વિચાર જ કરતો રહ્યો છું; બીજું કાંઈ કરી શક્યો નથી. છેલ્લાં સાઠ વર્ષથી મારા મનમાં આ દેશ અંગે એક પ્રશ્ન ઘોળાતો રહ્યો છે. તેનો ઉત્તર હું શોધતો રહ્યો છું. સાઠ વરસ થયાં એ જ વિષયનું હું એટલું તો રટણ કરતો રહ્યો છું કે સાંભળવાવાળા પણ કંટાળી જાય. એ પ્રશ્નને હું મૂળભૂત સવાલ માનું છું. દેશના બીજા સવાલો તેમાંથી પેદા થાય છે.

મારો સવાલ એ છે કે જે દેશને આટલી ભવ્ય સંસ્કૃતિનો વારસો મળ્યો, આટલી ઊંચી આધ્યાત્મિક્તાનો જે ભૂમિમાં વિકાસ થયો, ત્યાંનો મનુષ્ય આટલા લાંબા કાળ લગી ગુલામ કેમ રહ્યો ?

એની સાથે જ બીજો સવાલ પણ મારા મનમાં જાગ્યો હતો તે આ છે : આપણાં પુરાણોમાં એવું કેમ જોવા મળે છે કે શક્તિ હંમેશાં રાક્ષસો પાસે હતી, અને દેવોમાં નહોતી ? ‘વેદ’માં ઈન્દ્ર અને વૃત્ર રાક્ષસ વચ્ચેના યુદ્ધનું વર્ણન આવે છે. હવે ઈન્દ્ર તો છે દેવોનો રાજા, છતાં એ યુદ્ધમાં કાવાદાવા કરે છે. પણ સામે વૃત્ર રાક્ષસ છે, છતાં સીધી રીતે જ યુદ્ધ કરે છે. અને દાવપેચ છતાંયે હારે છે તો ઈન્દ્ર જ. છેવટે એ દધીચિ ઋષિ પાસે જાય છે અને કહે છે કે, મને તમારાં હાડકાં આપો, એનાથી હું લડી શકીશ; મારાં હથિયાર તો નકામાં થઈ પડ્યાં છે.

તો દેવતાઓની હાલત એવી કેમ ? દેવો આટલા બધા શક્તિહીન અને રાક્ષસો આટલા શક્તિશાળી – એમ કેમ ? એનો જવાબ ખોળતાં મારા ધ્યાનમાં આવ્યું કે જે બધા રાક્ષસો હતા, એ તપસ્વી હતા. રાવણનું તો એટલી હદ સુધીનું વર્ણન આવે છે કે તપ કરતાં કરતાં નવ નવ મસ્તક તો એણે ઉતારીને ધરી દીધાં અને દસમું ઉતારવા પણ તૈયાર થઈ ગયો હતો. આમ આ બધા રાક્ષસો ભારે તપસ્વી હતા. પણ તો પછી એ રાક્ષસ બન્યા શી રીતે ? રાક્ષસ બન્યા એ કારણે કે તપથી મળેલી શક્તિનો ઉપયોગ એમણે ભોગ માટે કર્યો. તપસ્વી ઊઠીને જ્યારે ભોગી બને, ત્યારે એ સીધો રાક્ષસ જ બને છે; પછી વચમાં ક્યાં ય એ રોકાતો નથી.

તો, આ દેશની હાલત આવી કેમ થઈ ? – એ સવાલનો જવાબ મને એ લાગે છે કે જે તપસ્વી હતા તે ભોગી થઈ ગયા. તપસ્વીનું પતન થાય છે ત્યારે એ વચ્ચે ક્યાં ય અટકતો નથી – જઈને સીધો દાનવ બને છે. અને દાનવોની કોઈ જુદી જાતિ હોતી નથી. પ્રહ્લાદનો બાપ દાનવ હતો, કૃષ્ણનો મામો દાનવ હતો, દાનવ રાવણ પણ એક ઋષિનો પુત્ર હતો. આમ આ જે દાનવો હતા તે બધા આપણા જ સગાસંબંધી હતા.

મારા પહેલા સવાલની પાછી વાત કરીએ તો, જ્યાં આટલું ઊંચું આધ્યાત્મિક દર્શન વિકસ્યું હતું તે દેશ પોતાના ઈતિહાસમાં સ્વાધીન ઓછો અને ગુલામ વધારે રહ્યો, એમ કેમ બન્યું ? કારણ કે આ દેશના નાગરિકની ભાષા તો આધ્યાત્મિક રહી છે, પણ એની પ્રેરણા સદાય ભૌતિક રહેલી છે. પશ્ચિમનો નાગરિક ભલે ભૌતિક છે, પણ ઈમાનદાર પૂરો છે. જ્યારે આપણે ત્યાં ભૌતિક ઈમાનદારી નથી, માત્ર ભૌતિક આકાંક્ષા જ છે. મારી દીકરીઓ ક્યારેક પશ્ચિમના દેશોમાં જાય છે. ત્યાં તો અનેક જાતના ગુનાઓ - અપરાધો સમાજમાં થતા રહે છે, છતાં એના ત્યાં જવાથી મને કશો ડર લાગતો નથી. પણ અહીં ક્યારેક છોકરી એકલી બહાર જવા નીકળે છે, તો મનમાં અત્યંત ચિંતા થાય છે. કારણ કે આ આધ્યાત્મિક્તાનો દેશ છે !

**(સદ્ભાવ : મહેન્દ્ર મેઘાણી સંપાદિત ‘અરધી સદીની વાચનયાત્રા’ ભાગ - ૧; આવૃત્તિ - ૧; વર્ષ - ૨૦૦૩ : પાન - ૪૯૧-૨)**

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૅલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------



**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

પહનેકે લિયે દી. તો ઉન્હોંને એક એક મણિ માલાસે તોડકર દાંતોંકે બીચ દબાયી ઔર કહા : 'માતાજી, મૈં તો મેરે મણિકો ખોલકર દેખ રહા હૂં કિ ઈસમેં રામ હૈ યા નહીં. અગર રામ હોગા, તો મેરે કામકી હૈ – નહીં તો નહીં હૈ.'

જબ તુમ બડે હોગે, તો કોઈ વ્યાપારી બનેગા, કોઈ બાબૂ બનેગા, તો મૈં તુમસે કહના ચાહતા હૂં કિ હનુમાનકી તરહ હરએક ચીજકો ખોલકર દેખો કિ ક્યા ઉસમેં રામ હૈ ? ક્યા ઉસમેં ગિરે હુએકો ઉપર ઉઠાનેકી કોઈ ચીજ હૈ ? દૂસરોંકો ચૂસકર બડે બનનેકા રોજગાર હૈ, યા દૂસરોંકો ઉપર ઉઠાનેકા હૈ ?

મેરે જમાનેકે આદમિયોંને યહ નહીં દેખા. મેરે જમાનેકે જિતને રોજગાર હૈં, વે દૂસરોંકો ચૂસનેકે હૈં. કુછ આદમી ઐસે હોતે હૈં, જો ભેડિયેકી તરહ ખા જાતે હૈં. ઔર કુછ ઐસે હૈં, જો જોંકકી તરહ મનુષ્યોંકા ખૂન ચૂસતે હૈં. તેલમેં, આટેમેં, દવાઈયોંમેં મિલાવટ કરનેવાલે – યે સબ જોંકકી તરહ હૈં. દૂસરા જો તલવાર લેકર આતા હૈ, વહ ભેડિયોંકી તરહ હૈ. તુમ્હારી યહ શપથ હો કિ, ન કિસીકા ખૂન ચૂસેંગે, ન કિસીકો ગિરાયેંગે.

તુમ્હારે જમાનેમેં તુમ સબ લડકે-લડકિયોંકો યહ બાત સમઝની હૈ કિ મનુષ્યકી દૂસરી સારી પ્રતિષ્ઠાએં ઝૂઠી હૈં; સમાજમેં સહી મૂલ્ય ઉતના હી હૈ, જિતના પરિશ્રમ મનુષ્ય કરતા હૈ. જબ તુમ્હારા જમાના આયેગા, શાન ઉસકી હોગી જો ઓજારોંસે કામ કરેગા, જીવનકે લિએ ચીજેં બનાયેગા, ઉસકે એક હાથમેં 'ઉપનિષદ' હોગા ઔર દૂસરે હાથમેં હલ.

**(સદ્ભાવ : મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા' ભાગ - ૧; આવૃત્તિ - ૧; વર્ષ - ૨૦૦૩ : પાન : ૧૩૮-૯)**

•

## આસમાનમાંથી ટપકી પડી છે ?

**• દાદા ધર્માધિકારી**

આજની પરિસ્થિતિનો ઉકેલ અમારી પાસે છે, એવું કહેનારાઓ ઘણા છે; પણ આ પરિસ્થિતિ માટે સૌથી વધુ જવાબદાર આપણે સામાન્ય નાગરિકો છીએ, એવું કોઈ કહેતું નથી. એક મારા સિવાયના બીજા બધા બૂરાઈ માટે જવાબદાર છે, એમ સૌ કોઈ કહે છે; અને છેવટે તો તે જવાબદારી ઈશ્વર ઉપર પણ નાખી દેવામાં આવે છે. નેતાઓને ભય લાગે છે કે જો તેઓ જનતાને જવાબદાર ગણાવશે તો પોતે નેતા નહીં રહે. આજની મોટી મુશ્કેલી એ છે કે જનતાને નિસ્પૃહ રીતે તેની જવાબદારી બતાવનાર કોઈ નથી.

'તમારી મુશકેલીઓનો ઉકેલ અમારી પાસે છે.' એવું કહેનારાઓનો ભરોસો કરશો નહીં – પછી તે કહેનાર ગમે તે હોય. સર્વોદયવાળા પણ ભલે હોય. તમારી પરિસ્થિતિ જે બદલશે, તે તમારા ઉપર કાબૂ પણ ધરાવતો થશે. તેના નચાવ્યા તમારે નાચવું પડશે.

આજે સામાન્ય નાગરિક ફરિયાદ કરે છે, પણ બધી મુશ્કેલીઓનો ઉકેલ લાવવાની લગની તેને નથી. દરેકને ફિકર છે એટલી જ કે 'મારી' મુશ્કેલી મટવી જોઈએ. દરેક પોતાનું જ વિચારે છે, બીજાની મુશ્કેલીની તેને કાંઈ પડી નથી. વેપારી, ગ્રાહક, ઉત્પાદક સૌ કોઈ પોતપોતાની વાત જ આગળ કરતા હોય છે; 'આપણે બધા' મળીને મુશ્કેલીઓ દૂર કરીએ, એમ કોઈ વિચારતું નથી.

આજની પરિસ્થિતિમાં એક ગંભીર બાબત ભ્રષ્ટાચારની છે. આપણી સાર્વજનિક સંસ્થાઓમાંથી એવી કેટલી હશે કે જેમાં હિસાબ વિશે એકબીજા ઉપર આરોપ ન મુકાતા હોય ? સંસ્થા છોડતી વખતે છોડવાવાળો પવિત્ર, અને તેમાં રહેવાવાળા બધા ભ્રષ્ટ ને નાલાયક ! તેવી જ રીતે સરકારમાં. પણ સરકાર નાલાયક હોય, તો તે ત્યાં છે જ કેમ ? તે કાંઈ આસમાનમાંથી ટપકી પડી નથી ને ? તમારા જ મતથી એ ત્યાં આવી છે. કદાચ પૈસાથી વોટ ખરીદીને આવી હશે, તો પૈસા લઈને વોટ વેચનારા પોતે જ પહેલાં તો ભ્રષ્ટ થઈ ગયાને !

**(સદ્ભાવ : મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા' ભાગ - ૨; આવૃત્તિ - ૧; વર્ષ - ૨૦૦૪ : પાન : ૩૨૩)**

•

## બે જ વસ્તુ

નાગરિક આપણો પ્રમાદશીલ છે. જે કાંઈ થવાનું હોય તેને માટે પોતાને લગીરે હાથપગ હલાવવા ન પડે તો સારું, એમનેમ બધું થઈ જવું જોઈએ. પરિણામે નાગરિકે કાંઈ કરવાનું હોય તો માત્ર બે જ વસ્તુ – કાં તો ફરિયાદ, કાં તો માગણી ! આમાં આપણા તરુણોયે અપવાદ નથી, બસ, એક જ નારો – અમારી માગણીઓ પૂરી કરો, અમારી ફરિયાદો દૂર કરો !

**- દાદા ધર્માધિકારી**

### કમ્મર કસી છે

**• મધુકર રાંદેરિયા**

**ચલો આજ, ભૈયા, ઉઠાવી લો લંગર,**
**સમંદરની અંદર ઝુકાવી દો કિસ્તી;**
**સલામત કિનારાના ભયને તજી દો,**
**તુફાનોને કહી દો કે કમ્મર કસી છે.**

**મુહબ્બતની અડિયલ એ વાતોને છોડો,**
**મુહબ્બતનાં દમિયલ એ ગીતો જવા દો;**
**જગતને જગાડી દો એ રીતથી કે,**
**કલેવરને કણેકણ જુવાની વસી છે.**

**અમે સિંધુડાને સૂરે ઘૂમનારા,**
**અમે શંખનાદો કરી ઝૂઝનારા;**
**મધૂરી ન છેડો એ બંસીની તાનો,**
**અમોને એ નાગણની માફક ડસી છે.**

**અમે દર્દ ને દુઃખ કાતિલ સહ્યાં છે,**
**ભરી આહ ઠંડી ને નિશ્વાસ ઊના;**
**જીવનમાં હતી કાલ જો ગમની રેખા,**
**મરણ સામને આજ મુખ પર હસી છે.**

# ગર્વ સે કહો : 'હું વાઈન્દરો છઉં !'

• વિપુલ કલ્યાણી

ઋતુલ જોશીનો, 'ચરખો' નામે, ગુજરાતી જબાનમાં, એક બ્લૉગ છે. આવું એક વાક્ય તેમાં સતત આવતું ભાળ્યું છે : 'લખવું એટલે કાંતવું … ક્યારેક ઝીણું … ક્યારેક જાડું !'

અહા ! … મજા પડી ગઈ. મારે તો લટવું છે, ક્યારેક ઝીણું, ક્યારેક જાડું !

અમુકતમુક ઉમ્મરે પહોંચ્યા પછી, માણસ ઝાઝેરો નૉસ્ટૅલ્જિક બની જતો હોય છે. આનું કોઈક કારણ હશે ! … પરંતુ આ 'નૉસ્ટૅલ્જિયા'નો - ભૂતકાળના કોઈ જમાનાની ઝંખનાનો - રોગ આજકાલ મારો ભાઈબંધ બની બેઠો છે. અને ભૂતકાળમાં, પ્રાચીનકાળમાં, એ, રોજેરોજ, મને હેરવી ફેરવી લાવે છે.

અહીં, લંડનનાં એકાદ ગુજરાતી છાપામાં, ફરી ફરી, વાંચ્યાનું સાંભરે છે : 'હું હિન્દુ છું !' … … એમ તો આ જગતના પટે, ખૂણેખાચરે, નારા જાગતા જ હોય : 'હું યહૂદી છું !' ; … 'હું ઈસાઈ છું !'; … 'હું મુસલમાન છું !'; … 'હું જૈન છું !'; … 'હું બૌદ્ધ છું !' … … આવા તેવા નારાઓ, ઘોંઘાટમાં વધારો કરતા સંભળાયા જ કરે છે. એક રીતે જોવા જઈએ તો આ સામૂકો મામલો તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના અટપટા, ખાબડખૂબડ મારગે, ઓળખનો [Identityનો] જ બને છે. વળી, જોવા જેવું તો એ છે કે આ કોયડાની તાસીર અભિમન્યુના કોઠા શી છે. માંહે પેસવાની તકલીફ જ નથી; પણ પછે 'માણસ' બહાર આવી શકતો જ નથી ! … અને આમ, પછી, નૉસ્ટૅલ્જિયાના કેફમાં, મારી જાતને તપાસતો ફરું છું. ગયાં વર્ષો સ્મરણે ચડે છે. કવિ ઉમાશંકર જોશીએ ગાયું છે ને : 'ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં ! … રહ્યો ઝંખી, ને ના ખબર વરસો કેમ જ ગયાં !' – અને આવું આવું થાય છે, ત્યારે, લાગલા, ચાર્લ્સ ડારવિન, સ્વાભાવિક, મને સાંભરે.

વારુ, આ ચાર્લ્સ ડારવિનના મત મુજબ, આપણા આદિ વડવા વાનર હતા. જાણે કે મને તેનું ગૌરવ હોય, તેમ એક ઝાડ પરેથી બીજાં ઝાડ પરે, એક ડાળેથી બીજી ડાળે, એમ ઠેકાઠેક કરતો, મારી જાતને ભાળું છું. કોઈકનું ઝૂંટવતો, કોઈક સામે કિકિયારી કરતો, ક્યાંક ખિખિયાટા અને વળી ઠિઠિયારી પણ કરતો રહું છું. પછી, ચોમેર થતાં કિકિયાણ વચ્ચે મોટે મોટેથી હું લવતો ય રહું છું : "ગર્વ સે કહો : 'હું વાઈન્દરો છઉં !'"

પૂર્વ આફ્રિકાના ટાનૂઝાનિયા નામે મુલકના ઉત્તર વિસ્તારમાં આવ્યા મેરુ પર્વતની તળેટીમાં, અરૂશા નામે, રળિયામણું એક નગર આવેલું છે. સાહેબ મારા, સંત સાહિત્યની મુઠ્ઠી ઊંચેરી કવયિત્રી ગંગાસતીનું પદ છે ને :

**મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે**
**મરને ભાંગી રે પડે ભરમાંડ રે;**
**વિપદ પડે પણ વણસે નહિ,**
**ઈ તો હરિજનનાં પરમાણ રે.**

અરે, ધીરા ખમો, બાપલિયા, આ મેરુની ક્યાં વાત માંડવા બેઠા છો; તમે તો ક્યાંના ક્યાં નીકળી જવાના મૂડમાં લાગો છો ! … ભઈલા, હું તો પેલા પથરાળા, ઢેફાળા મેરુ પર્વતની જ વાત છેડતો હતો. ખેર ! તેની ચોપાસ, અરૂશામાં તેમ જ આસપાસના મ્ટો-વા-મ્બુ ગામે, મારું બાળપણ વીત્યું હતું. મન્યારા સરોવરની આસપાસનો તે નયનરમ્ય કુદરતી વિસ્તાર. મનહૃદયને સતત હર્યુંભર્યું રાખે તેવી સરસ મજાની વનરાજી. એમાં અનેક પ્રકારનાં રાની પશુઓ. સહેલાણી ઉદ્યોગ એ દિવસોમાં ધીમે ધીમે હજુ ખીલવો શરૂ થયેલો. અને આમ, અમે 'આઠે પો'ર આનંદ'માં રહેતા !



**રાજ્યમાન વારસ્સાઈ ભાંડુ ! – જોગશ્રી કિગાલે, રવાન્ડા**
**(સૌજન્ય : છબિકાર - રોહિત બારોટ)**

વારુ, આ વિસ્તારમાં ઑલ્ડિયાની નામે એક ઝીણકું, અમથું પણ મજેદાર ગામ ટેકરીઓ પરે વસેલું છે. ત્યાં, એક દા, મંગલચાચા, લાજામાસી નામે એક હિન્દુ પંજાબી દંપતી રહેતું અને રોજડિયે દુકાન ચલાવે. એમને ઉષા નામે એક દીકરી. આ પરિવાર જોડે અમારે ઘનિષ્ટ ઘરવટ. ઉષા, મારા પિત્રાઈ ઉમેશભાઈ અને હું ભેરુબંધ. હોઈએ ત્યારે નકરો દિવસ આખો સાથે ને સાથે. આ ઉષા અને ઉમેશભાઈ મોટેરાં અને તેથી એ બંનેએ દાદાગીરીપૂર્વક અમારું ફેર નામકરણ કરેલું : ઉષા 'ચકલી'; ઉમેશભાઈ 'પોપટ' અને હું 'વાંદરો' ! … આમે ય અમારા વિસ્તારમાં અનેક પ્રકારનાં વાંદરાંઓ જોવા મળે - અને તે ય પાછા ટોળાંબંધ. આવું હોય ત્યારે, 'ભાઈ રે! નિત્ય રે'વું સતસંગમાં ને' પછી, મન મેલીને, મને બરાડવું ખૂબ જ ગમે છે : "ગર્વ સે કહો : 'હું વાઈન્દરો છઉં !'"

સરસ મજાની એક ગુજરાતી ચોપડી વાટે, નાનપણમાં, ટોપીવાળાની એક મજેદાર વાર્તા ભણ્યાનું સાંભરે છે. એ વાર્તાનો નાયક એક ટોપલીમાં વિધવિધ પ્રકારની ટોપીઓ મૂકીને વેંચવા નીકળી પડતો. ધોમ ધખતા તડકાવાળા એક દિવસે, આ ટોપીવાળો એક ગામથી બીજે ગામ જતો હશે, ત્યારે વચ્ચે, કોઈક ઘેઘૂર વૃક્ષને છાંયડે તે પોરો લેવા બેસે છે. ભાથું ખાઈ, પાણી પી, ઝાડને છાંયે તે આડો પડે છે. મીઠો વાયરો વાયા કરે છે અને આ વટેમાર્ગુ ઝોકે ચડે છે. અને પછી વાયરાને ઝોલે તે ઊંઘી જાય છે.

હવે બન્યું એવું કે તે વૃક્ષ પરે કેટલાંક વાંદરાંઓ હતાં. તે સૌ, એક પછી એક, નીચે ઊતરી આવ્યાં. પેલી ટોપીઓવાળી ટોપલીમાંથી એકેકી ટોપી લઈને સૌ ઝાડ પરે ફરી ચડી ગયાં. થોડીક વારે, પેલો આદમી જાગ્યો. ટોપલી પરે નજર પડી અને તેને ફાળ પડી. તે હતી ખાલીખમ્મ ! એક પણ ટોપી દેખાય નહીં ! આમતેમ નજર દોડાવી; કોઈ એંધાણી વર્તાય નહીં. કોઈનો પગરવ પણ તેને ક્યાં સંભળાયો હતો ? તો આ ટોપીઓ ક્યાં અને કેવી રીતે ગૂમ થઈ ? તેનું અચરજ તે અનુભવતો હતો. તેની વિમાસણ વધી ગઈ. … ત્યાં ઝાડ પર ખિખિયાટી સાંભળી. તેણે ઉપર નજર કરી ઝાડ ઉપર જોયું તો ત્યાં વાનરોનું ઝૂંડ. દરેકને માથે ટોપી ! તે હેબતાઈ ગયો. … પણ પછી કરવું શું ? પહેલવહેલાં તેને માન્યામાં ન જ આવ્યું તે ન જ આવ્યું. પરંતુ પછી, સમયસૂચકતાથી વિચારી લીધું. પોતાના

માથેથી ટોપી તેણે ઊતારી અને તેણે સીધી જમીન પર ફેંકી. … અને માનશો, જોવા જેવી થઈ; તેણે ધારેલું એમ જ થયું ! વાનરોએ પણ પોતાનાં માથાં પરેથી ટોપી લઈને જમીન પર ટપોટપ ફેંકી ! ટોપીવાળાને તો એટલું જ જોઈતું હતું. તેણે આ બધી ટોપીઓ ચપોચપ વીણી લીધી અને ટોપલીમાં ખડકી દીધી. સઘળી ટોપીઓ ટોપલીમાં મૂકાઈ ગઈ. અને પછી તે હસતો હસતો હીંડતો થયો ! … વાત થઈ પૂરી.

આપણા આ ‘વડવાઓ’ નકલ કરવાને સારુ જાણીતા છે. આપણે ય આવી નકલ, જાણે અજાણે, આજે ય કરીએ છીએ. પછી અક્કલ સુધ્ધાં વાપરતાં નથી. એટલે જ ગણગણતાં ગણગણતાં વદવાનું મન થાય : “ગર્વ સે કહો : ‘હું વાઈન્દરો છું !’”

ભાઈબંધ ગોવિંદભાઈ પટેલ કનેથી, એક સિંહની અને તેની સાથે ગેલ કરતા એક વાંદરાની કથા, અવારનવાર સાંભળી છે. આ વાનર તેના પરિચિત સિંહ સાથે, રોજની જેમ, તે દિવસે ય ગેલ કરતો હતો. તેવાકમાં, બીજો એક સિંહ, આ ભણી, પેલા સિંહના ખબરઅંતર પૂછવા આવ્યો. પેલા સિંહને વાનર જોડે ગેલ કરતો જોઈ, તેને નવાઈ લાગી. પછી શેખી મારતાં મારતાં, આગંતૂક સિંહ પૂછી બેઠો : અલ્યા, ભાન પડે છે કે નહીં ? તું કોની જોડે ગેલ કરે છે ?! – વાંદરો કંઈ ગાંજ્યો જાય તેવો હતો જ નહીં. તે લાગલા બોલી ઊઠ્યો : ‘લગ્ન પહેલાં હું ‘આ’ જ હતો ! – તને કંઈ ખબર પડે છે કે ? … કે પછી … … ?

આપણે ય ક્યારેક ક્યારેક આમ કોઈનો સ્વાંગ સજીધજી, લહેરથી તીસમારખા બની જઈએ છીએ. અને પછી કેસૂડાંની કલગી, લાકડાની તલવાર, ખાખરાની ઢાલ લઈને, પેલ્લા સસ્સારાણાની જેમ, નીકળી પડીએ છીએ … ! અને આમ, ચાલો, મારા ભાઈભિરુ, જોમપૂર્વક જયઘોષ કરીએ : “બોલો, બોલો, ગર્વ સે, ‘હું વાઈન્દરો છઉં !’”

બાળપણની એક બીજી વાત પણ સાંભરે છે. દૂર દૂર વગડા વચ્ચે એક નાનકડું ગામડું હતું. તેની પાદરમાં એક કૂવો હતો. અને કૂવાના થડા પાસે એક ઘેઘૂર વૃક્ષ હતું. તે ઝાડ પરે વાંદરાંઓનું એક ઝૂંડ વસે. તેમાં એક વાનરનું બચ્ચું ય હતું. ભારે મિજાજી અને તોફાની બારકસ. તે હઠ કરે ત્યારે જોઈએ તે મેળવીને જ જંપે તેવો તાસીરો ય કરી જાણે !

પૂનમ જેવી રાત હતી. રાતવરાત તે જાગી ગયું. ચાંદો પૂરબહારમાં ખીલ્યો હતો. રૂપેરી અજવાળું ચોમેર ફેલાયેલું હતું. અને વાનર-બચ્ચાની નજર સીધી કૂવામાં પડી. તેમાં તેણે ચાંદાનું પ્રતિબિંબ ભાળ્યું. અને તેણે મોટે મોટેથી બૂમાબૂમ કરી મેલી. કહે : આકાશમાંથી ચાંદો કૂવામાં પડી ગયો છે ! ધાજો રે ધાજો !! અને તેને બહાર કાઢવાને તો તેણે હઠ પકડી ! સૌ વાનરો જાગી ગયા. તેમને ય લાગ્યું કે વાત તો સાચી છે ! એટલે ટોળામાંના એક જૈફ વાનરે નૂસખો કર્યો. કૂવા પર વૃક્ષની એક ડાળ પડતી હતી. તે પર જઈ, તેણે તેની પૂંછડી વીંટી લીધી અને પછી તે પરે તે લટકી રહ્યો. તેણે બીજાને આવી, કડી બનાવવા હાકલ કરી. એક માંકડું આવ્યું. પછી બીજું આવ્યું. પછી ત્રીજું આવ્યું. અને પછી ચોથું પણ આવ્યું. આમ એક પછી એક વાનર-કડી લંબાતી ગઈ. ધીમે ધીમે કૂવાનાં પાણીમાં પડેલા ચાંદાને કાઢવા તે સૌ કોઈ શક્તિમાન બને તે વચ્ચે હવે વહેંતનું જ માંડ છેટું હતું. ત્યાં કોણ જાણે હરખ સમાયો નહીં હોય, કે પછી, ભાભાને ભાર ખમાયો નહીં હોય ! … કોને ખબર ! તેની વળ છૂટવા લાગી અને ધબ્બ દઈને વાનરોની આ કડી જઈ પડી કૂવાનાં પાણીમાં ! ધ – બાં – ગ ધબકારો થયો અને સાથે સાથે ચાંદાનું ચાંદરડું ય ગુમાઈ ગયું !

તે વાંદરાંઓનું શું થયું તેની કોઈ જાણકારી નથી; અને કાનને દોષ છે : તેને માટે એક તપાસપંચ નીમાયું હતું, તો તેના હેવાલની હાલ રાહ જોવાય છે.

ખેર ! આપણે ય આવું આવું કરીએ જ છીએ ને ? તેથી પણ હોકારાપડકારા વચ્ચે લવવું છે : “ગર્વ સે કહો : ‘હું વાઈન્દરો છું !’”

સન ૧૯૯૭ની સાલ છે. વડોદરા નગરની વાત છે. ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’નું ૩૯મું અધિવેશન ત્યારે ત્યાં યોજાયું હતું. પ્રાધ્યાપક નિરંજન નરહરિ ભગત પ્રમુખસ્થાને હતા. સ્વાગત સમિતિના અધ્યક્ષસ્થાને હતા રાઘવજી રૈયાણી. કાઠિયાવાડી લહેકામાં, દીર્ઘસૂત્રી ભાષણ રૈયાણી સાહેબે આપેલું. તે સમૂળા ભાષણમાં એક સિંહની અને એક વાંદરાની વાત તેમણે સરસ રીતે ગૂંથી લીધેલી. સતત સાંભરતી રહે તેવી આ કથા છે, મારા સાહેબ !

પરદેશી શાસનને ભગાડી મેલાયા પછી સ્વશાસન આવ્યું છે. લોકશાહીનો ચાલ સ્વીકૃત થયેલો છે. તે અનુસાર, મુલક ભરમાં, અને પ્રાંતે પ્રાંતે, ધારાસભાઓ રચવામાં આવી છે. તેને સારુ સભાસદ થવાને હાકલ પડી છે. આવા આવા માહોલ વચ્ચે, ગિરનારના જંગલમાં એક વાંદરો અને એક સિંહ આ ચૂંટણીઓ નિમિત્ત વાતે વળગ્યા છે. બંનેએ ચૂંટણીઓ લડવાના મનસૂબા કર્યા છે. સિંહ કહે : ‘હું ધારાસભા માટે ઉમેદવારી કરું અને તું લોકસભાની ઉમેદવારી ભર !’ વાંદરો કહે : ‘ના; લોકસભા માટે તું ચૂંટણી લડ. હું ધારાસભા માટે ચૂંટણી લડવા માગું છું.’

આ ‘હું … હું’ -- ‘તું … તું’વાળી દલીલબાજી સીમા વળોટી ગઈ. બંને વચ્ચે હુંસાતુંશી થઈ બેઠી. ‘હું’, ‘તું’ની ચડસાચડસી વધી ગઈ. અને મુખ્ય પ્રધાન બનવાનાં દીવાસ્વપ્નાંઓમાં રાચનાર વાંદરાએ જોશથી સિંહને એક બૂસટ ખેંચી કાઢી ! સિંહ હેબતાઈ જ ગયો, મારા મહેરબાન. તેને ‘શું કરવું ?’ની કોઈ ગતાગમ ન રહી ! પોતાપણું આવતાં સહજ વાર થઈ. તે દરમિયાન, વાંદરો સમય વરતી, સાવધાન થઈ, ભાગી છૂટ્યો. અને પછી તેની પૂંઠે પડ્યો સિંહ. આગળ વાનર ઠેકતો ભાગે અને પાછળ સિંહ ડાફાં મારતો ધસતો જાય. આમ ને આમ, કેટલે ય દૂર બંને નીકળી ગયા.

એવામાં વાંદરાએ, ગિરના એ જંગલમાં, કેડીઓ વચ્ચે, એક ગુજરાતી છાપું દીઠું. તેની બુદ્ધિ ચમકવા લાગી. તેણે તે અખબાર હાથમાં લીધું. પડી ગયેલાં એક સૂકાભઠ્ઠ ઝાડનાં થડિયા પર એ સરસ રીતે ગોઠવાઈ ગયો અને હાથમાં ઊંધું છાપું પકડી આરામથી વાંચવાને બેઠો !

થોડીક વારે પેલો સિંહ પણ ત્યાં આવી પહોંચ્યો. તે પૂછે : ‘ભાઈ, તમે કોઈક વાંદરાને ભાગી જતાં ભાળ્યો કે ?’

વાંદરો જેનું નામ. તે તો બોલી પડ્યો : ‘ક્યો ? પેલો, જેણે એક સિંહને તમાચો ઝીંકી દીધો હતો, તે ને ?’ … સિંહને ભારે નવાઈ લાગી. આ વાંદરાને કેમ કરી, ભલા, ખબર પહોંચી હશે ? તેનો તો તેજોવધ થતો હતો. આથી તેણે પૂછપરછ આદરી. જવાબમાં વાંદરો કહે : ‘એમાં શું ? મલક આખું જાણે છે. લ્યો, તંઈ આ છાપાંમાં છપાઈ ગ્યું છે ને !’ … આ સાંભળતાં જ સિંહના તો કોઈ હોશકોશ જ રહ્યા નહીં.

આવા આવા નખરા અને નાટકચેટક આપણે, રોજેરોજ, કરતાં જ રહીએ છીએ, ને વળી ! … એટલે જ ટારઝનની પેઠે છાતી હલબલાવતાં રહી કીધાં જ કરવું છે : “ગર્વ સે કહો : ‘હું વાઈન્દરો છઉં !’”

આપણે ક્યાં ‘ગર્વ’ અને ‘ગૌરવ’ વચ્ચેનો ભેદ પણ ઉકેલવો છે ?! … અને જાણીને ય શું કરશું ? … અક્કલને ચરવા મેલી છે અને નકલને રાજાપાઠમાં બેસાડી છે ! … બસ, આપણે તો દીધાં જ કરવું છે.




ઓક્ટોબર ૨૦૧૦ દરમિયાન, નવી દિલ્હીમાં, રાષ્ટ્રકુળ રમતોત્સવનો આરંભ થયો, તે સાંભરતું જ હોય. ખરું ને ? … યાદ છે ને ? દક્ષિણ આફ્રિકાના તરણવીર રોલાન્ડ સ્કોમેને, પ્રેક્ષકોને ‘વાંદરા જેવા’ લેખાવ્યા હતા ! આ રમતોત્સવ

આયોજન સમિતિના મહામંત્રી લલિત ભનોતને દક્ષિણ આફ્રિકાના તરવૈયા રોલાન્ડ સ્કોમેનની 'વાંદરા' અંગેની ટિપ્પણ અંગે પત્રકારોએ પ્રશ્ન કર્યો. પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે બાફી માર્યું હતું : 'લોકો તો વાનરની જેમ વર્તી રહ્યા હતા.' આવું રોલાન્ડે શું કામ જણાવ્યું? – એવા બીજા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે 'હા, એ વિસ્તારમાં વાનરો છે અને અમે તેમને રમતગમતની જગ્યામાંથી બહાર હાંકી કાઢવા માટે પ્રયાસો કરી રહ્યા છીએ.'

અને ખરેખાત ! આ અવસરે આવું જ બનેલું. દિલ્હીની આસપાસ વાનરોનાં ઝૂંડ અને ઝૂંડ હરતાં ફરતાં હોય છે અને ક્યારેક લોકોને રંજાડે ય છે. શ્રદ્ધાળુ, અંધશ્રદ્ધાળુ આ વાનરોને 'હનુમાનજી'ના અનુજો લેખે છે. તેથી સત્તાવાળાઓ તેનો નિકાલ કરતાં ય ડરે છે. ક્યાંક શરાપ લાગી જાય તો ?! પરંતુ આ રાષ્ટ્રકુળની રમત એક બીજી જ વાત હતી. આબરુનો સવાલ અહીં લટકતો હતો. કોઈક અક્કલબાજને, પરિણામે, નૂસખો જડ્યો : વાનરની સામે વાનરની સેના ખડકીએ તો કેવું ? અને આમ લોઢું લોઢાને કાપે તેવો તાલ ઊભો કર્યો ! લંગૂર નામે વાનરોની સેના તૈયાર કરી અને વાનરોનાં ધાડાંને વશમાં રાખવા કમ્મર કસવામાં આવી. માનશો ? સત્તાવાળાઓ બેમિશાલ જીતમાં જ રહ્યા !

આ વાંચીને કોલિન લીડલ નામે વિલાયતના એક વાચક કહેતા હતા : આ લંગૂર વાનરની ફોજ અહીં આણીએ તો કેવું ? કમ સે કમ, આપણા સિપાઈડાઓ કરતાં તો સારું કામ બજાવશે જ બજાવશે ! પોલિસને રાખવાનો ખર્ચ તગડો થાય છે; જ્યારે આ લંગૂરિયાઓ માટે નહીંવત્ ખર્ચ થાય. … કાંઈ કહેવું છે, મારા સાહેબ, તમારે ?

ભારતના પૂર્વના પ્રાંત બિહારમાં હાલ ચૂંટણીઓ થઈ. પાટનગર પટણાથી થોડેક દૂર ચૈનપુર નામે એક ગામડું છે. ત્યાં દસેક હજાર મતદારો હોવાનું કહેવાય છે. કહે છે કે આ ગ્રામવિસ્તારમાં ૫૦૦ જેટલાં વાનરોએ ઉપાડો લીધો છે અને પાકને નુકસાન કરે જ છે, પણ લોકોને ય પારાવાર રંજાડે છે. હિંસાચાર પણ તે આદરી જાણે છે. સાંભળ્યું હતું કે જે ઉમેદવાર આ રંજાડ ખત્મ કરે તેને જ મત આપવાની વિસ્તારના મતદારોએ બાધાઆખડી રાખી હતી ! છેવટે શું થયું, તેની જાણકારી મળતી નથી. પરંતુ આ વાનરોની 'સત્તા'નો કેફ મજબૂત ભાળીએ છીએ અને શરીરમાં જોમ આવી ચડે છે; જાણે કે નવું નક્કોર શેરએક લોહી આવી ન મળ્યું હોય !

હવે, તમે જ કહો : હું લવરી કરું જ ને ?! - બોલો, બોલો; જોરથી વદો - "ગર્વ સે કહો : 'હું વાઈન્દરો છઉં !'"




ચોમેર પથરાયા, આપણા અહીંના અને તહીંના પણ, ગુજરાતી સમાજમાં, કેટલાક 'ઈષ્ટદેવો' છે. તેની સતત જપમાળા કરાતી હોવાનું આપણે અનુભવીએ છીએ. ડરના માર્યા દરબારીઓ 'ઈષ્ટદેવો'ની ચોપાસ આઘાપાછા ય થયા કરતા હોય, તેવા તેવા તાલ વકાસીને પણ જોયા કરીએ છીએ. ક્યાંક વળી, કોઈક નાથિયાડોહલા શા, આ કે તે રત્નીડોહલી શાં 'ઈષ્ટદેવ'નાં ચરણમાં ભોજલાંની કાણી માથું ઘસતાં જ લાગીએ ! … ઘસતાં ઘસતાં હવે માથે ટાલ પણ પડી ગઈ છે; અને છોલાવાનું જ હવે બાકી રહ્યું છે ! … આવા આવા તમાસા, દોસ્ત મારા, ઠેર ઠેર જોવા સાંપડીએ જ છીએ ને.

અગાઉના દિવસોમાં, મદારીના ખેલ ગામડે ગામડે અને શેરીએ શેરીએ પડતા. કેટલીક વાર તો મદારી એકાદબે ભોજલાં લઈને પણ ખેલ આદરતો. આવા ખેલને અંતે, આ ભોજલાંને, પઢાવ્યા અનુસાર, દરેકને સલામ કરવાનું, દરેકને પગે પડવાનું કહેવાતું. આમ દરેક ભોજલું, આ કે તે નાથિયાડોહલાનાં, ક્યાંક આ કે તે રત્નીડોહલીનાં ચરણમાં, પછી, માથું ઘસતું જ હોય. જ્યાં સુધી બેચાર પૈસા અંકે ન થાય, ત્યાં લગી, આમ નમનનમનના તાલ ચાલતા રહે !

આપણે ય પણ, ભોજલાંના કોઈક સ્વાંગમાં, કોઈક ભૂંગળ ભટિયાના ઈશારે, આવા આવા ખેલમાં પલોટાયા કરીએ છીએ, અને પછી, નાર્સેસિસભાવે, પોતાની જાતને અહોર્નિશ અહોભાવી લેખીએ છીએ !

… અને, તેથીસ્તો, પરિણામે, જોરશોરથી રટવું જ પડે : "ગર્વ સે કહો : 'હું વાઈન્દરો છઉં !'" …… '… … વા…ઈ…ન્દ…રો…ઓ…ઓ… … છ…ઉં…ઉં… !'

**(સંવર્ધિત આવૃત્તિ, ૩૦.૧૨.૨૦૧૦)**

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

# કોઈનો ય ધિક્કાર કરવો મને મંજૂર નથી

• જ્યોતિભાઈ દેસાઈ

ડૉક્ટર ઈઝ્ઝેલદ્દીન અબ્બુએલાઈસ પેલેસ્ટાઈનના સુખ્યાત સ્ત્રીરોગના દાક્તર છે. તેઓ સપ્તાહના અંતના દિવસો સિવાય જેરૂસલેમમાં સેવાઓ આપે છે. જેરૂસલેમમાં યહૂદી મહિલાઓ (આમ તો તે મહિલાઓની સરકાર આ પેલેસ્ટાઈન વિરુદ્ધ યુદ્ધ જ ચલાવે છે.) તો આ ઈઝ્ઝેલદ્દીન પર જ વિશ્વાસ અને આદર ધરાવે છે. વિશેષ ઉચ્ચવર્ગીય મહિલાઓ તેમના સિવાય બીજા કોઈ ડૉક્ટરનું માર્ગદર્શન લેવાનું પસંદ કરતી જ નથી.



ઈઝ્ઝેલદ્દીન અબ્બુએલાઈસ અને દીકરો અહમદ

ગાઝા પટ્ટીનો પ્રદેશ ઈઝરાયેલે દુનિયાથી અલગ પાડવાનો દુરાગ્રહ રાખ્યો છે. ત્યાં જતી વીજળી, ત્યાં જતું પાણી, એવી બધી સુવિધાઓ ઉપર બંધનો લાદ્યા છ અને એવો ઘેરો ઘાલ્યો છે કે કોઈ એ વિસ્તારની બહાર જઈ જ ના શકે. એનું કારણ એ છે કે 'હમાસ' નામની ઈસ્લામી પક્ષને ત્યાંના લોકોએ સમર્થન આપીને ચૂંટણીમાં વધુ મત આપીને જિતાડ્યો છે. એ પક્ષ કટ્ટરપંથીઓના વર્ચસ્વવાળો છે તેમ જ અમેરિકન સમર્થિત મહમૂદ અબ્બાસનો વિરોધ કરનારો છે.

ડૉક્ટર ઈઝ્ઝેલદ્દીન ગાઝા પટ્ટીમાં રહે છે અને ત્યાંથી જેરૂસલેમ આવ-જા કરે છે. તેઓની ખ્યાતિ જ એવી છે કે સરહદ પરના યહૂદી સૈનિકો કે અધિકારીઓ તેમને આવકારતા જ હોય છે. આમ તેઓ યહૂદીઓ અને પેલેસ્ટાઈનવાસીઓ વચ્ચેની પ્રેમની કડીરૂપ બનેલા અજોડ દાક્તર છે.

બે વર્ષ પહેલાં, ૨૦૦૮માં, તેમનાં પત્ની 'લ્યુકોમા' જેવા જીવલેણ લોહીના કેન્સરથી અવસાન પામ્યાં હતાં. આથી ડૉક્ટર ઉપર તેમની સાતે દીકરીઓની સારસંભાળ અને ઉછેરની જવાબદારી ઉપાડવાનું સહજ આવી પડ્યું. તેથી જ તેઓ નિયમિત રીતે દર સપ્તાહના અંતે જેરૂસલેમથી ગાઝા પટ્ટીના તેમના ગામે જઈ જ આવે તેવું ગોઠવ્યું છે.

ઈઝરાઈલ પેલેસ્ટાઈન પર દુશ્મનાવટ રાખીને અવારનવાર બૉંબમારો કરતું રહે છે, તેમાં ડૉક્ટરના ઘર ઉપર એવા જ એક હુમલામાં બૉંબ પડ્યો. ડૉક્ટર ત્યારે ઘરમાં જ હતા. એમની ત્રણ દીકરીઓ પડખેના ઓરડામાં હતી. એક ભત્રીજી પણ આવેલી હતી. બૉંબ પડતાં જ જે ધડાકો થયો તે આ દીકરીઓ હતી તે ઓરડા ઉપર જ બૉંબ પડેલો. ડૉક્ટર ત્યાં દોડી ગયા. સામે જે ચિત્ર ઊભું હતું તે તેમનાથી સહન તાય તેમ જ ન હતું. બૉંબ પડ્યે જતા હતા અને તેમની દીકરિઓના શરીરો, ભત્રીજી બધાં ય તેમાં હોમાઈ રહ્યાં હતાં.


આ હતપ્રભ કરનારા દૃશ્યની વાત તેમને તેમના મિત્રને ફોન કરી સંભળાવવા માંડી, અને 'ભાઈ સા'બ ! આ રોકો ! અમે કોઈ દુઃશ્મનો નથી !' એમ કહેતાંક જે સામે અરેરાટીભર્યું જોવું પડતું દૃશ્ય હતું તેનું વર્ણન ડૉક્ટર કરવા લાગ્યા. એમનો મિત્ર તો ટેલિવીઝન કેન્દ્રમાં હતો તેથી ડૉક્ટરની રજૂઆત સીધી જ 'લાઈવ' ટી.વી. ઉપર સંભળાવવા માંડી. આથી જ આખા ઈઝરાઈલમાં હાહાકાર મચી ગયો. આ સીધું પ્રસારણ ત્યારના ઈઝરાઈલી પ્રધાન મંત્રી એરૂડ ઓલ્મર્ટે પણ સાંભળ્યું અને એવા તો તેઓ ડગાયા કે તેઓની આંખોમાંથી પણ અશ્રુધારા વહેવા માંડી. ('માનો તો આપના ડૉક્ટર ઈઝ્ઝાની દીકરીઓની હત્યા થઈ રહી છે ! મારા જ દેશની મિલિટરીના બૉંબમારાથી !') એમને તરત આ બૉંબમારો અટકાવવાનો આદેશ આપ્યો. તે વખતનું યુદ્ધ અટકાવવામાં બે દિવસ નીકળી ગયા. આ દુર્ઘટના ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૯ના થયેલી, તેના બે માસ પહેલાં જ ડૉક્ટરનાં પત્નીનું અવસાન થયેલું.

સમગ્ર પરિસ્થિતિ ઈઝરાઈલના જનસામાન્ય સમક્ષ આ ટી.વી.ના પ્રસારણથી સુસ્પષ્ટ થઈ કે નિર્દોષ એવા અને આપણી સેવા કરનારા પરિવારોને પણ નાબૂદ કરવામાં યુદ્ધ ખેલાઈ રહ્યું છે. આમ ઈઝરાઈલના દુષ્કૃત્યોભર્યા યુદ્ધની પોલ ખુલ્લી પડી ગઈ.

જ્યારે ડૉક્ટરને પછીથી પૂછવામાં આવ્યું કે, 'આ વિષે તમારે શું કહેવું છે ? તમને ધિક્કારની ભાવના નથી જન્મતી ?" ડૉક્ટરે કહ્યું, 'માનવી માનવીને ધિક્કારે એ વાત જ ગેર છે. કોઈનો ય ધિક્કાર કરવો મને મંજૂર નથી.'

'તમારી ત્રણ ત્રણ દીકરીઓ હોમાઈ ગઈ છતાં તમને ગુસ્સો નથી આવતો ?'

'અરે બાઈ ! ગુસ્સો તો આવે જ ને ! એ સ્વાભાવિક પ્રક્રિયા થઈ જતી હોય છે. છતાં તે શાંત પાડી શકાય છે, પરંતુ ધિક્કારવું એ તો જબરું ઝેર છે ઝેર; જે ટાઢું પડતું નથી અને મનને બાળ્યા જ કરે છે. એનાથી તો માનવતા જ મિટાવી દેવાય છે. આવું દુર્ગમ સંકટ શાંતિથી સહન કરવાથી અને તેનું રચનાત્મક સ્વરૂપ પ્રગટાવવામાં જ માનવતા રહેલી છે.




તે ભાવથી જ ડૉક્ટરે 'આઈ શેલ નોટ હેઈટ' નામનું પુસ્તક લખ્યું છે. જેમાં પ્રેમ અને અમન - શાંતિનો સંદેશ ફેલાવવાની રજૂઆત કરી છે. તેઓના આ પુસ્તકને અમેરિકા અને કેનેડામાં જબરજસ્ત આવકાર મળ્યો છે અને જોતજોતામાં તેર ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. આથી તેમને જે આર્થિક લાભ થયો છે તે બધું જ ધન તેમણે મધ્યપૂર્વની બહેનો અને બાળકોનાં શિક્ષણ અને આરોગ્ય માટે સમર્પિત કરી દીધું છે. 'મારી દીકરીઓનું સાચું સ્મારક તો શિક્ષણ અને આરોગ્ય પ્રદાન કરવાનાં કામથી જ કરી શકાય ને !' એમ તેમણે જાહેર કર્યું.

જાન્યુઆરી, ૨૦૧૧માં જયપુરમાં જે આંતરરાષ્ટ્રીય લેખક મિલન થયું તેમાં ડૉક્ટર આપને ત્યાં ભારત આવ્યા હતા. ત્યાં તેમના ઉદ્દબોધનમાં તેમણે કહેલું, 'યુદ્ધ કરનારાઓ આવી હત્યાને અકસ્માત લગોલગ [collateral] હોવાથી અહેતુક ગણાવી દે છે, પરંતુ આપણે તેમાંથી ધિક્કારવાનું ક્યારે ય ન વિચારવું જોઈએ. પેલેસ્ટાઈનના માનવો પણ માણસો જ છે. એમની ઇચ્છા પણ બધાં માનવોની જેમ જ સ્માનપૂર્વક અને મુક્ત રીતે જ જીવવાની હોય ને ! હકીકતે દોષિતોને ધિક્કારવાનું ક્યારે ય વિચારવું ન જોઈએ. પાપી નહીં, પાપ જ ગલત છે. યહૂદીઓ અને પેલેસ્ટાઈનીઅનો તો ભગવાને જ જોડે મૂક્યા છે અને સાથે જ જીવવા - મરવાનું વિધિએ મેળવી આપ્યું છે. એટલે જ પરસ્પર પ્રેમ ફેલાવતા રહેવું જરૂરી છે.'

ડૉક્ટકર જે સચ્ચાઈપૂર્વક અપીલ કરી રહ્યા હતા તેથી ઉપસ્થિત સેંકડો લોકોની આંખો આંસુઓથી છલકાતી રહી. **'મિત્રો ! તમારા આપ્તજનો સાથે વધુ સમય આપવાનો નિર્ણય કરજો, પ્રેમ કરજો, ચુંબન કરજો ! પછી કરીશ એમ ન વિચારશો. આવતીકાલ પર ન ઠેલશો, કારણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે !'**

("ગાર્ડિયન વિકલી" તથા 'ધ હિન્દુ" સાપ્તાહિક આવૃત્તિના અહેવાલો પરથી રજૂઆત)

**(સદ્ભાવ : "બિરાદર", માર્ચ ૨૦૧૧)**

(વેડછી - ૩૯૪ ૬૪૧, સુરત જિલ્લો, ગુજરાત, ભારત)

# એવા રે અમો એવા રે ...


• પ્રકાશ ન. શાહ

**ગાંધીજીના અક્ષરદેહના અક્ષત્ પાવિત્ર્યનું દાયિત્વ કોનું : સદ્‌ગત જિતેન્દ્ર દેસાઈ છેલ્લે છેલ્લે 'નવજીવન મ્યુઝિયમ'ની રીતે વિચારતા હતા, એમાં આનો એક ઉત્તર હોઈ શકે.**

•

રહો, જોસેફ લેલિવેલ્ડ અને એમની ગાંધી કિતાબ આસપાસ થોડીએક વાતો ઘડીક રહીને કરીશું. શરૂઆત તો કરીશું ઘરઆંગણાના બે'ક પ્રતિભાવોથી. ના, બે પ્રતિભાવ નહીં પણ કદાચ એક પ્રતિભાવ અને એક પ્રતિક્રિયાથી. વૈચારિક ગુંજાશમોકળાશે ભર્યા ધોરણસરના શાસનની રગ ન હોય તો સહેલો અને સસ્તો રસ્તો પ્રતિબંધ ફરમાવીને છાકો પાડી દેવાનો છે. એમાં પણ જસવંતસિંહની કિતાબ ઉપર વણવાંચ્યે પ્રતિબંધ ફટકારવાના તાજેતરના દાખલા પછી, કેમ કે એક વાર સરદારની ભેર તાણીએ તો ગાંધીની યે તાણવી પડે. આ થઈ પ્રતિક્રિયાની વાત.

કેન્દ્ર સરકાર પણ આ કિસ્સામાં ગુજરાત સરકારવાળી કરે તો નવાઈ નહીં એવું કાયદાપ્રધાન મોઈલીના આરંભિક પ્રત્યાઘાતો પરથી લાગતું હતું. પણ હમણાં તો કેન્દ્ર સરકારે પ્રતિબંધથી પરહેજ કરવાનો વિચાર કીધો જણાય છે, અને એ ઠીક જ થયું છે. રૂડો પ્રતિભાવ તો જો કે ગાંધીજીના પૌત્ર અને પશ્ચિમ બંગાળના પૂર્વરાજ્યપાલ ગોપાલકૃષ્ણ ગાંધીનો છે. એમણે કહ્યું છે કે વિચાર અને વિગતોની ચર્ચા હોય, બુલડોઝરી નહીં.




એક મુક્ત અને પુખ્ત લોકતંત્ર તરીકે તેમ જ ખુલ્લા સમાજને નાતે સ્વાભાવિક જ જે રીતે વિચારવું જોઈએ એ રીતે ગોપાલકૃષ્ણે વાત મૂકી છે. પણ તે સાથે એમણે કરેલો એક મુદ્દો આખી ચર્ચાને ગુણાત્મકપણે આગળ લઈ જનારો છે. એમણે કહ્યું છે કે ગાંધી જેવા આખા જમાનાને સ્પર્શી ગયેલા જીવનને સારુ તપાસ અને અભ્યાસ વાસ્તે અવકાશ અને કારણ બેઉ છે. એમાં ય આ માણસ પાછો એવો મજાનો છે કે આવી દરેક તપાસને માટે તમે સુવાણ અનુભવી શકો એવી દસ્તાવેજી સામગ્રીની છલ્લંછલ્લા પોતે જ જોગવતો ગયો છે.

એક વાર ગાંધીચરિત્રની આ અનુપમ વિશેષતા લક્ષમાં આવે તો, બને કે, આપણી સમજને સાફ કરવામાં ને સંકોરવામાં કીમતી કુમક મળી રહે. પુલિટ્ઝર-પુરસ્કૃત લેલિવેલ્ડે, હજુ ભારતમાં સુલભ નહીં થયેલી આ કિતાબમાં ગાંધીજીને 'વંશવાદી' અને 'સજાતીય' ચીતર્યા હોવાની છાપ (લેલિવેલ્ડના સત્તાવાર ઇનકાર છતાં) "વોલ સ્ટ્રીટ જર્નલ"માં એન્ડ્ર રોબર્ટ્સની સમીક્ષા પરથી પડે છે.

દક્ષિણ આફ્રિકામાં કુલી બેરિસ્ટર ગાંધીભાઈની લડત બ્રિટિશ હિંદના નાગરિકને નાતે ત્યાંના સૌ ભારતીયો માટે હતી. પોતે જે રાજના નાગરિક હતા તેના ધોરણે કાયદાનું રક્ષણ એ માગતા હતા. એમનું લડવાનું આ અર્થમાં આરંભે સીમિત હતું, પણ એ ક્રમશઃ એવું વિકસતું ગયું કે સ્થાનિક વતનીઓને પણ એમાં મુક્તિનો માર્ગ દેખાયો. નેલ્સન મંડેલા સહિતની સાહેદી આ બાબતે આપણી કને છે.

પણ ગંભીર હોઈ શકતું તોફાન અલબત્ત એમને સજાતીય સંબંધો ધરાવતી વ્યક્તિ તરીકે ઉપસાવવાનું છે. વાત સાચી કે જર્મન યહૂદી કેલનબેક સાથે ગાંધીની નિકટની મૈત્રી હતી. વત્સલ ગુરુની એના પ્રથમ શિષ્ય અને સાથી માટે હોઈ શકે એટલી ઉત્કટ ને ભાવસઘન આ મૈત્રી હતી. કુટુંબના સભ્ય અને નિકટના કાર્યસંગી મગનલાલ ગાંધીનું નિધન થયું ત્યારે ગાંધીજીની લાગણી 'હું રાંડ્યો' એવી હતી. કાર્ય મૈત્રીસંબંધની આવી ઉત્કટતા, ગાંધીના જીવનમાં કેટલી બધી મહિલાઓ સાથેય હશે, ન જાને.

ભારતના કેન્દ્રીય કાયદા પ્રધાન વીરપ્પા મોઈલીએ કહ્યું છે કે મહાત્મા ગાંધીના જીવન પર આધારીત નવા પુસ્તક પર પ્રતિબંધ મુકવાનું કોઈ કારણ દેખાતું નથી. તેમણે કહ્યું હતું કે લેખકે સ્પષ્ટતા કરી છે કે ગાંધીજી સંદર્ભે વિવાદીત વાતો પુસ્તકને ટાંકીને કહેવામાં આવી રહી છે, તે પુસ્તકમાં નથી.

આ પુસ્તક પુલિત્ઝર એવોર્ડ વિજેતા "ન્યૂયોર્ક ટાઈમ્સ"ના ભૂતપૂર્વ તંત્રી જોસેફ લેલીવેલ્ડે લખ્યું છે. મોઈલીએ કહ્યું હતું કે 'ધ ગ્રેટ સોલ : મહાત્મા ગાંધી એન્ડ હિઝ સ્ટ્રગલ વિથ ઈન્ડિયા'ના લેખકનું કહેવું છે કે આ સમીક્ષકોએ પોતાની તરફથી અર્થ કાઢીને લખ્યું છે. તેમના પુસ્તકમાં આવી કોઈ વાત નથી. માટે હાલ પૂરતો તેના પર પ્રતિબંધ લગાવવાનો સવાલ જ ઉઠતો નથી.

બ્રિટિશ મીડિયામાં પુસ્તકની સમીક્ષા અને તેના અંશ પ્રકાશિત થયા હતા. તેમાં તેમણે મહાત્મા ગાંધીના ચરિત્ર પર આંગળી ચિંધીને કહ્યું હતું કે તેઓ ઉભયલિંગી (બાયસેક્સ્યુઅલ) હતા. લેખકે સ્પષ્ટતા કરી છે કે તેમણે એ નથી લખ્યું કે મહાત્મા ગાંધીના પુરુષ પ્રેમી હતા. પરંતુ એ જણાવ્યું છે કે તેઓ એક પુરુષ સાથે રહેતા હતા. તેમણે એમ પણ દાવો કર્યો છે કે તેમણે લખ્યું છે કે તેમણે જૂના દસ્તાવેજોના આધારે લખ્યું છે.

મહારાષ્ટ્ર સરકાર અને ગુજરાત સરકારે આ પુસ્તક પર પ્રતિબંધ લગાવી દીધો છે. તેમણે કેન્દ્ર પાસેથી એવું જ કરવાની માગણી કરી છે. પરંતુ હવે કેન્દ્રના ઈન્કાર બાદ આ મામલો ચગે તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

પ્યારેલાલના યાદગાર શબ્દોમાં ગાંધીજીનો આશ્રમ, એક દીવાલો વગરની દુનિયા સરખો હતો. સ્ત્રી કે પુરુષ સાથી મસાજ કરે અને તે સાથે મુલાકાતીઓનું મળવાનું, આવવાજવાનું એમ કાર્યદોર પણ જારી રહે. નવાખલીના દિવસોમાં એમના બ્રહ્મચર્યના પ્રયોગો પણ આમ જ ખુલ્લામાં ચાલતા. મને યાદ છે, એક વાર આ સંદર્ભમાં આર્થર કસ્લરની કશીક ટિપ્પણી "ઈમ્પ્રિન્ટ"માં પ્રગટ થઈ ત્યારે દાદા કૃપાલાણીએ બંગાળમાં તે દિવસોમાં સુચેતાજી પણ હતાં એનો હવાલો આપી ગાંધીજીની પારદર્શી જીવનશૈલીનો ખયાલ આપતો પત્ર મારી પાસે લખાવ્યો હતો.

કાર્યસાથી, શિષ્ય, અનુજ, સહકાર્યકર સૌ સાથે લિંગનિરપેક્ષ મૈત્રી હોવી અને ખુલ્લું જીવન જીવવું એ આ મહાત્માનો વિશેષ હતો, અને લગભગ પ્રથમ શિષ્ય એવા કેલનબેક પર એ અઢળક ઢળ્યા હતા. જે નાનકડા નકો નકો ચોગાનમાં આ લખનારે ઘોડો ખેલવવાનો છે એમાં વધુ વિગતોમાં નહીં જતાં એટલું જ કહેવું બસ થશે કે સંપૂર્ણ ગાંધી વાઙ્‌મય ('કલેકટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી')માં યથાસંભવ એકોએક અક્ષર સચવાયેલો છે અને લેલિવેલ્ડ કે બીજાઓએ ખાસ લાંબે જવાની જરૂર પડે એમ નથી.

માત્ર, એ વાંચવા માટે ગાંધીજીવન અને ભારતીય પરંપરાની બુનિયાદી પશ્ચાદ્‌ભૂ જોઈએ જેથી ગાડી ભળતે પાટે ન દોડવા માંડે. એકોએક સેકંડની અક્ષરનોંધની હદે ખુલ્લું જીવન જીવનાર વિશેની આ ચર્ચા સમેટતાં અનિવાર્યપણે માથું ઊંચકતો મુદ્દો આ શબ્દોની એમના પાવિત્ર્યપૂર્વક જાળવણીનો છે. 'કલેકટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી'ની પહેલી આવૃત્તિ સાથે એન.ડી.એ. કાળમાં થયેલ તોડમરોડ બાબત ગાંધીસંસ્થાઓ ને ગાંધી સ્કોલરો શરૂશરૂમાં ઊંઘતાં ઝડપાયાં હતાં એ દુર્દૈવ વાસ્તવ છે.

આજે તો પૂર્વવત્ કોપીરાઈટ પણ નથી - અને કમાણી નહીં કરવાના સીમિત અર્થમાં એ ઠીક જ છે - પણ ગાંધીજીના અક્ષરદેહ અને એકંદર 'ગાંધિયાના'ના અક્ષત્ પાવિત્ર્યનું દાયિત્વ કોનું. સદ્‌ગત જિતેન્દ્ર દેસાઈ છેલ્લે છેલ્લે નવજીવન મ્યુઝિયમની રીતે વિચારતા હતા, એમાં આનો ઉત્તર હોઈ શકે? ગમે તેમ પણ, નાગરિકની દોટ કેટલી. એ ક્યાં જુએ, સિવાય કે નવજીવન, વિદ્યાપીઠ ને આશ્રમ સંગ્રહાલય જેવાં ઠેકાણાં ભણી.

**(સદ્‌ભાવ : "દિવ્ય ભાસ્કર", ०४.०४.२०११)**

e.mail : prakash.nirikshak@gmail.com

# એક ‘ઈન્ડિયન’ના ખાટ્ટા મીઠા અનુભવો

• આશા બુચ

હીથ્રો હવાઈ અડ્ડા પર પહેલી વાર પગ મૂક્યાને બત્રીસ વર્ષનાં વ્હાણાં વાયાં એટલે સહેજે કેટલાક અનુભવો સાંભર્યા છે તે સહુને કહેવાનું મન થયું.

શરૂઆતનાં ચાર વર્ષો લંડન, ઓલ્ડહામ, સ્કોટલેન્ડ અને લીવરપુલ જેવાં સ્થળોએ ભ્રમણ કરીને છેવટ માન્ચેસ્ટર આવ્યાં. ત્યાં સુધીમાં જુદી જુદી બોલીઓ અને લોકોના વિવિધ્ સંબંધોથી માંડીને સહજ વર્તનની ભાતોનો અનુભવ લીધો.



સાચું કહું? આ દેશ માટે ‘આ મારું પણ ઘર છે’ એવી લાગણી થવા લાગી, તેવામાં એક દિવસ એ લાગણી પર આઘાત થયો. ઉનાળાના દિવસો વિદાય લેતા હતા અને હજુ શાક-ભાજી થોડાં સસ્તાં મળશે એવી અપેક્ષા હતી. એક માર્કેટમાંથી શાક લીધું, મેં મારા પતિને કહ્યું, ‘આ કેટલું મોઘું છે, નહીં?’ તરત પેલો શાક વેંચનારો ગરજ્યો, ‘Go back to where you came from.’ મને થયું, હું જઈશ તો પણ લંડન, ઓલ્ડહામ, સ્કોટલેન્ડ કે લીવરપુલ જઈશ.

ખેર! થોડા દિવસો પછી મારા દીકરાની ઉંમરનાં બાળકો સાથે એ રમી શકે તે માટે તેને લઈને મધર-ટોડલર્સ ગ્રૂપમાં જવા લાગી, તો ત્યાં આવતી બહેનો પૂછવા લાગી, ‘Would you like to go back home?’ મને કહેવા દો કે હજુ આજે ત્રણ દાયકા પછી પણ એ પ્રશ્ન પૂછાય છે. પેલા શાકવાળા અને આ ભણેલા લોકોના પ્રશ્નોમાં વપરાયેલી ભાષાનો જ તફાવત છે અને એક જ લાગણી જરા મને ખૂંચે નહીં એ રીતે દર્શાવાય છે એવી વિમાસણ થાય ખરી.

અમારા પડોશી મૂળે સ્કોટલેન્ડના, અને વર્ષોથી માન્ચેસ્ટરમાં કામ કરીને નિવૃત્ત થયેલા. એક દિવસ વાત વાતમાં મને કહે, ‘આપણને આ ઈંગ્લિશ લોકો બહુ ન ગમે કેમ?’ મને થયું, આ મને સ્કોટીશ કેમ માનવા લાગ્યા? પછી ખબર પડી કે એ લોકોને અંગ્રજ નહીં તે બધાં પોતાનાં લાગે! તો વળી બીજી તેનાથી તદ્દન વિરોધી અનુભવ સાંભળો. અહીંની એક શાળામાં હું શિક્ષિકા તરીકે કામ કરું. ત્યાં મોટા ભાગનાં બાળકોનાં માં-બાપ મૂળે પાકિસ્તાન કે બાંગ્લાદેશથી આવેલાં. કોઈ વખત વરસમાં ચાર-છ મહિના પોતાને દેશ શાળાની પરવાનગી લીધા વિના જતાં રહે, વળી બીજા ઘણા નિયમોનું ઉલ્લંઘન પણ કરે તેથી મારે દુભાષિયા તરીકે એમને આમ ન કરવા કહેવું પડે. ત્યારે એ લોકો મને એમ કહેતાં કે ‘તમે તો પાકિસ્તાની લોકોની પાછળ પડી ગયાં છો.’ મારે સમજાવવું પડતું કે હું તમારાં બાળકોનાં સારાં ભણતર પાછળ પડી ગઈ છું.

શરૂઆતમાં મારા પુત્રના મિત્રનાં મા-બાપ સાથે ઓળખાણ થાય પછી ‘ઇન્ડિયામાં ફર્નીચર હોય?’ કે ‘When is it your Christmas like thing?’ (દિવાળી) એવા પ્રશ્નો પૂછાતા. ધીરે ધીરે શાળામાં અને અન્ય પ્રવૃત્તિઓમાં હું વધુ ભાગ લેતી થઈ. એક વખત મને ‘ઈન્ડિયન ડે’ ઉજવવામાં આગેવાની લેવાનું આમંત્રણ મળ્યું. બધાં બાળકો, તેમનાં માતા-પિતા અને શિક્ષિકાઓએ હોંશે હોંશે ભારતીય ઢબનાં કપડાં પહેર્યાં, મારાં માર્ગદર્શનથી આપણી કલાના નમૂના બનાવ્યા. જયારે મિજબાનીનો સમય થયો ત્યારે બધાં વડીલો ડીશમાંની વસ્તુઓ સીધી પોતાનાં મોઢામાં પધરાવવા લાગ્યાં એટલું જ નહીં પણ મને પણ એમાં જોડાવા આમંત્રણ આપ્યું. ત્યારે મારે સ્પષ્ટતા કરવી પડી કે ભારતીય હોવા માટે માત્ર સાડી પહેરવી, સમોસાં ખાવાં કે નમસ્તે કહેવું જ પૂરતું નથી, પણ તમારે પહેલાં નાનાં બાળકો, પછી મહેમાનો અને વડીલોની સરભરા કરતાં શીખવું જોઈએ અને પોતાની જાતની સાવ સેવા છેલ્લે કરવાનું વલણ કેળવવું જોઈએ. તેઓ બધાંએ મારું સૂચન સ્વીકાર્યું અને સરસ મજાના નાસ્તા સામે આતુરતાથી તાકી રહેલાં ભૂલકાંઓને પહેલાં પીરસવાથી તેમના મોઢા પર દેખાયેલા આનંદની મજા એમણે પણ માણી.

હમણાં એક હેલ્થ સેંટરમાં હું કામ કરું છું. એક દર્દીને ડાયાબિટીસ છે તેથી લોહીમાંની શર્કરાનું પ્રમાણ તપાસવા આવવા ફોન કર્યો અને કહ્યું કે તમારે ફાસ્ટીંગ બ્લડ આપવા વહેલું આવવું પડશે; અને સવારે કશું ન ખાતા. એ બિરાદર મારા પર એકદમ નારાજ થઈને કહે, ‘તું મને ઉપવાસ કરવાનું કહે છે? કોઈ ગોરી વ્યક્તિને ફોન આપ, હું તારા દેશના નિયમનું પાલન નથી કરવાનો.’ મને આશ્ચર્ય એ વાતનું થયું કે એને મારું નામ નથી ખબર, મારો ચહેરો નથી જોયો તો એને કેવી રીતે ખબર પડી કે હું બીજાં દેશની છું?

એ જ હેલ્થ સેન્ટરમાં એક સારો અનુભવ થયો. એક દર્દી મને જોઈને કહે, ‘તમે ડોક્ટર છો ને?’ મેં કહ્યું, ‘હું ના કહીશ તો તમે નિરાશ થશો?’ એટલે એ પોતાની સાથે આવેલી બહેન તરફ ફરીને કહે, ‘આ ડોક્ટર જ છે ને?’ એમના આ પાક્કા અનુમાન પાછળનું કારણ પૂછ્યું તો કહે, ‘આ તમારો ચાંલ્લો જોઈને કહી દઉં કે તમે જરૂર ડોક્ટર છો’

એક વખત હું મારા બન્ને દીકરાઓ સાથે દાંત સાફ કરાવવા ગઈ. મને જોતાં જ એ ડેન્ટિસ્ટ કહે, તમારા ખોરાકને કારણે તમારા દાંત પર જલદી છારી વળી જાય. મને થયું, આ બહાર બેઠાં છે એ વીસેક જણા મારા જેવો ખોરાક નથી ખાતા અને એમને તો ઘણા પ્રશ્નો છે. વળી પોતાનું કામ પત્યે મને કહે તમારા બધાના દાંત બહુ સારા છે! તો પહેલું વાક્ય બોલતાં પહેલાં જરા રાહ જોઈ હોત તો? અરે, એક બાળકોના નિષ્ણાત ડોક્ટરે તો ભારે કરી. મારા નાના પુત્રના પગ એ ચાલતાં શીખ્યો ત્યારે વળેલા લાગ્યા એટલે એને એ બાળ નિષ્ણાત પાસે લઈ ગઈ. હજુ તેના પગ જોયા નહોતા, એક્સ-રે લીધો નહોતો અને મને કહે, ‘મને કહેવા દે, તું એશિયન છો, ભણેલી છો અને ડોક્ટર પણ છો બરાબર?’ મેં કહ્યું ‘હું ડોક્ટર નથી.’ તો તરત કહે, ‘તારો પતિ ડોક્ટર હશે અને તમે શાકાહારી હશો, હું કેટલાં વર્ષોથી તમારા જેવાને કહેતો આવ્યો છું કે મહેરબાની કરીને તમારો ખોરાક સુધારો!’ એક્સ-રે જોયા પછી થોડા શાંત પડીને મને કહે, ‘તારા દીકરાને થોડી રીકેટ્સની અસર હતી, હવે સાવ સારું છે.’ આટલું ભણેલા અને અનુભવી લોકો પણ પૂર્વગ્રહથી મુક્ત નથી હોતા એનું ભાન થયું.

અમે જહોન લુઈસ નામના પ્રતિષ્ઠિત સ્ટોરમાં મારી મિત્રના દીકરાના લગ્ન નિમિત્તે ભેટ માટેની યાદી જોવા ગયાં. મને જોતાંની સાથે સ્ટોરમાંની બહેન કહે, ‘No offence, but can you write the surname you want to search for the groom and the names of the people who wants to give the gift?’ મને થયું, મારો ચહેરો જોઈને એને કેવી રીતે ખાતરી થઈ કે અમારી અટક અને નામ લખતાં એને નહીં જ આવડે? અરે, મજા તો ત્યારે આવી કે એક દિવસ હું સ્કાન કરાવવા ગઈ, પેલી ટેકનીશિયને મારા નામની હાકલ કરી, ‘આયશા?’ મારાથી સ્વાભાવિક પણે કહેવાઈ ગયું, ‘આશા’. એ સન્નારી ઉવાચ, ‘મને હતું જ કે હું ભૂલ કરીશ.’ મેં કહ્યું, ‘મને એમ કે આશા એ સહેલું નામ છે.’ એટલે કહે, ‘બાય ધ વે, મારું નામ ડેબી છે.’ જેલી લગાડેલા પેટ પર ભમરો ફરતો રહ્યો તેની સાથે મારું મગજ પણ ભમતું રહ્યું અને મનમાં ‘આશા, ડેબી, આશા, ડેબી’-નું રટણ ચાલતું રહ્યું, પણ ડેબી કરતાં આશા નામ કેમ અઘરું લાગે તેનો ઉકેલ ન મળ્યો.

એક ગુજરાતી કુંવર એક અંગ્રેજ કન્યાને પરણ્યો તેને આશીર્વાદ આપવા લગ્ન સમારંભમાં ગયાં. એક જ ટેબલ પર બન્ને પક્ષના લોકો બેઠેલાં. મારી જમણે વરની માની બહેનપણી, નામે જયશ્રીબહેન દવે હતાં. એમની સાથે જેટલી વાર ગુજરાતીમાં બોલી તેટલી વાર અંગ્રેજીમાં જવાબ મળ્યો. એમણે મારા દીકરાને પૂછ્યું, ‘Can your mum speak English?’ મને ખ્યાલ આવ્યો કે આ સન્નારીને માતૃભાષાનો મહાવરો છૂટી ગયો હશે એટલે મેં ભાંગી તૂટી અંગ્રેજીમાં વાર્તાલાપ માંડ્યો, તો સામેથી ગુજરાતીમાં જવાબ મળ્યો! એ જ પ્રસંગે કન્યાના પીઢ અને માલેતુજાર એવા કાકા અમારી સાથે વાતે વળગ્યા. છૂટા પડતાં પૂછ્યું, ‘તમે માન્ચેસ્ટર એકલાં જશો? ભારે હિંમતવાળાં છો!’ ઘડીભર તમે કઈ સદીમાં જન્મેલા છો એમ પૂછવાનું મન થયું, પણ તે વિવેકની મર્યાદા બહાર લાગશે માનીને મૌન ધારણ કર્યું.

# ઔર ભી દુઃખ હૈ જમાને મેં મુહબ્બત કે સિવા

**તેઓ એશિયાના સર્વપ્રથમ શાયર હતા, જેમને લેનિન પુરસ્કારથી નવાજવામાં આવ્યા. તેઓ લેક્ચરર, સૈનિક, સંપાદક, નાટ્યકાર અને સમાજસેવક હતા તથા એમણે ફિલ્મોનાં ગીતો અને સંવાદ પણ લખ્યાં. ૧૯૫૧માં લિયાકત અલી ખાંનું શાસન ઉથલાવવાના ષડયંત્રમાં એમની ધરપકડ થઈ. ફૈઝ અહમદ ફૈઝે ચાર વર્ષ, એક મહિનો, ૧૧ દિવસ કારાવાસની યાતના ભોગવી, લગભગ ત્રણ મહિના એમને એકાંતવાદની સજા થઈ. પત્ની-બાળકો, દોસ્તો, સંબંધીઓને મળવાનું તો બાજુએ રહ્યું, તેમને કલમનો ઉપયોગ કરવાની પણ મનાઈ હતી. ફૈઝની મોટાભાગની નઝમો જમાના-એ-કૈદની યાદમાં લખાયેલી છે. ૧૯૧૧ કે ૧૯૧૨ની ૧૩મી ફેબ્રુઆરીએ જન્મેલા ફૈઝ અહમદ ખાં ઉર્ફે ફૈઝ અહમદ ફૈઝની કથા એમના જ સ્વમુખે ...**



ફૈઝ અહમદ ફૈઝ

મારો જન્મ સિયાલકોટના કાલા કદરમાં. જન્મદિવસની મને જ ખબર નથી. સ્કૂલના કાગળોમાં ક્યાંક ૧૯૧૧ની તો ક્યાંક ૧૯૧૨ની સાત જાન્યુઆરી નોંધાયેલું છે. મેં સાંભળ્યું છે કે એ જમાનામાં સ્કૂલોમાં નોંધાવવામાં આવતી જન્મતારીખો મોટે ભાગે બનાવટી રહેતી. માણસ ફલાણી ઉંમરે મેટ્રિક પાસ થશે તેની ગણતરી કરીને તે પ્રમાણે અડસટ્ટે કોઈ પણ તારીખ લખી નાખવામાં આવતી. વળી, અંગ્રેજ સરકારની નોકરી મેળવવા ઉમ્મર નાની હોવી જોઈએ. મેં હમણાં જ એક દોસ્તને ફરમાઈશ કરી કે સિયાલકોટ નગરનિગમના જન્મના રેકોર્ડની ઈન્દ્રજાળ ભેદીને સાચી તારીખ જાણવાની કોશિશ કરે. એની તપાસ મુજબ નગરનિગમના કાગળોમાં મારી જન્મતારીખ ૧૯૧૧ની ૧૩ ફેબ્રુઆરી નોંધાયેલી છે.

**સ્કૂલમાં પહેલો દિવસ**

મારું બાળપણ સિયાલકોટમાં જ પસાર થયું. મારી શાળા સ્કોચ મિશન સ્કૂલ હતી. મારા ઉસ્તાદ હતા શમ્સુલમા મૌલવી મીર હસન, જેમની પાસે હું છઠ્ઠા-સાતમા ધોરણમાં અરબીનો માત્ર કક્કો શીખ્યો. એમનાથી ય નજીકના ઉસ્તાદ હતા મૌલવી ઈબ્રાહીમ મીર સિયાલકોટી. બહુ મોટા વિદ્વાન હતા. શરૂઆતની ચોપડીઓ મેં એમની પાસે વાંચી. કુરાન અને હદીસના પાઠ પણ એમની પાસેથી ભણ્યો. શરૂઆતમાં મને સ્કૂલમાં નહોતો મોકલવામાં આવ્યો.

અબ્બાએ કહેલું કે પહેલા કુરાન શરીફ કંઠસ્થ કરો, ત્યાર બાદ મસ્જિદમાં જઈને ભણો અને પછી ફારસી અને અરબી ભણી લેશો તો એ પછી સ્કૂલમાં મોકલીશું. એટલે મેં એક હાફિઝસાહેબ પાસેથી કુરાન શરીફ હિફ્ઝ (કંઠસ્થ) કરવાનું શરૂ કર્યું. ત્રણ સુપારા યાદ કરેલા. એટલામાં આંખે પાણી આવી ગયાં. એ પછી હું અમ્મા પાસેથી અલફ - બે (એકડો-બગડો) શીખ્યો. નજીકની મસ્જિદમાં મૌલવી ઈબ્રાહીમ સાહેબ હતા.

ઉર્દૂ ભાષાનો પહેલો કાયદો એમની પાસે પૂરો કર્યો. તે પછી મને સ્કૂલ મોકલવામાં આવ્યો. એ કિસ્સો પણ સાંભળી લો. મને અત્યારે પણ એ યાદ આવે તો ગભરામણ થવા લાગે છે. થયું એવું કે પહેલે દિવસે મારે જવાનું હતું સ્કૂલે. મારી મોટી બહેનોએ મને તૈયાર કર્યો. મખમલનાં કપડાં પહેરાવવામાં આવ્યાં. અંદરનાં કપડાં અને મોજાં રેશમી હતાં. બહુ જ ઊંચા પ્રકારનાં બૂટ અને મોંઘીદાટ ટોપી હતી.

તો જનાબ આ બધું ઠઠાડી સ્કૂલે પહોંચ્યા. મેં તો ક્યારે ય સ્કૂલ જોઈ જ નહોતી. મને શું ખબર કે ત્યાં શું હોય! હું સ્કૂલે પહોંચ્યો એ હતી પ્રાથમિક અભ્યાસની ઈસ્લામિયા શાળા. મેં જોયું કે ત્યાં જે બાળકો હતાં એમાં કોઈનાં કપડાં ફાટેલાં હતાં તો કોઈના પગ ઉઘાડા હતા. ટોપી તો કોઈના જ માથે નહીં. હું જયારે ક્લાસમાં પહોંચ્યો ત્યારે બધાએ મારી તરફ એવી રીતે જોયું જાણે કોઈ અજબ પ્રકારનું જાનવર ન આવી ગયું હોય! એમનાં સૌનાં કપડાં મેલાંઘેલાં ને ચોળાયેલાં હતાં અને બધા ફરશ પર બેઠાં હતાં.

એ જમાનામાં નીચેનાં ધોરણોમાં ડેસ્ક-બેસ્ક નહોતી, માત્ર ઉપલી શ્રેણીમાં ડેસ્ક મળતી. એ વખતે તો ફરશ પર સાદડી પાથરેલી રહેતી અને બાળકો ત્યાં જ બેસીને ભણતાં. મેં તો કહ્યું કે આવી મેલી સાદડી પર કેવી રીતે બેસું? મને તો ગભરામણ થઈ ગઈ.

બાળકો મારી તરફ ગુસ્સો, કુતૂહલ, મજાકથી જોતાં હતાં કે આ કોણ આવી ગયું આપણી વચ્ચે? પછી બીજે દિવસે હું એમના જેવાં જ કપડાં પહેરીને ગયો. પછી મેં સ્કૂલમાં પેલાં પહેલા દિવસવાળાં કપડાં કદી ન પહેર્યાં. લોકો જે રીતે રહેતા હોય એમ જ એમની વચ્ચે રહેવું જોઈએ. જે જોઈને લોકોને ઓછું આવી જાય કે ખરાબ લાગી જાય એવી શ્રીમંતાઈનું પ્રદર્શન કરતી હરકત કદી ન કરવી જોઈએ.

**સૌથી ધૂંધળી યાદો**

૧૯૧૮-૧૯-૨૦ માત્ર જમાનો છે. સાચું વર્ષ કે સાચા મહિનાનો અંદાજ એ વયે કોને હતો? બાળપણની આ સૌથી ધૂંધળી યાદો. પહેલું વિશ્વયુદ્ધ પૂરું થઈ ગયું હતું. એક તરફ અંગ્રેજ શાસન અને એમના દેશી ખુશામતિયાઓ જશ્ન-એ-ફતહ મનાવી રહ્યા છે. સડકો પર રંગીન ઝંડા ફરકે છે. તોપ ફૂટી રહી છે. બેંડ-વાજા સાથે લશ્કરી જવાનો કૂચ કરી રહ્યા છે. બીજી તરફ દેશની આઝાદીનું આંદોલન શરૂ થઈ ગયું છે.

પછીના દિવસો જલસા, સરઘસો અને નારાબાજીના. જો બોલે સો નિહાલ, સતશ્રી અકાલ, નારા-એ તકબીર, અલ્લાહ-અકબર ... દેશભક્તિના

---

ઉપર લખ્યા એ અનુભવો થોડે ઘણે અંશે રમૂજ પમાડે તેવા છે. એક અનુભવ હાડોહાડ લાગી ગયો, જે હજુ દુઝે છે. મારા પિતાશ્રીના સ્વર્ગવાસ પછી ચાર મહિને મારી માને છાતીમાં કેન્સર હોવાની જાણ થઈ. હિમ્મતપૂર્વક ઓપરેશન અને બીજી સારવાર કરી. દિવાળીને ત્રીજે દિવસે મારા પિતાનો જન્મ દિવસ, અને પછી એમની પહેલી પુણ્યતિથિ આવે તેથી મેં મારા પ્રિન્સિપાલને વિનંતી કરી કે મને બે દિવસની રજા આપે જેથી અમે મા-દીકરી સાથે બેસીને સદ્‌ગત પિતાની મધુર સ્મૃતિ વાગોળીએ અને એને મળેલ નવજીવન માટે ઈશ્વરનો આભાર માનીએ. પણ એ પ્રિન્સિપાલે કહ્યું, ‘એ રજા કપાત પગારે મળશે.’ (આ દેશમાં દરેકને ધાર્મિક તહેવાર નિમિત્તે ત્રણ દિવસની રજા કાયદેસર મળી શકે તેવો નિયમ છે.)

આવા અન્યાયી જવાબના વિરોધમાં મેં રજા ન લીધી. હજુ મારી સમતાની કસોટી થવાની બાકી હતી એટલે એ જ પ્રિન્સિપાલે મારી હાજરીમાં બીજી શિક્ષિકાને એ ઈદ માટે ક્યારે રજા લેવાની છે તે પૂછ્યું!! એવે વખતે ઈશુ, મહમ્મદ પયગમ્બર અને બુદ્ધ/ગાંધી પ્રબોધિત અહિંસાત્મક રાહ લઈને ચુપચાપ ઘર ભણી વળી ગઈ.

ત્રણ ત્રણ દાયકાની ભારતીય નાગરિકતા છોડીને હવે હું બ્રિટિશ નાગિરક થવા અરજી કરવાની વિધિ કરું છું ત્યારે વિચાર આવે છે કે મને શું ઉપર લખ્યા તેવા અનુભવો હવે નહીં થાય?

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ U.K.]

નારા વન્દે માતરમ્, ડોડી બરચા હાય હાય, આઝાદી અમારો જન્મસિદ્ધ અધિકાર છે ... મોટા મોટા નેતાઓ ફૂલોથી લદાયેલી ગાડીઓમાં શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. મોતીલાલ નહેરુ છે, શૌકત અલી અને મોહમ્મદ અલી છે, અબ્દુલ કલામ આઝાદ અને બાબા ખડકસિંહ છે, તો ડોકટર કિચલૂ પણ છે.

ઠેકઠેકાણે ભાવભીના આવકાર માટે દરવાજા સજાવાયા છે. જાણે કૌતુક થવાનું હોય તેમ ગલીઓ-બજારો લોકોથી ખીચોખીચ છે. આજે તુર્કોની કોઈ સફળતાની ખુશીમાં શહેરમાં દીપમાળાઓ થઈ રહી છે તો કાલે કોઈ નેતાની ગિરફતારીથી આખા શહેરમાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો છે.

આ બધી સ્મૃતિઓમાં ક્યાંક અખબારોના મુખ્ય સમાચારો છે અને અખબારો વેચનારાઓનો ઘોંઘાટ છે. રશિયામાં ઝારશાહીનું પતન થયું, લેનિને મજૂરોની હકૂમત સ્થાપી, લાલ ઇન્કિલાબ આવી ગયો. ઠેકઠેકાણે લોકોમાં કાનાફૂસી થઈ રહી છે. અમારા ઘરના દીવાનખાનામાં, સ્કૂલના સ્ટાફ રૂમમાં, મહોલ્લાની મસ્જિદમાં, બધે આનો જ ઉલ્લેખ છે. આ રશિયન ઇન્કિલાબ શું છે? શું ઇન્કિલાબી ફૌજ હિન્દુસ્તાન પહોંચીને આપણને પણ આઝાદ કરાવશે? મજૂરો-ખેડૂતોનું શાસન કેવું હોય છે? વગેરે વગેરે ...

અબ્બા ઓફિસ જતા રહે પછી અમારા ઘરની આસપાસ પરચૂરણ ધંધો કરનારા ઘરબહારના ચબૂતરા પર ભેગા થાય. ત્યાં અબ્બાના અસીલો માટેનાં બેન્ચ-મૂંઢાં પડી રહેતાં. કોઈ ગ્રાહક આવી જાય તો એને ઝડપથી જોઈતી ચીજ આપીને પાછા આવી જાય. અલ્લાહ દિયા પહેલવાન, ચિરાગદિન તેલી, અલ્લા રકખા કસાઈ અને એમના યારો-દોસ્તો.

કલાકો સુધી દેશ-વિદેશના શાસન અંગે ગપ્પાં માર્યા કરતા. 'અરે ભાઈ, સાંભળ્યું છે કે મહાત્મા ગાંધી તથા મોહમ્મદ અલી-શૌકત અલીએ મળીને એલાન કરી દીધું છે કે એક વર્ષમાં જ બધા જ અંગ્રેજ લાટ, કમિશનર, નાયબ કમિશનરને કાઢી મુકાશે અને એમની જગાએ આપણા પોતાના માણસો આવી જશે.' તો કોઈ કહેતું, 'એવું પણ તો સાંભળ્યું છે કે ગાજી કમાલ પાશાનું લશ્કર અંગ્રેજોને હરાવી અફઘાનિસ્તાન તરફથી આવી રહ્યું છે.'

'અરે હા હા, રશિયાનું લશ્કર પણ એમાં ભળી ગયું છે. રશિયાના બાદશાહનો તખતો તો ઊલટાવી દેવાયો છે ને! ત્યાં કોઈ લીડર પેદા થયો છે લેનિન. એણે મજૂરોની ફોજ બનાવી છે અને બાદશાહને ભગાવીને બધા રૂપિયા લોકોમાં વહેંચી દીધા છે અને વળી મજૂરોનું રાજ પણ બનાવી દીધું છે.'

'શાબ્બાસ શેર દે પુત્તર, યાર આપણા આગા સફદરને કહો કે એ પણ કોઈ તરકીબ લડાવે જેથી આપાણું પણ કંઈ ભલું થાય. (આગા સફદર શહેરના રાજકીય નેતા હતા.) કંઈ એવી તરકીબ થાય કે સામેવાળા શાહુકાર લાલા હરિજન રાયનો માલ વહેંચાય ને આપણે બધા ન્યાલ થઈ જઈએ.'

રશિયા, લેનિન અને ઇન્કિલાબની વાતો એ ભૂલે-બિસરે દિવસોમાં પહેલી વાર કાને પડેલી. અત્યારે યાદ નથી કે મારી બાળકબુદ્ધિએ આ બધું સાંભળીને કેવા કેવા વિચારો કર્યા હશે. પછી તો હું થોડો મોટો થઈ સ્કૂલમાં ભણવામાં અને બીજી મજા પડે તેવી વાતોમાં ખોવાઈ ગયો અને આ બધું ભૂલી પણ ગયો.

**બાળપણ**

આપણા શાયરોની એ કાયમી ફરિયાદ રહી છે કે જમાનાએ એમની કદર ન કરી. મને એથી ઊલટી ફરિયાદ એ છે કે દોસ્તો, ઓળખીતાઓ અને મેં જેમને જોયા પણ ન હોય એવા એમના પરિચિતો તરફથી પ્રેમ-આદરની વર્ષા મારા પર થતી રહી છે. તે પણ એવી રીતે કે મને ઘણી વાર એ વાતે શરમ આવે છે કે આટલા અઢળક પ્રેમના હકદાર બનવા માટે મેં જેટલું કામ કર્યું છે એના કરતાં ઘણું વધારે કરવું જોઈતું હતું. આ કંઈ આજની વાત નથી. આવું બાળપણથી જ ચાલતું આવ્યું છે.

હું બહુ નાનો હતો અને સ્કૂલમાં ભણતો હતો ત્યારે સ્કૂલના છોકરા સાથે કંઈક આવા જ સંબંધ કાયમ થઈ ગયા હતા. એમણે મને એમના નેતા તરીકે સ્વીકારી લીધો હતો. મારામાં નેતાના ગુણ હતા જ નહીં, તો પણ. કાં તો માણસ એકદમ શઠ હોય એટલે બધા લોકો એનો રોફ સ્વીકારે અથવા તો એ સૌથી વધુ વિદ્વાન હોય ત્યારે આવું બને. હું ભણવા-ગણવામાં ઠીક હતો. રમતગમતમાં પણ ભાગ લેતો, પણ અભ્યાસમાં મેં કોઈ એવો મોટો મીર નહોતો માર્યો કે લોકો મારા માટે ઉત્સુક બને.

બાળપણની એક વાત ખાસ યાદ આવે છે. અમે ત્રણ ભાઈઓ. એમાં નાનો ભાઈ (અનાયત) અને મોટા ભાઈ (તુફૈલ) છોકરીઓ સામે બળવો કરીને રમતગમતમાં રચ્યાપચ્યા રહેતા. હું એકલો જ છોકરીઓના હાથે ઝડપાઈ જતો. એથી કંઈક નુકસાન થયું અને કંઈક ફાયદો પણ. ફાયદો તો એ થયો કે આ મહિલાઓએ મને સંપૂર્ણપણે શરીફ જિંદગી જીવવા મજબૂર કર્યો. એ કારણે એ જમાનામાં કોઈ અસભ્ય કે ઉદંડ વાત મારા મોંમાથી નહોતી નીકળતી.

અત્યારે પણ નથી નીકળતી. નુકસાન એ થયું કે બાળપણની તોફાન-મસ્તીથી અને શોખભરી જિંદગીથી હું વંચિત રહ્યો. આ વાતનો મને અફસોસ પણ છે. ઉદાહરણ તરીકે ગલીમાં કોઇ પતંગ ચગાવી રહ્યું હોય, કોઈ લખોટી ટીચી રહ્યું હોય તો કોઈ ભમરડો ફેરવી રહ્યું હોય ... ને આ બધી મસ્તી હું બેઠો બેઠો જોતો હોઉં, એકલો બેસીને. એમાં સામેલ એટલા માટે ન થતો કે શરીફ છોકરાઓએ આ બધાથી દૂર રહેવાનું હોય તેમ માનવામાં આવતું.

શિક્ષકોની પણ મારી પર કૃપા હતી. આજકાલની તો મને ખબર નથી, પણ એ જમાનામાં તો સ્કૂલોમાં સખત પીટાઈ થતી. મારા સમયના શિક્ષકો તો લગભગ જલ્લાદ જેવા હતા. આમાંના કોઈ શિક્ષકો ક્યારે ય મારા પર હાથ તો ન લગાડતા, ઊલટાના દરેક ધોરણમાં મને મોનિટર બનાવતા અને ભૂલ કરનારા બીજા વિદ્યાર્થીઓને શિક્ષા કરવાનું પણ મને સોંપતા.

ફલાણા પાસે આંટા મરાવ, ફલાણાને થપ્પડ માર, એવું બધું. આ કામમાં મને ખૂબ દુઃખ થતું અને હું કોશિશ કરતો કે જે પેલા છોકરાને સજા મળે, પણ પીડા ન થાય. તમાચો મારવાને બદલે ગાલ જરા થપથપાવી લેવો કે કાન સાવ ધીમેથી ખેંચવો, વગેરે. ક્યારેક હું પકડાઈ જતો તો શિક્ષક એમ કહેતા કે, આ શું કરે છે? જોરથી તમાચો માર!

આ બે વાતોની મારા પર બહુ ઊંડી અસર થઈ છે. એક વાત તો બાળકોને જેમાં સૌથી વધુ દિલચસ્પી હોય એ બધાથી હું વંચિત રહ્યો. બીજું, દોસ્તો, સહાધ્યાયીઓ અને ગુરુઓ તરફથી મને ખૂબ પ્રેમ, ખૂબ સહૃદયતા મળ્યાં, જે પછીના સમયના દોસ્તો અને સમકાલીનો તરફથી પણ મળ્યાં અને આજે ય મળી રહ્યાં છે.

સવારે હું અબ્બા સાથે નમાજ પઢવા મસ્જિદ જતો. રોજનો નિયમ એ હતો કે અજાન સંભળાતા જ અમે પથારીમાં બેઠા થઈ જતા. અબ્બા સાથે મસ્જિદ જતો, નમાજ અદા કરતો અને તે સમયના બહુ મોટા વિદ્વાન મૌલવી ઇબ્રાહીમ મીર સિયાલકોટી પાસેથી કુરાનના પાઠ સાંભળતો. પછી અબ્બા સાથે દોઢ-બે કલાક ફરવા જતો અને પછી સ્કૂલ.

રાતે અબ્બા કાગળ લખવા માટે મને બોલાવતા. એ જમાનામાં એમને કાગળો લખવામાં કંઈ તકલીફ થતી હતી. હું એમના સેક્રેટરી તરીકેનું કામ કરી આપતો. એમને અખબાર પણ વાંચી સંભળાવતો. આ રીતે વ્યસ્ત રહેવાથી મને બાળપણમાં ખૂબ ફાયદો થયો. ઉર્દૂ-અંગ્રેજી અખબારો વાંચવાથી અને પત્રો લખવાથી મારા જ્ઞાનમાં ઠીકઠીક વધારો થયો.

**વધુ એક યાદ તાજી થઈ**

અમારા ઘરની નજીકમાં એક દુકાન હતી, જેમાંથી પુસ્તકો ભાડે મળતાં. એક પુસ્તકનું ભાડું હતું બે પૈસા. ત્યાં એક સાહેબ હતા, જેમને બધા ભાઈ કહેતા. ભાઈસાહેબની દુકાનમાં શિષ્ટ ઉર્દૂ સાહિત્યનો મોટો ભંડાર હતો. હું છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે જે પુસ્તકો વાંચવાનો રિવાજ હતો એ આજકાલ લગભગ ખતમ થઈ ગયો છે. જેમ કે તિલિસ્મ હોશરૂબા, ફસાના આઝાદ, અબ્દુલ હલીમ શરરની નવલકથાઓ, વગેરે.

આ બધાં પુસ્તકો વાંચી નાખ્યાં. એ પછી શાયરોની કવિતા વાંચવાની શરૂ કરી. દાગના કલામ વાંચ્યા. ગાલિબ તો ત્યારે મને કંઈ ખાસ સમજાયા નહીં.

બીજાની કવિતા પણ માંડ અડધીપડધી સમજાતી, પણ દિલ પર એની અસર કંઈક એવી થતી કે જાણે શ્વાસ અટકી ગયા હોય. આ વાંચન-અધ્યયનને કારણે એક ખાસ પ્રકારનો લગાવ શેર પ્રત્યે થયો અને સાહિત્યમાં દિલચસ્પી વધતી ગઈ.

મારા અબ્બાના મુનશી એક રીતે ઘરના મેનેજર પણ હતા. કોઈ વાતે મારો એમની સાથે મતભેદ થઈ ગયો. એમણે કહ્યું, આજે તારી ફરિયાદ કરીશ કે તું ભણવાની ચોપડીઓને બદલે અગડમ-બગડમ પુસ્તકો વાંચતો રહે છે. મને એમનો ખૂબ ડર લાગ્યો. મેં એમને ખૂબ વિનવ્યા કે ફરિયાદ ન કરે પણ એ ન માન્યા અને અબ્બાને ફરિયાદ કરી દીધી.

અબ્બાએ મને બોલાવ્યો અને કહ્યું: 'તું નવલકથાઓ વાંચે છે એવું સાંભળ્યું છે. સાચી વાત છે?' મેં કહ્યું, 'જી હા!' તેમણે કહ્યું: 'વાંચવી જ હોય તો અંગ્રેજી નવલકથા વાંચ. ઉર્દૂ નવલકથા સારી નથી હોતી. શહેરના કિલ્લામાં જે લાઈબ્રેરી છે ત્યાંથી નવલકથાઓ લાવીને વાંચ!' મેં અંગ્રેજી નવલકથાઓ વાંચવાનું શરૂ કર્યું.

ડિકન્સ વાંચી નાખ્યો. હાર્ડી વાંચી નાખ્યો અને કોને ખબર કોને કોને વાંચી નાખ્યા. એ બધું અડધુંપડધું જ સમજાતું હતું અને દિમાગમાં ઘૂસતું નહોતું. આ વાંચનને કારણે મારું અંગ્રેજી સુધરી ગયું. વિદ્વતા પેદા થવા લાગી. દસમા ધોરણમાં આવ્યો ત્યાં સુધીમાં જોયું કે કેટલાક શિક્ષકો સમજાવવામાં ભૂલો કરી બેસે છે. હું એમનું અંગ્રેજી સુધારવા લાગ્યો. એથી મને જોકે માર તો ન પડયો, પણ શિક્ષક ક્યારેક ગુસ્સે થઈને કહી દેતા, 'જો તને અમારા કરતાં સારું અંગ્રેજી આવડતું હોય, તો પછી તું જ ક્લાસ લે ને! અમારી પાસે શું કામ ભણે છે?'

**એક એડવેંચર**

શેરડીનાં ખેતરોની નશીલી સુગંધ, લીંબુ અને સંતરાંનાં તાજાં ખીલેલાં ફૂલોની યાદ અને ગંધ, ગરમાળાનાં વૃક્ષો પર ઝૂમતાં ફૂલોનાં રૂપાળાં ઝુમ્મર, સરસવનાં ખેતરો અને વરસાદ પછીના તડકામાં મહેંદી. ગરમ હવામાં સીસમના ઝાડની નીચે ઠંડી લહેરનો સ્પર્શ, રેલવેના એન્જિનની સીટી અને ટ્રેનની ભકછૂક ગતિ, પાણીમાં વહેવા મુકાતી કાગળની હોડી ... આ બધાથી દિલમાં ઊઠતા એ ઉત્સાહ-આવેશ!

એ દિવસો એવા હતા કે જેમાં ખુશીથી જાણે શ્વાસ રુંધાઈ જતો. એમાં કોઈ કોઈ એવા દિવસો પણ હતા જે ખોફ અને ડરને કારણે શાહી જેવા ઘેરા રંગના દેખાતા અને કોઈ કોઈ દિવસ કોઈ શારીરિક પીડા-બીમારીને કારણે કાંટાની જેમ ભોંકાતા કે તલવારની જેમ ધારદાર બની જતા ...

હું મોટા ભાઈ તુફૈલ અહમદ સાથે અમીર છોકરાની હેસિયતથી એકવાર અમારા ગામડે ગયેલો. તુફૈલભાઈ સામાન્ય રીતે હાજી કહેવાતા, કેમ કે પિતાજી બાળપણમાં એમને પોતાની સાથે હજ કરવા લઈ ગયેલા. અમે ખાન બહાદુરના બેટાઓ હતા, પણ અમારા સગાંવહાલાં તો ગરીબ જ હતાં.

ગામમાં બધા થોડા ખાનબહાદુર હોય? અમારી ભારે શાન હતી. એ પણ અનોખો અનુભવ છે. અમે રહ્યા રઈસજાદા. એશોઆરામ, લાડપ્યારમાં ઊછરેલા. સંબંધીઓ ફક્કડ ગિરધારી, તંગ દોર પર ચાલનારા અને બેનામ મકાનોના વાસી. એમની પાસે લૂંગી અને સાદા કુરતા સિવાય કંઈ નહીં.

માથે જૂનીપુરાણી, સડેલી-ફાટેલી પાઘડી કે દુપટ્ટો. એમના શરીરમાંથી 'ઓરિજિનલ વાસ' આવતી અને લક્સનું તો નામ પણ એમણે નહીં સાંભળેલું. ચૂલાની રાખથી તેઓ વાસણો જ નહીં, પોતાના હાથ પણ સાફ કરતા. આવા લોકો ઊમટી પડ્યા. અચકાતા-ડરતા અમારી પાસે આવી તો પહોંચ્યા. પોતાના ખરબચડા હાથ અમારી કાનની બૂટને અડાડી આંખોમાં આંખ પરોવી.

અમારી જ વયનાં છોકરા-છોકરીઓ જૂનાં-પીળાં-મેલાં કપડાં વીંટાળી ઉઘાડા પગે દૂરથી અમને તાકી રહ્યાં હતાં અને કોણ જાણે એકમેકને કાનમાં શું બોલીને હસતાં હતાં. અમે પરેશાન હતા. એમનો અચકાટ અને ડર એકાએક મહોબતનો હિલોળા લેતો દરિયો બની ગયો.

એક મધ્યમવયસ્ક મહિલાએ મને એટલા જોરથી અને આનંદાવેશમાં ચૂમ્યો કે દૂર સુધી એનો અવાજ સંભળાયો! કોઈએ કહ્યું કે ફૈઝ, આ આપણાં ફોઈ છે. હું તો આ અનોખા અનુભવથી લગભગ બેહોશ થઈ ગયેલો. જિંદગીમાં પહેલી વાર એ અનુભવ્યું કે બાદશાહો શા માટે બાદશાહ હોય છે અને બાદશાહો આવા સીધાસાદા, ગરીબ, પ્રેમના પૂતળાં જેવા માણસોને છેવટે આમજનતા બનાવી દે છે! મને એ કાચી વયે પણ સમજાયું કે શાહજાદા-શાહજાદી બનવું કેટલું સહેલું છે.

બસ, માત્ર કોઈ બાદશાહને ઘેર જન્મવાનું! પણ આવા ઈન્સાન બનવા કેટલી મહેનત, કોશિશ, કુરબાનીની જરૂર પડે છે. મને મારા પિતાની ખાન-બહાદુરી તુચ્છ લાગવા માંડી. એનાથી મૂંઝવણ પેદા થવાની શરૂઆત થઈ ગઈ. મને આમજનતા સારી લાગવા માંડી. ગામમાં અમારી ફોઈઓ વગેરેએ અમને ઘેરી લીધા હતા. અમને પણ તેઓ ખૂબ સારાં લાગ્યાં. સ્ત્રીઓ કોઈપણ રૂપે સારી જ લાગે છે. ગામમાં અમે પહેલીવાર અનાજ દળતી હાથઘંટી જોઈ. આ ઘંટી અજબ ચીજ હતી. બાજરો અને બીજાં અનાજના દાણા દળાતા હતા અને એ પણ મહિલાઓના હાથની તાકાતથી.

એક રાતે અમે બે ભાઈઓએ નક્કી કર્યું કે આપણે ઘંટી ચલાવીશું. અમને ખબર નહીં કે એમાં અનાજ ક્યાં નાખવાનું. બસ, મેં અનાજ હાથમાં લીધું અને મોટા ભાઈએ ઘંટીનું ઉપરનું પડ ઊંચક્યું. મેં બે પડ વચ્ચે દાણા નાખ્યા. હું ત્યાંથી હાથ હટાવું એ પહેલા ભાઈના હાથમાંથી પેલું ભારે પડ છટક્યું અને મારી આંગળી કચડાઈ ગઈ. ઘંટીમાંથી લોટ નીકળવાને બદલે મારું લોહી નીકળ્યું.

ભાઈ ડરી ગયો. મને પણ ડરાવ્યો અને સમજાવી-પટાવીને નિર્ણય કર્યો કે આની ખબર કોઈને ન પડવી જોઈએ, ખાસ કરીને ખાન બહાદુરને. અમે બન્ને ચુપચાપ અમારી પથારીમાં ભરાઈ ગયા. ભાઈ તો સવારે શું થશે, એનો હિસાબકિતાબ કરતાં કરતાં સૂઈ ગયો. હું તો કોઈ સ્કીમ વિચારી ન શક્યો. આંગળીના જખમનું દર્દ તીવ્ર હતું અને આખા શરીરમાં પ્રસરી ગયું હતું. રાત લગભગ અનિદ્રામાં વીતી. સવારે ઊઠ્યો તો જોયું કે કાકીએ રાતે પાથરેલી સાફ સફેદ ચાદર પર લોહીના ધાબા થઈ ગયા હતા.

આંગળીના ઘામાંથી લોહી નીકળતું રહેલું અને હું અવાજ કર્યા વગર દર્દ સહેતો રહેલો. ખૂબ પ્રેમ કરતી કાકીઓ-ફોઈઓ જગાડવા આવી ત્યારે હું જાગતો જ હતો. લોહીભીની ચાદર જોઈ એ ચિંતિત થઈ ગઈ અને અકળાઈને પૂછ્યું કે વાત શી છે? હું પકડાઈ ગયો. મેં બધું સાચેસાચું કહી દીધું.

**બાળપણની વધુ એક યાદ**

ઈદગાહ(ઈદની નમાજની જગા)માં ઘટાટોપ વૃક્ષો નીચે મારા અબ્બા ખતબા (પ્રવચન) આપી રહ્યા છે. (ઈદની નમાજ પહેલાં તેઓ હંમેશાં ખતબા આપતા) આગલી હરોળમાં હું અને તુફૈલ મખમલના કોટ પહેરીને બેઠા છીએ. નમાજ પછી અમારી ફિટન (ઘોડાગાડી) ઈદગાહથી નીકળે છે.

ઘોડાના ગળે બાંધેલી ઘંટડી મધુર રણકી રહી છે. ઘોડાગાડી ચલાવનારો સાંકડા રસ્તાની બન્ને બાજુ પૈસા ફેંકી રહ્યો છે અને બાળકો ભારે ઘોંઘાટ કરતાં કરતાં ઘર સુધી અમારી ઘોડાગાડીની સાથે સાથે દોડી રહ્યાં છે. પછી એ ક્ષણ યાદ આવી કે હું ઘરના જનાનખાનામાં દાખલ થાઉં છું. તે મહિલાઓથી ખીચોખીચ છે. મારી સગ્ગી બહેનો છે, એમનાં સંતાનો છે, નોકરાણીઓ છે અને ગામથી આવેલી ગરીબ મહેમાન સ્ત્રીઓ પણ છે.

મારા અબ્બા અંદર દાખલ થયા તે સાથે જ એકાએક અંદર સન્નાટો છવાઈ જાય છે. વારાફરતી બધા એમનો હાથ ચૂમે છે. મારી દાદી પોતાના ઓરડામાંથી રસ્તો શોધતી અંદર આવે છે અને મારા અબ્બાજાન આશીર્વાદ માટે માથું ઝુકાવી દે છે. દાદી એમના માથે હાથ ફેરવતાં આશીર્વાદ આપે છે. પછી અબ્બા બહાર પુરુષો માટેના ખંડમાં જતા રહે છે. અંતઃપુરમાંથી ખામોશી તૂટી પડે છે અને બધી મહિલાઓ પાછી હસી-મજાક અને શોર-ગુલથી ઘર માથે લઈ લે છે.

**શાયરીની શરૂઆત**

પહેલી વાર મેં શાયરી લખી ત્યારે હું સાતમા ધોરણમાં હતો. મારા મરહૂમ મોટા ભાઈના એક દોસ્ત હતા, જે પાછળથી હાઈ કોર્ટના જજ થયેલા. નજીર અહમદ મહેમૂદ એમનું નામ. મોટા ભાઈ અને આ દોસ્ત બન્ને દસમા

ધોરણમાં હતા. એ નજીરસાહેબે મને એક વાર પૂછ્યું, 'ભાઈ, તને ઉર્દૂ-બુર્દૂ બરાબર આવડે છે તો ક્યારે ય શેર લખ્યા છે?' મેં કહ્યું, 'જી, શેર તો નથી લખ્યા.' એમણે કહ્યું, 'ભાઈ, તો હવે રચો.' મેં કહ્યું, 'કેવી રીતે લખું?' તો કહે, 'અમારા વર્ગમાં છજ્જૂરામ નામના એક છોકરો માથાનો દુખાવો છે.

તું એની વિરુદ્ધ એક નજમ બનાવી નાખ. એમાં એવું કંઈક લખ કે એનું માથું હાંડી જેવું છે ને પેટ માટલા જેવું છે, પગ તણખલા જેવા છે, હાથ આવા છે ને આંખ તેવી છે અને નાક પણ એવું જ છે.' એટલે મેં તો આઠ-૧૦ પંક્તિની એક નજમ લખી આપી. એમણે તો ક્લાસ વચ્ચે જઈને વાંચી નાખી અને એ નજમ આખી સ્કૂલમાં મશહૂર થઈ ગઈ. પછી મને ખ્યાલ આવ્યો કે ભાઈ, પેલો છજજૂરામ છે એને બહુ ખરાબ લાગ્યું હશે, તો જઈને એની માફી માગવી જોઈએ.

એટલે અમે ગયા મોટાભાઈ પાસે અને કહ્યું કે આ છજજૂરામ મને બતાવો તો ખરા! મેં પછી છજજૂરામ પાસે જઈને કહ્યું, 'જો ભાઈ, મને માફ કરી દો. હું તમને જાણતો પણ નહોતો, મેં તમારી વિરુદ્ધ કેવું બધું લખી નાખ્યું.' એ કહેવા લાગ્યો, 'વાહ જી, વાહ! હું તો ખૂબ ખુશ છું. તારે કારણે હું આખી સ્કૂલમાં મશહૂર થઈ ગયો.

માફી શું કામ માગે છે? હું તો તારાથી ખૂબ ખુશ છું!' તો બસ, આ રીતે મેં શેર કહેવાની શરૂઆત કરી - ઘણા લાંબા સમય પછી. હું સ્કૂલમાં હતો ત્યારે અમારા હેડ માસ્ટરને વિચાર આવ્યો કે છોકરાઓ વચ્ચે એક સ્પર્ધા કરવી જોઈએ. શાયરીની નહીં, શેરની તૈયારી કે કાચી સામગ્રીની સ્પર્ધા કરવી જોઈએ. બધાને શાયરીના પહેલા શેર 'મિસરા' જેવું કંઈ લખવા પર દિમાગ લડાવવાનું કહેવાયું. આવી પહેલી સ્પર્ધાના નિર્ણાયક હતા શમ્સુલમા મૌલવી મીર હસનસાહેબ. યોગાનુયોગ એમાં ઈનામ મને મળ્યું. ઈનામ કરતાં વધુ મગરૂબી એ ચંદ્રક મેળવવામાં થઈ હતી. ઈનામ હતું એક રૂપિયો પૂરો.

એથી મને થોડો ભ્રમ થઈ ગયો કે હું કંઈક લખી શકું છું. મારા ઘરની સામે જ એક મોટી હવેલી હતી, પુરાણા જમાનાની. ત્યાં ઠાઠથી મુશાયરા થયા કરતા. અમારા શહેરમાં મુન્શી રાજનારાયણ અરમાન દહેલવીસાહેબ રહેતા હતા. પાછળથી તેઓ લાહોર જતા રહેલા. એમણે મહેફિલ-એ-મુશાયરા નક્કી કરી નાખી. એક બુઝુર્ગ હતા મુન્શી સરાજદીન મરહૂમ, જે અલ્લામા ઈકબાલના દોસ્તોમાંના એક હતા.

અલ્લામાની તહરીરોં(રચનાઓ)માં એમનો ઉલ્લેખ પણ છે. મુન્શીસાહેબ સદારત (અધ્યક્ષતા) કરતા. એમની રેસિડન્સી સિયાલકોટમાં આવતી ત્યારે તેઓ પણ સિયાલકોટ આવી જતા અને એમની સાથે મુશયરો પણ આવી જતો. પાંચ-છ મહિના શાયરીનું બજાર ગરમાગરમ રહેતું. હું પણ આ મહેફિલોમાં જતો. પારંપરિક ઢબની ગઝલો વંચાતી. મુન્શી સરાજસાહેબ શાયરીની બાબતમાં ઉસ્તાદ માણસ હતા એટલે ઘણા વખત સુધી બધા વચ્ચે શાયરી પેશ કરવાની હિંમત ન ચાલી.

### પહલી સી મુહબ્બત • ફૈઝ અહમદ ફૈઝ

મુઝસે પહલી સી મોહબ્બત મેરી મહબૂબ ન માઁગ

મૈંને સમઝા થા કિ તૂ હૈ તો દરખ્શાં હૈ હયાત
તેરા ગમ હૈ તો ગમ-ઈ-દહર કા ઝગડા ક્યા હૈ
તેરી સૂરત સે હૈ આલમ મેં બહારોં કો સબાત
તેરી આંખો કે સિવા દુનિયા મેં રખા ક્યા હૈ
તૂ જો મિલ જાએ તો તકદીર નિગૂં હો જાએ
યૂં ન થામૈં ને ફકત ચાહા થા યૂં હો જાએ.
ઔર ભી દુ:ખ હૈ ઝમાને મેં મોહબ્બત કે સિવા
રાહતેં ઔર ભી હૈં વસ્લ કી રાહત કે સિવા

મુઝસે પહલી સી મોહબ્બત મેરી મહબૂબ ન માઁગ

અનગિનત સદિયોં કે તારીક બહિમાના તલિસ્મ
રેશમ-ઓ-અતલસ-ઓ-કમ_ખ્વાબ મેં બુનવાયે હુએ
જા-બા-જા બિકતે હુએ કૂચા-ઓ-બાઝાર મેં જિસ્મ
ખાક મેં લિથડે હુએ ખૂન મેં નહલાયે હુએ
જિસ્મ નિકલે હુએ અમરાઝ કે તન્નૂરોં સે
પીપ બહતી હુઈ ગલતે હુએ નાસૂરોં સે
લૌટ જાતી હૈ ઉધર કો ભી નઝર ક્યા કીજે
અબ ભી દિલ_કાશ હૈ તેરા હુસ્ન મગર ક્યા કીજે
ઔર ભી દુ:ખ હૈ ઝમાને મેં મોહબ્બત કે સિવા
રાહતેં ઔર ભી હૈં વસ્લ કી રાહત કે સિવા

મુઝ સે પહલી સી મોહબ્બત મેરી મહબૂબ ન માઁગ

○

### ફૂલ • ફૈઝ અહમદ ફૈઝ

આજ ફિર દર્દ વ ગમ કે ધાગે મેં
હમ પરો કર તેરે ખયાલ કે ફૂલ

તર્કે ઉલફત કે દશ્ત સે ચુનકર
આશ્નાઈ કે માહ વ સાલ કે ફૂલ

તેરી દહલીજ પર સજા આએ
ફિર તેરી યાદ પર ચઢા આએ

બાંધ કર આરઝૂ કે પલડે મેં
હિજર કી રાખ ઔર વિસાલ કે ફૂલ

કોઈ શેર રજૂ કરવા આવે અને એક શેર વાંચે ત્યાં તો મુન્શી સરાજસાહેબ એ જ વિષય પરના મશહૂર શાયરોના ૧૦ શેર સંભળાવી દે! ઘણા સમય પછી મેં હિમ્મત કરી. મેં ત્યાં એક ગઝલ વાંચી. ધારણા વિરુદ્ધ મુન્શીજીએ દાદ આપી. કહ્યું, 'બરખુરદાર! આ તો સરસ છે!' પણ આ તો તુકબંધી (જોડકણાં જેવી, કાવ્યતત્ત્વ વિનાની રચનાઓ)નો જમાનો હતો.

ઘરમાં ઉર્દૂ-ફારસી બોલાતી હતી. શેર લખવાની શરૂઆત કરી ત્યારે મારી ઉમ્મર નાની હતી. બાળપણથી જ પંજાબી ગીતોનો અવાજ મનમાં રસ ઘોળતો રહ્યો છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે લોકો ગલીમાં ગાયા કરતા. ત્યારના જે શબ્દો દિલમાં દફન હતા એને મેં હવે મારી (પંજાબી) નઝમોમાં ઉતાર્યા. હું છું તો સિયાલકોટી પરંતુ પિતાજીની જાગીર સરગોધામાં હતી.

ત્યાં જમીનના મજૂરો સાથે મળીને રાતે ગાતા. મેં ત્યાં હીર સાંભળેલી, બુલ્લેશાહની કાફિયાનો કિસ્સો, સોહની-મહિવાલ કે મિરઝાસાહિબા. પંજાબી લખવા જીવ લલચાતો તો હતો પણ સમજાયું કે એ ઉસ્તાદ શાયરોનો મુકાબલો તો હું ક્યાંથી કરી શકવાનો હતો? મેં પંજાબી શાયરીનો અભ્યાસ નહોતો કર્યો. જે કંઈ સાંભળેલું એ વારિસ શાહની જેમ તો લખી નહોતો શકતો.

એ જમાનામાં ક્યારેક ક્યારેક મારા પર એક ખાસ પ્રકારનો નશો છવાઈ જતો, જેમ કે એકાએક આકાશનો રંગ બદલાઈ જાય, કેટલી ય ચીજ દૂર જતી રહે, તડકાનો રંગ મહેંદી જેવો થઈ જાય, પહેલાં જે જોયેલું એ અચાનક આંખ સામે આવી જાય. દુનિયા એક ચિત્રના પડદા જેવી લાગવા લાગતી. પાછળથી પણ ક્યારેક આવા અનુભવો થયેલા, પરંતુ હવે નથી થતા.

### 'ઈકબાલ' સાથે મુલાકાત

એમના અનેકવાર દર્શન કરવાનો મોકો મળ્યો છે. એક તો તેઓ મારા હમવતન હતા. બીજું કે મારા પિતાના દોસ્ત પણ હતા. બન્ને સમકાલીન હતા. અહીં અને ઈંગ્લેન્ડમાં પણ સાથે રહેલા. એમની સાથેની પહેલી મુલાકાત બરાબર યાદ છે. ત્યારે હું માંડ છ-સાત વર્ષનો હોઈશ. મને બરાબર યાદ છે કે સિયાલકોટમાં એક અંજુમન-એ-ઈસ્લામિયા હતી. દર વર્ષે એમાં જલસો થતો. એની સ્કૂલ પણ હતી. બે બીજી સ્કૂલો હતી અને ત્યાં ક્યારેક અલ્લામા ઈકબાલ વાર્ષિક મેળાવડામાં ભાગ લેવા આવતા. પહેલી વાર મેં એમને અંજુમન-એ-ઈસ્લામિયાના મેળાવડામાં જોયેલા. મને એ મેળાવડામાં ભાગ લેવાનું એટલે મળેલું કે હું ઈસ્લામિયા સ્કૂલમાં ભણતો હતો. મારે કુરાન સંભળાવવાનું હતું. મને યાદ છે કે કોઈએ મને ઊંચકીને ટેબલ પર ઊભો કરી દેવો પડેલો.

•

### ખ્વાજા અહમદ અબ્બાસની કલમે

ફૈઝ અહમદ ફૈઝની જિંદગીમાં કેટલાય ઉતાર-ચડાવ આવ્યા છે. ભારતના ભાગલા પહેલાં તેઓ અમૃતસરની એક કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક હતા. વિભાજન પછી એમણે લાહોરમાં રહેવું પસંદ કર્યું અને ગવર્નમેન્ટ કોલેજમાં અધ્યાપક થયા.

# ભાજીપાંઉના ભેદભરમ

• ઉર્વીશ કોઠારી

સેલફોન આવતાં પહેલાં જીવન ચાલતું જ હતું, પણ હવે એના વગરના જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે. ભોજનમાં એવું સ્થાન ભાજીપાંઉ ઉર્ફે પાંઉભાજીનું છે.

આ વાનગીનું ખરું નામ શું? એ મુદ્દા સાથે વાનગીવિશ્વથી માંડીને સ્ત્રીજાગૃતિ જેવા ગંભીર મુદ્દા સંકળાયેલા છે. નારીગૌરવના આગ્રહીઓ માને છે કે તેનું નામ ભાજીપાંઉ છે અને એ ન હોય તો પણ એમ જ હોવું જોઈએ. સીધી વાત છે : નારી જાતિ તરીકે ભાજી પહેલાં અને પાંઉનો નંબર પાછળ આવે. પરંતુ જાગ્રતોનાં દરેક મંડળની જેમ આ મંડળમાં પણ બીજી છાવણી છે. તે એવું માને છે કે વાનગીનું નામ 'ભાજીપાંઉ' ધોળા ધરમે પણ ન ખપે. 'આ તો એનું એ જ થયું : ફલાણાબેન ઢીકણાભાઈ! પાછળ હંમેશાં પુરુષોનું જ નામ આવે એવું કોણે કહ્યું? સ્ત્રીઓનું નામ કેમ નહીં? અમે તો એને પાંઉભાજી જ કહીશું? તેમાંથી મસાલાની સાથોસાથ નારીજાગૃતિની પણ સોડમ આવે છે.'

ખાણીપીણીના પ્રેમીઓ પોતાનો તર્ક લડાવતાં કહે છે, 'પાંઉની બધી વાનગીઓનાં નામમાં પાંઉ બીજા નંબરે જ હોય. વડાપાંઉ, મિસળપાંઉ ...એ જ રીતે, ભાજીપાંઉ. ક્યૂ.ઈ.ડી.' સ્વદેશી વ્રતના આગ્રહીઓ દૃઢપણે માને છે કે પાંઉ ઉર્ફે ડબલરોટી વિદેશી વાનગી છે. તેનું નામ આગળ રાખીને એનો મહિમા વધારવાની શી જરૂર?

પરંતુ આ ચર્ચામાં પડવાને બદલે 'મૂકો પંચાત ને લાવો એક પ્લેટ ભાજીપાંઉ - પાંઉભાજી' એવું માનનારો-કહેનારો વર્ગ બહુમતિમાં છે. સામે પ્લેટમાં વરાળ નીકળતી ભાજી પડી હોય, બાજુમાં (ભાવ ૮૦ રૂપિયે કિલો ન હોય એ સંજોગોમાં) ઝીણા સમારેલા કાંદા, તેને પોતાના રસથી ભીંજવવા આતુર લીંબુની ચીરી અને ગરમાગરમ પાંઉ - ત્યારે, મેનકાને જોઈને તપોભંગ થયેલા વિશ્વામિત્રની જેમ, સાચું નામ શોધવાની તપશ્ચર્યા ફગાવીને ભાજીપાંઉમય થઈ જવું એ માનવસહજ પ્રતિક્રિયા હોય છે.

ભાજીપાંઉ ભોજન કહેવાય કે નાસ્તો, એ બીજો ગરમાગરમ સવાલ છે. કાયદાના અમલની જેમ આ સવાલનો જવાબ પણ માણસે માણસે બદલાતો રહે છે. 'દાળભાત વિના જમ્યાનો સંતોષ ન થાય' એવું માનનારો વર્ગ ભાજીપાંઉને ભોજનનો દરજ્જો આપવા કબૂલ થતો નથી. 'ભાજીપાઉં જેવી પરચૂરણ ચીજને આવડું મોટું માન કેવી રીતે આપી દેવાય?' એવી તેમની લાગણી હોય છે. પરંતુ, કેટલાક આસ્તિક ન હોય એવા લોકો પ્રેમવશ-સ્વાદવશ બોલી ઊઠે છે,'આપણને ભાજીપાંઉ મળ્યા એટલે ભગવાન મળ્યા.' (આવા લોકોને ભગવાન મળે ત્યારે ભાજીપાંઉ મળ્યા જેવું લાગતું હશે?) ભગવાનની જેમ ભાજીપાંઉનાં પણ તેના ભક્તો માટે અનેક સ્વરૂપ હોઈ શકે છે, પણ સ્વરૂપ બદલાવાથી ભક્તિની તીવ્રતામાં ફરક પડતો નથી. ભાજીપાંઉ આગલી સાંજનાં વધેલાં હોય તો પણ વાંધો નહીં. પાંઉ (બન) ખલાસ થઈ જતાં બ્રેડ કે બ્રેડ ન હોય તો ભાખરી સાથે પણ ભાજી ખાઈને ભાજીપાંઉની અનુભૂતિ કરી શકાય. કેટલીક વાર ભાજી ખલાસ થઈ જાય અને ફક્ત પાંઉ વધે તો બીજા દિવસે 'ભાજી જેવું' શાક બનાવીને પણ ભાજીપાંઉ ખાધાનો આનંદયુક્ત સંતોષ પણ માણનારા માણે છે.

બધાની ભાજીપાંઉભક્તિ જો કે આટલી ઊંચાઈએ પહોંચી શકતી નથી. કેટલાક લોકો કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ(કેગ)ની જેમ, બીજું કશું કરી શકતા નથી, પણ ભાજીપાંઉમાંથી ખામીઓ શોધ્યે રાખે છે. જમતાં જમતાં ખામીઓ વર્ણવવાનું કે ભૂલો કાઢતાં કાઢતાં ઝાપટવાનું ચાલુ રાખે છે. 'ભાજીપાંઉ? ઠીક છે હવે. લાવો, બનાવ્યાં છે તો ખાઈ કાઢીએ' એ ભૂમિકાથી તેમની વાતનો આરંભ થાય છે. ત્યાર પછી ભાજીમાં વિવિધ શાકભાજીનું પ્રમાણ કેટલું હોવું જોઈએ, તેમને સદંતર કચડીને 'સમરસ' કરી નાખવાં જોઈએ કે થોડા ટુકડા આખા આવે એ રીતે રહેવા દેવાં જોઈએ, તેમાં લસણની પેસ્ટનું પ્રમાણ કેટલું હોવું જોઈએ, લાલ અને લીલા મરચાનો ગુણોત્તર શો હોવો જોઈએ - તેના આદર્શો વર્ણવીને, પોતાને મળેલાં ભાજીપાંઉ આ એક પણ કસોટીમાંથી પાર ઉતરતાં નથી, એવો તેમનો છૂપો સંદેશ હોય છે. સાથોસાથ, પોતે ભાજીપાંઉના દુશ્મન નથી, પણ આ કેવળ ગુણાત્મક ટીકા છે એવું સિદ્ધ કરવા માટે તે 'મુંબઈની એક ગલી' કે 'અમદાવાદની એક લારી' પર મળતાં અદ્‌ભૂત ભાજીપાંઉને યાદ કરે છે અને ભાજીની છેલ્લી ચમચી કે પાંઉના છેલ્લા બટકા સાથે 'એક વાર હું તમને લઈ જઈશ' એવું વચન આપીને હાથ ધોઈ નાખે છે.

પાણીપુરીની જેમ ભાજીપાંઉ પણ એવી વાનગી છે કે એ ન ભાવવા માટે આઈ.સી.પી.સી.માં હજુ સુધી કોઈ કલમની જોગવાઈ કેમ થઈ નથી? એવો વિચાર આવી શકે. કેટલાકનો ભાજીપાંઉપ્રેમ જોઈને એવું લાગે કે એમનું ચાલે તો ભાજીપાંઉનું નામ સાંભળીને મોં બગાડનારા કે 'મને એ ભાવતાં નથી' એવું કહેનારા સામે તે રાજદ્રોહનો ગુનો લગાડે.

શરણાઈ અને સારંગી જેવાં નીચી નજરે જોવાતાં વાદ્યોને જેમ કેટલાક મહાન શાસ્ત્રીય વાદકોએ પોતાની કળા દ્વારા મોભો અને દરજ્જો આપ્યાં, એ જ રીતે 'લારીની આઈટેમ' ગણાતાં ભાજીપાંઉને કેટલાક રેસ્ટરાંવાળાએ સ્વાદથી તો મોટા ભાગનાએ તેની ઊંચી કિંમત રાખીને, તેમાં 'જૈન' જેવા પેટાપ્રકાર ઉમેરીને, મોભો-દરજ્જો આપ્યાં. અમુકતમુક જગ્યાનાં ભાજીપાંઉ ખાવા માટે લોકો ભીડ કરવા લાગ્યા અને ત્યાં ભાજીપાંઉ ખાવામાં, જગજિતસિંઘ-ગુલામઅલીના પ્રોગ્રામમાં હાજરી આપ્યા જેવી પ્રતિષ્ઠા અનુભવવા લાગ્યા. ત્યારથી ભાજીપાંઉમાં ઉપરછલ્લી ટાપટીપની બોલબાલા થઈ છે.

રેસ્ટોરાંમાં જઈને ભાજીપાંઉનો ઓર્ડર આપનારા સમક્ષ તરત બે વિકલ્પ મૂકવામાં આવે છે : તેલમાં કે બટરમાં? આ સવાલના જવાબ પર અનેક પરિબળો અસર કરી શકે છે. ધારો કે ઓર્ડર આપનાર પુરુષની સાથે સ્ત્રીમિત્ર હોય તો તે 'બટરમાં' કહે છે અને સાથે પત્ની હોય તો 'એમાં શું પૂછવાનું? તેલમાં જ હોય ને' એવા હાવભાવ સાથે કહે છે, 'તેલમાં.' આરોગ્ય પ્રત્યે સભાન અને શ્વાસમાં જતી હવાની પણ કેલરી માપે એવા લોકો તેલનો વિકલ્પ પસંદ કરે છે અને 'તેલ પણ એકદમ ઓછું.' એવું કહે છે. ત્યારે ઓર્ડર લેનારથી વિવેક તજીને એવું કહી શકાતું નથી કે 'આરોગ્યની આટલી ચિંતા હોય તો ઘરે બેસીને બાફેલાં શાક ખાતાં શું થાય છે? અને કેલરી બાળવી હોય તો રેસ્ટોરાંવાળાનું લોહી શું કરવા પીઓ છો?'

રેસ્ટોરાંવાળા પણ આ પ્રકારના અનુભવોથી રીઢા થઈ ચૂક્યા હોવાથી, ગ્રાહકોની મરજી પૂછીને પોતાનું ધાર્યું કરતી કંપનીઓની જેમ, તે ભાજી તો જેવી બનતી હોય તેવી જ બનાવે છે. ભારે વિચાર કરીને, સરહદકરાર કરવાના હોય

---

તેમનો મિજાજ પ્રગતિશીલ હતો અને એમની શાયરી પણ પ્રગતિશીલ આંદોલનનો અવાજ બની ગઈ. પાકિસ્તાનના આરંભિક કાળમાં રાવળપિંડી કાવતરા કેસમાં શંકાસ્પદ તરીકે પકડાયા અને કેટલાંક વરસ જેલમાં રહ્યા. ત્યાં એમણે એ નઝમ લખી, જેનો એક શેર પ્રગતિશીલ શાયરીનો ઈકલાબી મંચૂર (આદેશપત્ર) બની ગયો —

આ શેર એમણે ત્યારે લખેલો જ્યારે એમના પર રાવળપિંડી કાવતરાનો કેસ ચાલતો હતો તેમ જ તમામ પ્રકારના પ્રતિબંધો એમના પર હતા. કાગળ અને પેન પર પણ પ્રતિબંધ હતો. બીજા બિનરાજકીય કેદીઓ ફૈઝથી ખૂબ પ્રભાવિત હતા. એટલે બે-ત્રણ વર્ષ પછી જયારે પણ કોઈ કેદી છૂટતો ત્યારે ફૈઝ પાસેથી એમના સાથીઓ માટે સંદેશ બહાર લઈ જતો. આ સંદેશો મોઢામોઢ અપાતો અને બહારના સાથીઓમાં ખળભળાટ મચી જતો.

'ક્યા હુઆ, જો ઈતના ખુશ નજર આ રહે હો?'

'મારા ભાઈ, ફૈઝ અહમદ ફૈઝનો એક તાજો સંદેશ આવ્યો છે.'

'કોઈ શેર છે કે આખી ગઝલ?'

'પૂરી ગઝલ લાગે છે, સાંભળશો તો ધ્રૂજી ઊઠશો.'

**મતાએ-લોહ વ કલમ છિન ગઈ, તો ક્યા ગમ હૈ**
**કિ ખૂને દિલ મેં ડૂબો લી હૈ અંગુલિયાં મૈંને**

આ માત્ર શેર નહોતો, દુનિયા-એ-ઈન્કલાબનો એક સંદેશ હતો, એક પડકાર હતો.

(સદ્‌ભાવ : "દિવ્ય ભાસ્કર", મે 8, 2010)

# Eat Art Exhibition : એક અનુભવ ઈન્દ્રિયાતીત …

• જેલમ વછરાજાણી

સ્ટુટગાર્ડ, જર્મનીનું એક સુંદર શહેર … ઘણું આપ્યું હતું એને કુદરતે. … અને એથી ય વધુ ઉમેર્યું હતું એમાં કદાચ માણસે … ને આ બન્નેનો સમન્વય હોય પછી વાત જ શી !

સ્ટુટગાર્ડના મેઈન સ્ક્વેર પાસે, બીજાં યુરોપિયન બિલ્ડીંગ્સને લગભગ અડીને જ ઊભું હતું અત્યાધુનિક કુંત્સ મ્યુઝિયમ [Kunts Museum]. અમસ્તુ ય ધ્યાન ખેંચતું. (એક અણઘડ સમજણથી જોતાં, મ્યુઝિયમ એટલે પ્રાચીનનાં નામે જ્યાં બધું જૂનું - પુરાણું ઠલવાયું હોય. પછી એ ભારત કે યુરોપ, બધું જ એક પ્રકારનું લાગે. ને એમાં હોય શું તો - સિક્કાઓ, કપડાં, ઘરેણાં, વાસણો, હથિયારો, ખંડિત - અખંડિત મૂર્તિઓ, વગેરે વગેરે.) તમને સહજ પ્રશ્ન થશે કે તો પછી મેં 'અમસ્તુ ય ધ્યાન ખેંચતું' એવું કેમ કહ્યું ? એનાં આધુનિક બાંધકામ કરતાં ય અગત્યનું કારણ - એની બહાર લગાડેલું એક મોટું બેનર : 'Eat Art Exhibition (Oct '10 - Feb. '11)' અમને જાણે એણે પોતાની તરફ આકર્ષ્યાં એ બેનરે ! એમાંના સુંદર, મરોડદાર રંગીન અક્ષરોએ ? કે પછી એ વિષયે ? હા, કદાચ થોડા જુદા જણાતા એ વિષયે જ …

… ને અમે પગ ઉપાડ્યા એ તરફ. સાથે ઉપડ્યા ઘોડા અમારી અટકળના. ને ઘોડાની તે કાંઈ બરોબરી થાય ?! એ તો દોડ્યા અમારાથી આગળ … અવનવી વાનગીઓ હશે, આપણે ત્યાંના આનંદમેળાની જેમ જે ગમે તે લેવાનું ને ખાવાનું … અરે ! ના. રે … ખાલી જુદા જુદા પ્રદેશની વાનગી બનાવવાનું શીખવતાં હશે. મને તો લાગે છે કે ખાવું કઈ રીતે એ શીખવતાં હશે. Table Manners કે એવું કશુંક … આ અટકળભાઈ અમને અકળાવે એ પહેલાં અમે પહોંચ્યાં અંદર. ને બુદ્ધિ વાપરીને ફાંકડું અંગ્રેજી બોલતી એક ગાઇડને સાથે લીધી. અજાણી ભાષા ને પાછો અજાણ્યો વિષય, એટલે ગોથાં ખાવા કરતાં (સુંદર !!) ગાઇડને શરણે થયાં સારાં !

પ્રવેશતાં જ અમારી ગાઈડે કહ્યું કે આ મકાન જેવડું જમીનની ઉપર દેખાય છે એથી કેટલું ય વધુ એ જમીનની અંદર છે … ! મને 'ટાઈટેનિક' ફિલ્મની પેલી હિમશિલા યાદ આવી ગઈ. કહે છે ને કે એનો સાચો અંદાજ ઉપરથી ન કાઢવો. પાણીની બહાર દેખાય એ તો માત્ર એની ટોચ. એનાં મૂળ તો દરિયામાં છે…ક ઊંડે હોય છે ! ખેર, અમારે તો જો કે આ મ્યુઝિયમનો માત્ર એક જ વિભાગ જોવાનો હતો. જેની શરૂઆત થઈ ગઈ હતી. ખબર નહીં આગળ હજુ કેટલું રસપ્રદ (કે સ્વાદપ્રદ) બાકી હતું …



પહેલા ઓરડામાં દાખલ થયાં. સામે એક મો…ટાં ટેબલ પર જુદા જુદા મગ અને ગ્લાસ ગોઠવાયેલા જોયા. અલગ અલગ આકારના. કોઈ કાગળ, કોઈ પ્લાસ્ટિક તો કોઈ કાચના. સાથે કેટલાંક ટીન અને બોટલ પણ. ના, કોઈ પણ બિલકુલ નવું નહીં હો … એ તો બધું જૂનું ને વપરાયેલું !! ને એની ઉપર જુદી જુદી વ્યક્તિઓની માર્કરથી સહી ! અરે, હદ તો ત્યારે થઈ જ્યારે નજીકથી જોતાં ખબર પડી કે એ બધું વપરાયા પછી એમને એમ જ (હા, હા, ધોયા વિના) મૂકી રખાયું હતું ! કોઈ કલાકારે જુદાં જુદાં આર્ટ એક્ઝિબિશન અને પાર્ટીમાં આવેલી પ્રખ્યાત વ્યક્તિઓએ વાપરેલા લગભગ ૮૫૦ ગ્લાસનું કરેલું આ એક કલેકશન હતું … ! ને આ સંખ્યા ધીમે ધીમે વધતી જતી હતી …



… બીજાં અચરજ દીવાલ પર ટાંગેલાં મળ્યાં … ! જેમાંની એક થાળી હતી … જમ્યા પછી થોડે વધેલી વાનગીઓ, કપ, ગલાસ ને પેપર નેપકીન સાથેની. એક ફ્રેમમાં જડાયેલી. એ પણ જેમની તેમ … સામેની દીવાલ પર સુંદર રીતે ખીલી વડે ખોડેલી હતી Potato Pan Cakes ! ને બાજુમાં એ બનાવવા માટે વપરાયેલ ગેસ સ્ટવ અને કડાઈ પણ … ! (અરે, એમ આંચકો ન ખાઈ જતાં … થોડી રાહ જુઓ, એ ય બસ, આવવામાં જ છે …)

હા, તો અમારી આ ખરે જ અવનવી મુલાકાતમાં ક્યારથી ખલેલ પાડવા અવાજો ને (સુ)વાસ અને અમારી વચ્ચેનું અંતર ઘટતાં અમે જાણે આમને સામને આવી ઊભાં ! એક ખાસ્સો મોટો રૂમ અને એમાં વચ્ચોવચ એના એંશી ટકા જેવડું રસોડું … fully furnished. એક ચોકઠા જેવું કે જે એક ધરી સાથે જોડાયેલું. ને એ આખું ચોકઠું, એ ધરી પર ગોળ ગોળ ફરતું હતું. નિશ્ચિત ગતિએ. એના આ ફરવાને કારણે કબાટો ને ખાનાંમાંથી ને પ્લેટફૉર્મ

---

એવી ઝીણી ઝીણી વિગતો નાખીને ઓર્ડર આપનાર ગ્રાહક ભાજીમાં તરતું તેલ જોઈને કકળાટ કરવાનો પ્રયાસ કરે અને 'મેં ઓછું તેલ નહોતું કહ્યું?' એવું યાદ અપાવે, ત્યારે વેઈટર કરુણામય સ્મિત સાથે કહે છે,'આ ઓછું જ તેલ છે, સાહેબ. બાકી, અમારે ત્યાં ભાજીમાં તેલ નહીં, તેલમાં ભાજી હોય છે.'

ભાજીપાંઉની ભાજીમાં કાજુના ટુકડા નાખવા, ઉપર બટરના લચકા મુકવા - આ બધી ચેષ્ટાઓ ભાજીપાંઉ વિશે અને તેના ખાનાર વિશે બનાવનારનો અભિપ્રાય સૂચવે છે. અભિપ્રાય કંઈક આવો હોય છે : 'એકલી ભાજીની વેલ્યુ કેટલી? એ તો શાક જેવી લાગે. તેને પાંઉભાજીની ભાજી બનાવવા માટે કાજુ અને બટર જેવી સમૃદ્ધિસૂચક ચીજો નાખવી પડે.' અથવા 'ભાજીપાંઉ ખાનારાને સીધીસાદી ભાજી આપીશું તો એ ભાવ જોઈને ઉછળશે, પણ કાજુ, બટર જેવી ચીજો જોઈને તેને બિલ ચૂકવતાં ખચકાટ નહીં થાય. હવે સ્વાદ જોઈને બિલ ચૂકવે એવા માણસો ક્યાં રહ્યા છે?'

'રેસ્ટોરાં જેવું બનાવતાં તો મને પણ આવડે' એવું માનતી અને બીજાને મનાવવા ઉત્સુક રહેતી ગૃહિણીઓ માટે પાંઉભાજી સનાતન પડકાર બની રહે છે. પત્નીની પાકકળા વિશે નાપાક વિચારો ધરાવતા પતિદેવો કહે છે, 'પાંઉભાજીમાં શું બનાવવાનું? પચાસ ટકા (એટલે કે પાંઉ શેકતાં) તો મને પણ આવડે છે. બાકી રહ્યા પચાસ ટકા. એમાં બધું શાક ભેગું કરીને, કચડીને મસાલો કરી દીધો એટલે થયું. પણ ફલાણી રેસ્ટોરાં જેવી ભાજી આપણે ઘેર કેમ બનતી નથી?'

ચબરાક પત્ની ક્યારેક રેસ્ટોરાંમાંથી ખાનગી રાહે ભાજી મંગાવીને, ઘરના તાંસળામાં ગરમ કરીને પતિને પીરસે ત્યારે પશ્ચાદ્‌વર્તી અસરથી સ્પષ્ટ થઈ જાય છે કે પતિનો અભિપ્રાય ભાજી વિશેનો હતો કે પત્નીની રસોઈકળા વિશેનો.

(માર્ચ 23, 2011)

http://www.urvishkothari-gujarati.blogspot.com/

# ઈરાની અખાતના દેશોની સાંસ્કૃતિક નવજાગૃતિ :

• ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

દુબાઈને આંગણે બેઠો છું. ગઈ સાલની ટૂંકી મુલાકાત બાદ, ફરી પાછો મહિના દહાડા માટે અહીં આવ્યો છું. ઈરાનના અખાતમાં પથરાયેલા વિવિધ દેશો અને તેમની ગતિવિધિ પર આથીસ્તો નેજવું કરવાનું સહેલું થયું છે.



આ દિવસોમાં ઉત્તર આફ્રિકાના આરબ દેશોમાં - લીબિયા, મોરોક્કો, અલ્જીરિયા, ટ્યુનીશિયા, ઑમાન, બાહરીનમાં રાજકીય ઊથલપાથલ થઈ રહી છે. જગતની નજર અહીં તો મંડાઈ પડી છે. આ રાજકીય ક્રાંતિ પણ આરબ જગતના ઇતિહાસમાં એટલી જ મહત્ત્વની રહેવાની. આ દેશોના લોકો શેફિલ્ડ શહેરના એક બાગી મિલ મજદૂર જોસેફ મેથ્યુએ ૧૭૯૧માં રચેલું ગીત ગાવામાં અને તેના શબ્દોને તેમ જ ગાંધીમંત્ર 'કરેંગે યા મરેંગે'ને સાકાર કરવા બલિદાન આપી રહ્યા છે. જોસેફ મેથ્યુના શબ્દો તો જુઓ :

Despots may howl and yell  
Though they're in league with hell  
They'll not reign long.

વારુ, દુબઈ બંદરેથી ઈરાની અખાતમાંના દેશો પર નજર નાંખવી સહેલી બને છે. ઈરાની અખાતના છ મોટા દેશોમાં સમાવેશ થાય છે સૌઉદી અરેબિયા, કાટાર, કુવેત, બાહરીન, ઑમાન અને સંયુક્ત આરબ અમીરાઈ. આ સુન્ની પંથના દેશોએ એકતા, પ્રગતિ સાધવા એક સંઘ રચ્યો છે જે 'ગલ્ફ કૉ-ઑપરેશન કાઉન્સિલ'ના નામે ઓળખાય છે. તેની ૩૦મી વર્ષગાંઠ મે મહિનામાં ઉજવાશે. આ સંઘના શાસકોનું માનવું છે કે લોકશાહી ક્રાંતિની સાથે સાથે નવી સાંસ્કૃતિક ક્રાંતિ ય કરવી જરૂરી છે.

આ શાસકોનું માનવું છે કે લોકોમાં શાંતિ જળવાય, એકતા બની રહે, બંધુભાવ ટકી રહે તો આવી ક્રાંતિ જરૂર લાવી શકાય. ત્રણ ત્રણ દાયકાઓથી શાસકોની આવી નેમ રહી હોવાનું જણાયું છે. આ નેમમાં એક મોટું સ્વપ્ન છે : આ સાંસ્કૃતિક ક્રાંતિ માટે સૈકાઓ જૂનો વારસો આધારરૂપ બનવો જોઈએ. આશરે બારેક સૈકાઓ પહેલાં ઇસ્લામ ધર્મ અને તેની સંસ્કૃતિનો સુવર્ણ યુગ હતો. તે વેળા આરબ સંસ્કૃતિનો, વિજ્ઞાનનો, શિક્ષણનો મધ્યાન્હ તપતો હતો. ઈસ્લામ ધર્મ પર તેનો ભારે પ્રભાવ પડેલો. આ એકવીસમી સદીમાં આવો પ્રભાવ મેળવવા આ આરબ શાસકો સ્વપ્નો સેવી રહ્યા છે. અરબી ભાષા, અરબી સાહિત્ય, વિજ્ઞાન, કળાના પ્રસાર સારુ દૂરંદેશી દાખવી રહ્યા છે. તેને સારુ મોટા પાયે પૈસાનું રોકાણ પણ કરે છે. આવા સ્વપ્નસેવીઓમાં દુબાઈ, અબુ ધાબી અને શારજાહના શાસકો મોખરે છે.

દુનિયામાં એકવીસમી સદીનું અતિ સમૃદ્ધ રાજ્ય અને સુંદર મહાનગર એટલે દુબાઈ. અમીરાઈ સંયુક્ત આરબ રાષ્ટ્ર [United Arab Emirates]. સાત દેશોનું રાજ્ય, જેમાં અબુ ધાબી, દુબાઈ અને શારજાહ ઘણા મહત્ત્વના અને ખનીજ તેલની આવકમાંથી બનેલા ઘણા સમૃદ્ધ દેશો. નજદીકનો ટાપુ દેશ બાહરીનની સમૃદ્ધિ અને પ્રગતિ દુબાઈથી કે અબુ ધાબીથી કમ નથી.

દુબાઈના શાસક શેખ મહમ્મદ અલ-રશીદ અરબી ભાષા-સાહિત્યને પ્રોત્સાહન આપવામાં અને વિકસાવવામાં ઘણો અગત્યનો ભાગ ભજવી રહ્યા છે. થોડાં વર્ષોથી સરકારી શાળાઓમાં અરબી ભાષાનું શિક્ષણ ફરજિયાત આપવાનું શરૂ કર્યું છે. આ વરસથી અરબી ભાષા માટે એક નવો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. તેને નામ અપાયું છે : 'નેશનલ ચાર્ટર ફૉર અરેબિક લેંગવેજ'. આ કાર્યક્રમના મુદ્દાઓ વિશે બોલતા શેખ અલ-રશીદે જણાવ્યું હતું : 'અરબી ભાષા આપણી પહેચાન, ઓળખાણ છે; અને આપણા ઉસૂલો અને શખ્શીયત પ્રગટ કરવાનું માધ્યમ છે.' (ગુજરાતીભાષી જમાતે આની નોંધ લેવી. તેને વાગોળવી.) શાળાઓમાં અરબી ભાષા શીખવવાનું તો ૨૦૦૨થી ચાલુ કરી દેવામાં આવ્યું હતું; હવે સરકારી શાળાઓમાં જ તે સીમિત ન રહેતાં ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવાતી શાળાઓમાં દરરોજ એક કલાક જેટલો સમય

---

પરથી વાસણો ને બધું પડવાના હતા એ અવાજ. અને એ (સુ)ગંધ હતી કોઈ દાળની ... જે એ કલાકારે બનાવી હતી, અહીં ... આ જ રસોડામાં. ને પછી ફરતું કર્યું 'તું એને. ને સાથે ફેલાઈ 'તી એ વાસ ચોતરફ ! જોનાર અમે બધાંએ બંધ બેસતી પાઘડી પહેરી લીધી : કોઈને યાદ આવી ત્સુનામીની ... તો મારા જેવાંને ધરતીકંપની ...

હજી એ કંપનો ઓસર્યાંયે નહોતાં. અમે ઘેરાયેલાં હતાં એ દાળથી ... ને ત્યાં જ થયું નાક પર બીજું આક્રમણ - ચોકલેટી ... હા, અમે હતાં એક ઓરડામાં જેની બધી દીવાલો ચોકલેટથી લીંપાયેલી હતી ! થોડી વિચિત્ર ને ઘેરી એ અનુભૂતિ પચાવતાં અમને થોડી વાર લાગી 'તી ... ને હવે, આ હતો સાવ છેલ્લો વિભાગ ... એક વિશાળ ઓરડો, વચ્ચે માત્ર એક મોટો ઢગલો. સફેદ ખાંડનો (!!!) ... ને એમાં ખોસેલી એક ટ્રોલી ... શૉપિંગ મૉલમાં ખરીદીનો સામાન રાખવા માટે મળતી ... ! શું એ સીધો - સંદર્ભ હતો આપણા 'અતિ ઉપભોગ'નો ... ? ખરીદીની ઘેલછાનો ... ? એક કટાક્ષ કહી શકાય આપણી જરૂરિયાત ઉપરાંતની વસ્તુઓ લેવા અને સંઘરવા તરફનો ... ?

પ્રશ્નાચ્છાદિત અમે બહાર નીકળ્યાં. આ ખૂબ જ વિચિત્ર લાગતાં એક્ઝિબિશને મન-મસ્તિષ્ક પર જાણે કબજો જમાવી લીધો. આર્ટ, અને એમાં ય મૉડર્ન આર્ટ સમજવા કોઈ જુદું ગજું જોઈએ. ... (મારી એના માટેની સાદી વ્યાખ્યા એ, કે જે ન સમજાય તે મૉડર્ન આર્ટ ... !) કે પછી કલાકાર એની સમજથી આપણને બાંધવા નથી માગતા હોતા. એ તો મૂકી દે છે બધું આપણી સમક્ષ. વ્યક્તિગત સમજણ ને અર્થઘટન માટે. અને કલાનો ઉદ્દેશ પણ એ જ છે ને - નિર્બંધતા ... ...

પણ આ મનોમંથનનો અંત આણવા હું મૂળ સુધી પહોંચી, ને જાણ્યું કે આ આખી તો એક ચળવળ છે : Eat Art Movement. જેને આ નામ આપ્યું છે દાનિએલ સ્પોએરિ (૧૯૩૦), એક સ્વિસ કલાકારે. સ્પોએરિ અને દાએતર રોથ(૧૯૩૦, સ્વિસ - જર્મન)ને આ ચળવળના ભિષ્મ પિતામહ ગણી શકાય. ... એમણે New Realism(વાસ્તવવાદ)ને પોતાના વિષયોમાં વણ્યું. અને એને પ્રસ્તુત કર્યું કલાના માધ્યમથી. એમની કૃતિઓનો મુખ્ય વિષય રહ્યો : ખાદ્ય ચીજ-વસ્તુઓ ને એને લગતું બધું જ ... જેમાં વપરાયેલી, વધેલી, બગડતી અને વાસ મારતી ચીજ વસ્તુઓ પણ (તો ખાસ જ) ખરી. એને લીધે તો દાએતર રોથ લોકોમાં દાએતર 'રોટ' ( rotten=સડેલું) તરીકે ઓળખાય છે!

આ ચળવળનો એમનો હેતુ સ્પષ્ટ : માણસમાં રહેલ અતિ સંગ્રહ, અતિ વપરાશ, અતિ ખરીદવૃત્તિ સામે લાલબત્તી. એમનું એ 'ફરતું રસોડું' પ્રતીક માણસની સર્જનશક્તિનું એ ચોક્કસ - પણ પછી ધીરે ધીરે એમાંથી પરિણમતી એક કચરાપેટીનું ... ! એ ટોપલી માણસનું મગજ પણ હોય ને શરીર પણ : વગર વિચાર્યે ભરાતું જાતું 'ફાસ્ટ ફુડ' વિચારો ને સંસ્કૃતિનું માર્યું ... !! એક તરફ વિકસતા દેશો - globalization - અને બીજી તરફ વિકસતી ને વકરતી અમીરી - ગરીબી ભેદરેખા ... આવી અનેક અણગમતી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિઓ પ્રત્યેનો રોષ પ્રગટ કરવા આ કલાકારો અવનવા પ્રયોગો કરે છે. ક્યાં આવાં એક્ઝિબિશન તો ક્યાંક વળી આખ્ખેઆખાં રૅસ્તોરાં પણ ચલાવે છે ... ગામે ગામ ને દેશ વિદેશમાં ફેલાતી જતી આ ઝુંબેશ ઘણે ખરે અંશે ખૂબ જ વિચિત્ર છે એ કબૂલ, પણ રમૂજો ને કટાક્ષોથી પર થયેલ 'માણસ'ને ઢમઢોરવા કાંઈ જુદું તો જોઈશે જ ને ? ધ્યાન ખેંચવા મનપસંદ. ને આકર્ષક તો ઘણું જોયું, તો હવે કંઈ થોડું અળવીતરું ને ન-પસંદ પડે એવું કેમ નહીં !!

એમનાં આ ચશ્માં પહેરીને જોયું ને ચારેબાજુ દેખાયા ઢગલાબંધ શૉપિંગ મૉલ ... આપણા ખરીદીપ્રેમ, સંઘરાખોરી, ઉડાઉવૃત્તિ, હુંસાતુંસી, લોભ ને લાલચના પાળિયા સમા ... !! ?? !?

**(સદ્‌ભાવ : ફોટાઓ - http://myexpatgermany.com/eat-art-exhibition-in-stuttgart)**

e.mail : jelamhardik@yahoo.com

ફરજિયાત અરબી ભાષાનું શિક્ષણ આપવા ફાળવવામાં આવે છે. ખાનગી શાળાઓના સંચાલકો અને બાળકોના વાલીઓ મને - કમને એ ફરમાન સ્વીકારતા થયા છે. બે વર્ષથી મારાં દીકરી જમાઈ (મૂળ ટેક્સન - અમેરિકન) અહીં વસ્યાં છે. તેમનાં બંને સંતાનો - આઠ તથા દસ વર્ષનાં - અરબી ભાષા વાંચતાં લખતાં થઈ ગયાં છે. સંતાનો અરબી ભાષા શીખે, અરબી સંસ્કૃતિની ઓળખાણ મેળવે, તે અનુસાર કેળવાય એમાં મારી દીકરી અને જમાઈ પણ ઘણાં રાજી છે.

અરબી ભાષા-સાહિત્યને પ્રોત્સાહન આપવા આ સરકાર દર વર્ષે પુસ્તક મેળાઓ યોજે છે અને પારિતોષિકો એનાયત કરે છે. માર્ચ મહિનામાં જ અરબી ભાષામાં લખાતી નવલકથાઓ માટે 'બુકર' પારિતોષિકની બરોબરીનો સમારંભ પાટનગર અબુ ધાબી ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં બે નવલકથાઓ ચૂંટાઈ. તેના લેખકને ૨૫ હજાર ડૉલરનું ઈનામ આપવામાં આવેલું. એક મહિલા લેખક સૌઉદી અરેબિયાનાં હતાં, તો બીજા હતા મોરોક્કોનિવાસી લેખક. આ બન્ને અરબી ભાષામાં લખાયેલી નવલકથાઓની કથાવસ્તુનો પ્રધાન ધ્વનિ હતો આરબ સમાજની જૂની માન્યતાઓ અને બંધનો પર પ્રહાર. સૌઉદી અરેબિયાની મહિલા લેખકે જૂનાં રીત-રિવાજો પર આકારા પ્રહાર કરી જણાવ્યું હતું કે આરબ જમાતમાં ક્રાંતિ લાવવી હોય અને ૨૧મી સદીમાં આરબ સંસ્કૃતિ મહાન બનાવવી હોય તો આવાં જૂનાં રીત-રિવાજો છાંડવાં પડશે.

દુબાઈ વિમાનમથક પર પહોંચતા જ પ્રવાસીને લાગે છે કે તે જાદુઈ વાતાવરણમાં પહોંચી ગયો છે. વિમાનમથકનું બાંધકામ, આકાર વગેરે ઈસ્લામી સ્થાપત્યની જ ઝાંખી કરાવે. અને જેમ જેમ મહાનગરમાં ફરતા જાઓ અને નાનામાં નાના મકાનથી માંડીને, અદ્યતન બંગલાઓ, ઈમારતોથી અવાક રહી જવાય. ગગનચૂંબી ઈમારતોને જોતાં જઈએ તેમતેમ ઈસ્લામી સ્થાપત્ય અને ઈસ્લામી ગણિતશાસ્ત્રની અસર પ્રવાસીના મનમાં પાકી થતી જાય. દુબાઈના મોટા મોટા શૉપિંગ મૉલ, હૉટેલો અને કંપનીઓનાં મથકોમાં દરેકમાં આધુનિક પશ્ચિમી તકનીકી - સગવડો સાથે એમના આકારોમાં ઈસ્લામી ઈતિહાસ, ભૂમિતિ અને સ્થાપત્ય વર્તાઈ આવે. દુબાઈના ઈબ્ન બટૂટાને નામ શૉપિંગ મૉલમાં લટાર મારીએ કે પછી બ્રુજ ખલીફા ટાવરનાં દર્શન કરીએ એટલે મોરોક્કોના જગવિખ્યાત ઈબ્ન બટૂટાના સમયની આરબ સંસ્કૃતિ માણતા હોઈએ તેવો અનુભવ થાય. આરબ પ્રજાની ૧૦મી સદીથી જાણીતા બનેલા ગણિત-ભૂમિતિ-વિજ્ઞાનના વારસાનો પરિચય મળતો થાય.

મે મહિના દરમિયાન, વળી, દુબાઈમાં એક નવો જ શૉપિંગ મૉલ ખૂલશે. તેમાં એક સીરિયન શિલ્પકારનું અદ્‌ભુત કળા-કામ મોખરે રાખવામાં આવ્યું હશે. એક પુરુષ અને સ્ત્રીનું ચાર મિટર ઊંચું આ શિલ્પ હશે. તે આરસપહાણમાં કોતરાયેલું છે. તેનો આકાર અમરાઈ પહેરવેશને સુંદર રીતે રજૂ કરવામાં ઢળાયો છે.

સંગીત - નૃત્ય અને બીજી લલિતકળાઓમાં પણ અમરાઈ સરકાર પ્રોત્સાહન આપવામાં પાછી પડતી નથી. ચાલુ મહિના દરમિયાન, અબુ ધાબી ખાતે પાટનગરમાં એક મોટો નૃત્ય મેળાવડો થઈ રહ્યો છે. તડામાર તૈયારીઓ થઈ રહી છે. 'ધ વર્લ્ડ ઑવ્ મ્યુઝિક, આર્ટ્સ એન્ડ ડાન્સ'ની આ ત્રીજી મજલિસ છે. ગયા વરસે એક લાખથી વધુ માણસો એને જોવા, માણવા, ભાગ લેવા દુનિયાભરથી આવ્યા હતા. અરબી સંગીત - નૃત્ય પોતાનું સામર્થ્ય અને પોતાની વિરાસત આ ત્રીજા મેળાવડામાં ય રજૂ કરે, એવું સ્વપ્ન આયોજકોનું છે.

અમીરાઈ રાષ્ટ્રના દેશો - દુબાઈ, અબુ ધાબી, શારજાહમાં થોડો વખત હરીએ, ફરીએ અને નિરીક્ષણ કરીએ તો એક વસ્તુ નક્કી થાય છે કે અહીંના શાસકો દરેક ક્ષેત્રમાં આધુનિક પશ્ચિમી વ્યવસ્થા અને સગવડો સાથે ઈસ્લામી તહઝીબની (શિષ્ટાચાર, પોતાની રીતભાત, પોતીકા જનજીવન તેમ જ પહેરવેશની) રંગોળી પૂરવાના તથા ઈસ્લામી સુવર્ણયુગની યાદ તાજી કરવાના પુષ્કળ પ્રયત્નો કરે છે.

આ દેશોની આબાદી ખનીજ તેલની આવકને આભારી છે. તેમની આર્થિક, સાંસ્કૃતિક પ્રગતિની હરણફાળમાં તેમના શાસકોની કુનેહ અને દૂરંદેશી જોવા પામીએ. વળી, પશ્ચિમી જ્ઞાન - વિજ્ઞાન - તકનીકી ભંડ0ારનો ય તેમને લાભ મળ્યો છે. તદ્દુપરાંત ભારતીય ઉપખંડના લોકોની કાળી મહેનતમજૂરી, લોહી ને પાણીથી આ દેશો આટલા પ્રમાણમાં વિકસ્યા છે.

આ વસવાટીઓ લાખોની સંખ્યામાં અહીં આવીને વસે છે. હમણાં જ એ વસ્તીના આંકડા બહાર પાડવામાં આવ્યા. અમીરાઈ રાષ્ટ્રની કુલ વસ્તી આઠ કરોડ અને ત્રીસ લાખની (8.3 million). આ આંકડામાં ફક્ત ૧૨ ટકા જ અહીંની મૂળ પ્રજાના છે; જ્યારે ૮૦ ટકા વસ્તી ભારતીય ઉપખંડના દેશોમાંથી આવીને વસેલા લોકોની જ છે. બાકીના આઠ ટકા યુરોપીય દેશોમાંથી આવેલા પ્રજાસમૂહથી બનેલો છે. દુબાઈની કુલ વસ્તી લગભગ એક કરોડની, પણ સ્થાનિક લોકોની વસ્તીની ટકાવારી ફક્ત અઢાર ટકા જ થવા જાય. એટલે, મહેરબાન વાચક, એક લાખ ૨૦ હજાર જ ! વસ્તીના આંકડાઓ જ્યારે બહાર પાડવામાં આવે છે ત્યારે રાજકારણીઓ - શાસકો મૂંઝવણ અને ચિંતા અનુભવે છે. તાજા બહાર પડેલા આ આંકડાઓ પર એક રાજકારણીએ ટિપ્પણી કરતાં કહ્યું હતું કે આ સ્થિતિ અસહ્ય છે. બીજા દેશોમાંથી વસાહતીઓ - કામદારો, મજદૂરો વગેરેને ભરતી કરવાની પ્રથામાં ફેરફાર કરવાની તેમની માગણી હતી, જેથી ૨૦૨૧ સુધીમાં અમીરાઈ પ્રજાની ટકાવારી ૪૦થી ૫૦ સુધી પહોંચી જાય. આ વિચારસરણીનો જો અમલ થાય તો પૂર્વ આફ્રિકાના દેશોમાં ૧૯૬૦-૭૦ના અરસામાં વસાહતીઓને જે પ્રશ્નો મૂંઝવતા હતા તેવા અહીં પણ પુન: ઉપસ્થિત થવાની એંધાણી આમાંથી આવી મળે છે.

આવી આવી ચિંતાઓ છે ખરી; પરંતુ બધું કાળના ગર્ભમાં; તેનો ભલા શો નતીજો હોય ? અબીહાલ, તો અબુ ધાબીના શાસક કહી રહ્યા છે, અમારા રાષ્ટ્રમાં દુનિયાના બસો જેટલા દેશોમાંથી લોકો આવીને વસ્યા છે. અમે તેમનું સન્માન કરીએ છીએ. અગ્નિ એશિયામાંના ફિલિપાઈન્સ દેશના એક પ્રધાનની તાજેતરની એક મુલાકાત વેળા તેમણે ત્યાં સુધી કહેલું કે હજુ તમારા દેશથી બે લાખ જેટલા વધુ લોકો આવે એવી અમે વ્યવસ્થા કરવા રાજી છીએ.

આવી કોઠાસૂઝ અને કુનેહ આ શાસકોમાં રહ્યા કરે એમ ઈચ્છીએ.

c/o e.mail : deepikanevill@yahoo.com

## ગઝલ

**• અહમદ ગુલ**

અવનિ પર વંટોળ જ્યારે જોરથી ફૂંકાય છે
ઘાસ આણનમ રહે, પણ ઝાડ ઉખડી જાય છે.

સાંજ પડતાં સૂર્યને ઘર યાદ આવી જાય છે
ભાગ્યહીનો, ઘર તજીને રાતભર અટવાય છે

એક રમતલ ઘર, કલહકંકાસથી તૂટી પડે
એની ઈંટોથી, પ્રથમ સંતાન ઘાયલ થાય છે.

ખાંડના ખાતર થકી એને ઉછેરો તે છતાં
લીમડો તો આખરે, કડવો જ સાબિત થાય છે.

કેટલો પણ હોય નાનો, હોય જો સાચો અવાજ
લોકના કાનો સુધી નિશ્ચિત પહોંચી જાય છે

કમનસીબે છે અમારી વચ, તફાવત એટલો
મૌનમાં ઉઘડું, અને એ શબ્દમાં મૂંઝાય છે.

હોય ચેપી એટલું ગુલ આંખનું અકસર મિલન
જે ઉભય મળતાં, જનમનો રોગ લાગી જાય છે.

[27 James Street, BATLEY, West Yorkshire
WF17 7PS, U.K.]

## તમારા ગયા પછી !

○ ચીમન પટેલ 'ચમન'

ઘરમાં લાગે છે બધું શૂન સાન, તમારા ગયા પછી,
અકળાઈ રહ્યો એકલો આજ, તમારા ગયા પછી!

પથારીમાં પડતાં જ ઊંઘ જે મને આવતી હતી,
ઊડી ગઈ કોણ જાણે એ આજ, તમારા ગયા પછી!

બપોરની નીંદ પછી ચા મસાલાની જે મળતી'તી,
ન શિખ્યાના થયા છે બે હાલ, તમારા ગયા પછી!

ખાવા મળે છે ખૂબ વાનગીઓ આપણા મિત્રોને ત્યાં,
ઊડી ગયો છે રસોઈનો સ્વાદ, તમારા ગયા પછી!

લખાવાનું મળશે મોકળાશે ઘણું-બધું હતું જે મને,
કલમ મારી રહે છે ઉદાસ, તમારા ગયા પછી!

પી લઉં છું બે-ચાર બિયર ઓફિસથી આવી ક્યારેક,
થતી નથી નશાની કોઈ અસર, તમારા ગયા પછી!

સમજાઈ નથી તમારી જે વાત મને આજ સુધી,
ઉતરી ગઈ છે એ ગળે વાત, તમારા ગયા પછી!

મિત્રો ભલેને કહે 'ચમન' પ્રેમમાં લાગે છે પાગલ,
સમજાઈ છે મને સ્નેહની વાત, તમારા ગયા પછી!

૨૪ સપ્ટેમ્બર ૨૦૦૫
('રીટા'ની ચિંતામાં)
સમજૂતી : 'સ્ટોર્મ' રીટા - 'કત્રીના'ની બહેન

•

## બેસતા કરી દીધા !

○ ચીમન પટેલ 'ચમન'

નાના-મોટાઓને કોમ્પ્યુટર પર બેસતા કરી દીધા!
'સેલ-ફોન' પર શાકભાજી પણ વેચતા કરી દીધા!

ટેક્નોલોજી તો ભઈ વધી રહી છે જુઓ ચારે કોર,
આપણા ગુણાકાર ને ભાગાકાર ભૂલતા કરી દીધા!

સવારના પહોરમાં નિયમિત ન્હાવાનું જે છોડીને,
'ઈમેલ'ના સરોવરમાં ડૂબકી મારતા કરી દીધા!

ચસ્કો ખાવાનો બધાનો જુઓ વધતો જાય છે આજે,
'સ્પેસ'માં સુનીતાને સમોસા પણ ખાતા કરી દીધા!

પૈસા પડાવનાર પાત્રો વધી રહ્યા જૂઓ અહીં પણ?
વિમાનો ને વહાણો ઉપર કથાઓ કરતા કરી દીધા!

'રોલેક્સ' પહેરી 'મરસીડીઝ'માં ફરો છો તમે તો,
અમારા અવસરો પર મોડા કેમ આવતા કરી દીધા?

કથાઓ કરાવીને પણ વ્યથાઓ કોઈની ઘટી નથી,
કુટુંબો વચ્ચેના ક્લેશ પણ કેમ વધારતા કરી દીધા?

વસ્તી આપણી અહીં વધી રહી ઘણી બધી તો,
રસ્તે કદીક મળતાં મુખ કેમ ફેરવતા કરી દીધા?

હાથ લંબાવતું નથી કોઈ સહારો આપવા આજે તો,
ઈર્ષામાં એક બીજાના જૂઓ પગ ખેંચતા કરી દીધા!

સ્મશાન વૈરાગ્ય આવવો શક્ય નથી 'ચમન' હવે?
'ઈલેક્ટ્રીક' ભઠ્ઠામાં મડદાં ઝટ બાળતા કરી દીધા!

૧૯ સપ્ટેમ્બર ૨૦૦૯

•

## રંગરાગ

○ ચીમન પટેલ 'ચમન'

આજ
ધૂળની જેમ
ઊડી રહી રંગની છોળો
એકલવાયા
મારા મનને
શીદ આવી ઢંઢોળો ?

રંગ ઘોળ્યો દિલડું ડહોળી
ભરી પિચકારી એમાં બોળી.
પણ -
રમવી કોની સંગમાં હોળી ?

આજ તો,
મારે ય છે રંગા'વું,
પિચકારીએ છે છંટા'વું
સંગે રમી
રંગે રમી
દિલડું મારે ય છે બહેલા'વું !

ઉરના કો એકાંતે
આવી 'એ' લઈ પિચકારી
રંગી દીધો
ભીંજવી દીધો
મને એના કસુંબલ રંગથી !

ત્યારથી -
એ રંગરાગમાં
એની સંગમાં
આજ લગી રંગાયેલ છું !!

૩ માર્ચ ૧૯૬૫ (ધૂળેટી)
e.mail : chiman_patel@hotmail.com

•

## ભૂકો મોતીનો

• દીપક બારડોલીકર

એ
માની દુઆનું કવચ હતું,
કે સૈનિક
સામી છાતીએ
ગોળીઓ ઝીલતો
દુશ્મનો પર દોડી ગયો !
– વિજયધ્વજ રોપી ગયો !

(૨)

તેલ છે
તો નાખો ને
એક તણખો !
આમ કુટાતા રહેશો
અંદારે
ક્યાં સુધી ?!

(૩)

તાલિબાન !
અરેરે –
જાલિમાન !!

(૪)

ભૂકંપ,
પૃથ્વીની ક્ષુધા હશે, કદાચ !
એ
પુષ્કળ
ઓઈયાં કરી જાય છે !

(૫)

હું
ખુરશીને છોડું,
પણ ખુરશી
મને છોડતી નથી
તેનું શું ?!
છો કોઈ ઉપાય ?!

(૬)

ખુરશીમાં
કદાચ કરામત હશે
કે એક માઈકાંગલો
જોતજોતામાં
મસ્તંડો થઈ ગયો !!

(૭)

હિંસ્ર પશુઓ
એક સમયે
એકથી અધિક
શિકાર મારતાં નથી !

(૮)

એ
ભૂકો હતો મોતીનો.
પડ્યો રાખમાં
ને તુચ્છ રાખ
બની ગઈ ઉચ્ચ !
જાણે તારાખચિત આકાશ !

[136 Stamford Street, Old Trafford,
MANCHESTER M16 9LR, U.K.]

•

## દિલને જોડો

• જનક નાયક

ઈશ્વરબિશ્વરને સૌ છોડો,
બસ, માણસની વાર્તા માંડો.

માણસનું ઘર ભાંધો છો, તો,
વચમાં રાક્ષસ ક્યાં બેસાડો ?

વિશ્વવિજેતા બનવા માટે,
દોસ્તો ! માણસને ક્યાં ફોડો ?

કાંટાઓથી ગભરાઈને,
જીવનનાં ફૂલ શાને તોડો ?

આનંદ માટે રસ્તો સીધો,
બે માણસના દિલને જોડો.

ઈશ્વર બનવાની છે ઇચ્છા ?
'હું' ને બસ 'હું'થી સંતાડો.

[૧૦/૧૧૮૩, કિતાબ મહલ, નંદશંકર મહોલ્લો,
ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૧, ભારત]

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ...



તે દિવસે જગતે ભાળી મહાન વ્યક્તિઓની આ એક ઐતિહાસિક છબી છે. આમ જોવા જઈએ તો તેને ય હવે ૧૧૮ વર્ષ જેટલું અંતર થવામાં છે. કહે છે કે તે દિવસ હતો : ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩. 'આર્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ શિકાગો'ના સભાખંડમાં પહેલવહેલી ધર્મ સંસદ મળેલી તેનું આ એક વેધક અને પોરસાવતું દૃશ્ય છે. બીજા બધાની જોડે ચિત્રમાં પહેલી હરોળમાં, ડાબેથી, પહેલા વીરચંદ રાઘવજી ગાંધી અને ત્રીજા સ્થાને સ્વામી વિવેકાનંદ સહજ પરખાઈ આવે છે.

બાંગલા નવજાગૃતિના જ્યોતીર્ધર સમ મશાલચીઓમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ ઉપરાંત કવિવર રવીન્દ્રનાથ ટાગોર મોખરે છે. ગુરુદેવ રવિ ઠાકુરની જયંતીનું આ વળી દોઢસોમું વરસ છે અને ઠેર ઠેર તેનાં ઓવારણાં લેવાઈ રહ્યાં છે.

વારુ, 'વિશ્વ ધર્મ પરિષદ'નો ૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ આરંભ થયો અને તે સાંજની બેઠકમાં સ્વામી વિવેકાનંદે ટૂંકું ભાષણ આપ્યું. એમણે કરેલું સંબોધન, 'બહેનો અને ભાઈઓ' સહુને આકર્ષી ગયું અને કહે છે કે સભાએ તાળીઓના ગડગડાટથી એમના શબ્દો વધાવી લીધા હતા. 'ગુજરાતી વિશ્વકોશ'ના ખંડ ૨૪માં આપ્યા પ્રફુલ્લ રાવલના અધિકરણ અનુસાર, એ વ્યાખ્યાનમાં એમણે કહેલું : 'મને ગર્વ થાય છે કે હું એક એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું કે જેણે જુલમનો ભોગ બનેલા તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે.'

બીજી પાસ, ઈન્ટનેટી વિશ્વકોશ - વિકીપીડિયા'ની નોંધ અનુસાર :

Dr. Barrows, the president of the Parliament said, "India, the Mother of religions was represented by Swami Vivekananda, the Orange-monk who exercised the most wonderful influence over his auditors." He attracted widespread attention in the press, which dubbed him as the "Cyclonic monk from India". The New York Critique wrote, "He is an orator by divine right, and his strong, intelligent face in its picturesque setting of yellow and orange was hardly less interesting than those earnest words, and the rich, rhythmical utterance he gave them." The New York Herald wrote, "Vivekananda is undoubtedly the greatest figure in the Parliament of Religions. After hearing him we feel how foolish it is to send missionaries to this learned nation." The American newspapers reported Swami Vivekananda as "the greatest figure in the parliament of religions" and "the most popular and influential man in the parliament".

પ્રફુલ્લ રાવલ વિશેષે લખે છે : વિવેકાનંદના વ્યાખ્યાનમાં હૃદયને સ્પર્શતી સચ્ચાઈ અને દૃષ્ટિબિંદુની વિશાળતાએ સભા મુગ્ધ થઈ અને સ્વામી વિવેકાનંદ છવાઈ ગયા. એ પરિષદમાં એમણે પછીથી 'હિન્દુ ધર્મ' વિશે વ્યાખ્યાન આપેલું જેનાથી એમની ખ્યાતિ વિશ્વમાં થઈ. ત્યારે એમણે સભાને 'અમૃતનાં સંતાનો' એવું સંબોધન કર્યું હતું. એ ધર્મ પરિષદમાં એમણે 'ભારતવર્ષને ધર્મની તાત્કાલિક જરૂર નથી' અને 'બૌદ્ધ ધર્મ એટલે હિન્દુ ધર્મની પૂર્તિ' એ અન્ય બે વ્યાખ્યાઓ આપ્યાં હતાં. એમના વક્તવ્યથી સહુ પ્રભાવિત થયેલા અને "ધી ન્યૂયૉર્ક હેરલ્ડ"માં લખાયું હતું કે, 'સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ પરિષદની સૌથી મહાન વ્યક્તિ છે, એમાં શંકા નથી. એમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી એમ લાગે છે કે આવી સુશિક્ષિત પ્રજા માટે મિશનરીઓને મોકલવા એ કેટલું મૂર્ખાઈ ભર્યું છે.' એમના વિચારોથી એ પૂર્વના સંદેશવાહક મહાપુરુષ રૂપે ઓળખાયા. એમને અમેરિકામાં અનેક વ્યાખ્યાનો આપીને હિન્દુ ધર્મની ભવ્યતા ઉજાગર કરી.

# સાત સમુંદર પાર આપણો સહવાસ

• લક્ષ્મી આયંગર

ફેબ્રુઆરી ૨૦૧૦ના અરસામાં સુદર્શને જણાવેલું કે 'હિન્દ સ્વરાજ' વિશે વ્યાખ્યાન આપવા તેને લંડન જવાનો જોગ ઊભો થાય તેમ છે. મારે પણ તેની સાથે જોડાવું તેવો તેનો આગ્રહ હતો. પખવાડિયા જેટલો સમયગાળો પરદેશ ગાળવાનો થાય તેથી કામને, પ્રવૃત્તિને આઘીપાછી કરવાની થાય. દીકરો શ્રીકાન્ત હામ ભીડતો રહ્યો. કહે : મા, તું જા. અહીં હું જોઈ લઈશ; સંભાળી લઈશ. મને રાહત થઈ ને મારા આનંદ ઉત્સાહ બેવડાયા. મેં તૈયારીઓ આદરી.


દરમિયાન મારાં કામ અને તાલીમના વર્ગોનો સિલિસલો ચાલુ હતો. બીજી પા, વીઝા મેળવવાની ઝંઝટ હતી, વિમાની ટિકિટ મેળવવાની જવાબદારીઓ સમ્પન્ન કરવાની હતી. દોડાદોડી વધી. ઘર કરતાં ઘર બહાર પગ વિશેષ દોડતા રહ્યા. અને આખરે વીઝા મળ્યા, વિમાની ટિકિટ અંકે કરી લીધી અને પછી સુદર્શન અને હું ૧૮ માર્ચ ૨૦૧૦ના દુબાઈ જવા નીકળી ગયાં. મારાં નણંદની દીકરી અને જમાઈ દુબાઈ સ્થાયી થયાં છે. આમ ત્યાંથી લંડન પહોંચવાનો અમારો આશય હતો.

વળતી સવારે દુબાઈ પહોંચ્યાં. સ્મિતાએ સસ્મિત અમારું સ્વાગત કર્યું. અમે પરવાર્યાં. શિરામણ પતાવી અમે તો નગરદર્શન માટે જવાના હતાં. પરંતુ તેમ થવું શક્ય થયું નહીં. તે દિવસોમાં સ્મિતા બેજીવી હતી અને તેના છેલ્લા દિવસો ચાલતા હતા. પ્રસવની વાર હતી, પરંતુ અચાનક તેને દુખાવો આરંભ થયો. પ્રસવકાળ આવી રહ્યો હશે તેવી આશંકા થઈ અને અમે સૌ તેને લઈને દવાખાને ગયાં. દાક્તરે સ્મિતાને તપાસી. કહે, પ્રસવની આ તૈયારી છે. આવતી કાલ સવાર સુધીમાં ફેંસલો આવી પણ જાય. અમારે લંડન જવાની તારીખ હતી. તેને બે દિવસ ઢીલમાં નાંખવી પડી, નિયમ અનુસાર વીઝાની પણ જોગવાઈ કરી લીધી.

સ્મિતાએ દીકરાને જન્મ દીધો. સરસ મજાનો દીકરો. માતા-બાળક ૪૮ કલાક સ્વસ્થ રહ્યાં.. સઘળું સમુંસૂથરું હોય તેમ લાગતું હતું, અને તેથી અમે હળવાશે લંડનની વાટ પકડી.

બાવીસમીની વહેલી સવારે અમે લંડન પહોંચ્યાં. ગેટવિક વિમાનમથકે વિપુલભાઈ સામે આવેલા. ઉમળકાભેર અમારું સ્વાગત કર્યું. અમને ઊતારા વગેરેની સ્વાભાવિક ઉત્કંઠા હતી. અમારાં યજમાન કુંજબહેન અને વિપુલભાઈ હૂંફાળા ઉમળકે એમને ઘેર અમને લઈ ગયાં અને અમે હળવે હળવે સરસ રીતે ગોઠવાઈ ગયાં. અમારી ઝીણીમોટી જરૂરિયાતો ય સંચવાતી રહી. અમે પોતીકા માહોલમાં જ હતાં તેમ હવે લાગતું હતું. કુંજબહેનને અમે, આથીસ્તો, 'મોટીબહેન'નું બિરુદ આપ્યું છે.

ઔપચારિક કાર્યક્રમ સિવાયના બાકીસાકી દિવસોના પ્રવાસની ગોઠવણ કરવાની હતી. ક્યાં ક્યાં જવાનું ? શું શું કરવાનું ? વિચારવિમર્શ થયો, અમારી અપેક્ષાઓ જાણી અને આમ અમે આખરી ઓપ આપી પણ દીધો. વિપુલભાઈએ સરસ મજાની ગરમગરમ, મસાલેદાર ચા બનાવી અને કુંજબહેને લગાવેલા નાસ્તાને અમે ન્યાય આપ્યો. પ્રવાસનો અમને થાક હતો તેથી આ પહેલા દિવસે અમે આરામ જ કર્યો. ઘરે જ હતાં. વળતે દિવસે શશીબહેન અને રમણભાઈ પટેલના સંગાથમાં અમે વેમ્બલી, સાઉથહૉલની લટાર મારી આવ્યાં. સાઉથહૉલના હેવલોક રોડ અને પાર્ક એવન્યૂના નાકે આવેલા જગપ્રસિદ્ધ ગુરુદ્વારા શ્રી ગુરુ સિંઘ સભા સ્થાને અમને એ દંપતી લઈ ગયું. કહે છે કે ૧૯૬૭ના અરસામાં શિખ કોમે આ જગ્યાનો કબજો લીધો અને ૨૦૦૩ સુધીમાં આ આલિશાન ગુરુદ્વારાની રચના કરવામાં આવી હતી, તેમ રમણભાઈ અમને સમજાવતા હતા. 'લઘુ ગુજરાત'થી 'લઘુ પંજાબ'ની આ સફર આમ યાત્રામાં ફેરવાઈ ગઈ. ચોપાસના વિસ્તારમાં લટાર લઈને ગ્રિનફર્ડમાં આવ્યા તેમના ઘેર અમને રમણભાઈ તેડી ગયા. બપોરનું ભોજન કર્યું, આરામ કર્યો અને ફેર પાછા ઊતારે આવી રહ્યાં.




e.mail : mahendraaruna1@gmail.com

પછીનો દિવસ બુધવાર હતો. વિલાસબહેન ધનાણી તથા ભદ્રાબહેન વડગામાની નિશ્રામાં 'શ્રાવિકા સત્સંગ મંડળ'ની બહેનો જોડે વખત ગાળવાનું ગોઠવાયું હતું. નિયત સમયે કુંજબહેન અમને લઈ ગયાં. આ બહેનોની પ્રવૃત્તિ પિછાણી. તેમનો પરિચય પણ કેળવ્યો. સારુ; લાગતું હતું. સુદર્શન અને હું શું શું કામ કરીએ છીએ તેની ઝાંખી પણ અમે આપી. બપોરે આ બહેનો સંગાથે ભાણું લીધું. રોંઢા સમયે કુંજબહેન મને ખરીદી માટે લઈ ગયાં. તે કહે: તમને ગમે તે ખરીદજો અને સુદર્શનભાઈને પૂછવા ન જ રહેશો. મજામસ્તી કરતાં કરતાં ખરીદી કરી. દેશી શાકભાજી અને ફળાદિનાં પાથરણ ચોમેર જોઈ સારું લાગતું હતું. વિલાયતમાં પણ આવું આવું ભાળ્યાંની નવાઈ પારાવાર રહી.

ગુરુવાર, ૨૫મી માર્ચે અમે નિરંજનાબહેન દેસાઈની નિશ્રામાં હતાં. નીરુબહેન અમને શહેરની સહેલગાહે લઈ જવાના હતાં. કુંજબહેન અમને વેમ્બલી પાર્ક અન્ડરગ્રાઉન્ડ સ્ટેશને નીરુબહેનને હવાલે મૂકી ગયાં. ટ્યૂબની સરસ મજાની વ્યવસ્થાથી હું આભી થઈ ગઈ. સૌ પહેલાં અમે બૃહદ્ લંડન માટે કામ કરતાં 'ગ્રેટર લંડન ઑથોરિટી'ના મથકે પહોંચ્યાં. મહાનગર લંડનની ધારાસભા અને સિટી હૉલ ત્યાં આવેલા છે. લેબર પક્ષના સભાસદ નવીન શાહને અમારે ત્યાં મળવાનું હતું. ત્યાંથી ટાવર બ્રિજ અને ટૅમ્સ નદીને કાંઠે થોડુંક રખડ્યાં. બપોરનો નાસ્તો લઈ અમે પહોંચ્યાં લંડન મ્યુઝિયમ. બહુ જ સુંદર અને ભવ્ય સંગ્રહાલય. ઠંડો પવન ફૂંકાતો હતો, વરસાદની હળવી છાલક લાગતી હતી અને ઘર ભેગા થઈ જવાનો અમે મનસૂબો કર્યો. અમારા માટે ગરમ ગરમ ચા અને બટાટા પૌઆનો નાસ્તો તૈયાર હતો. અને અમે વાતે વળગ્યાં. નિરંજનાબહેન પણ અમારી જોડાજોડ હતાં. એમના વિદ્વાન પિતાજી ગોરધનભાઈ પટેલની અનેકવિધ વાતોને પણ અમે આવરી લીધી હતી. પેટ ભરાય ત્યાં સુધી અમે વાતો ને વાતો જ કરી. વખતનો કોઈ નેઠો જળવાયો નહીં !

અમારો એક ભાણેજ, કાર્તિક અહીં વસવાટ કરે છે. તેણે ૨૬મીએ રજા લીધેલી, વળી અમને હેરવવા ફેરવવાની ય તેણે વ્યવસ્થા કરી. 'એક્શન રિસર્ચ ઇન કમ્યુનિટી હેલ્થ ઍન્ડ ડેવલપમેન્ટ' સાથે સંકળાયેલા ધરમપુરસ્થિત અમારા મિત્ર અનિલભાઈ પટેલના ભાઈ પ્રવીણભાઈને લઈને કાર્તિક અમને તેડવા આવેલો. પ્રવીણભાઈનો પરોક્ષ પરિચય જ અમને હતો, પરિણામે અમે તો પહેલી વાર રૂબરૂ મળતાં હતાં. કાર્તિક અને તેની પત્ની નેહા સંગાથે વખત ગાળી શકાય જાણી અમે તેમને જ ત્યાં રાતવાસો કરવાના હતાં. બીજે દિવસે સવારે પરવારી અમે તો લંડનને ધમરોળવા નીકળી પડ્યાં. નેહા કામે ગઈ હતી અને અમે કાર્તિકની રખેવાળી હેઠળ હતાં. હૅરોના અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનથી અમે ઑક્સફર્ડ સ્ટ્રીટની વાટ પકડી. ઑક્સફર્ડ સ્ટ્રીટ પર અમે ઠલવાયાં. વિશ્વવિખ્યાત 'વેસ્ટએન્ડ' પરના ઝાકઝમાળ સ્ટોર્સની દુનિયામાં અમે વહેતા રહ્યાં.

મોટી અને મોંઘી એ દુકાનો. કેટકેટલી વસ્તુઓનું એ ઘર. ભૌતિક સુખને કાજે દોટ મૂકતા લોકને સારુ બજારુ દર. મને થાય : સાબુ, ચપ્પલ, કપડાં વગેરે જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ આટઆટલી મોંઘી કેમ હોય ? અને આવી મોંઘી વસ્તુઓની જરૂર શા માટે ? વટાવ દરે રૂપિયા બસ્સો - ત્રણસોના દરે જાત જાતના સાબુ મળે. શરીરની સુંદરતા માટે, મારે મન, સાબુનું શું કામ ? તે તો શરીર પરનો મેલ કાઢવાનું સાધન માત્ર છે. તેની આટલી કિંમત ? મન સુંદર હોય તો શરીર સુંદર રહે. શરીરનાં સ્વાસ્થ્ય માટે લીમડાનો સાબુ બસ છે. મૂળે ચામડી સ્વચ્છ રહેવી જોઈએ. ખેર !

પિકાડિલી સર્કસ, આર્ટ મ્યુઝિયમ, ટ્રફાલગર સ્ક્વેર, બીગબેન ટાવર સહિત પાર્લામિન્ટ હાઉસ, બકિમહામ પેલેસ, લંડન આઈ, ડાઉનીંગ સ્ટ્રીટ વગેરેનો ચક્ષુભોગ કર્યો. માંહ્યલીકોરના સહેલાણીને લંડન માણવા દીધું. આખો દહાડો ચાલ ચાલ કર્યું, તેથી થાક હતો. વળી ટાઢ અને વરસાદ પણ હતાં. અને આમ અમે સાંજ પહેલાં ઘેર ભણી વળ્યાં. કાર્તિક અને સુદર્શને સાથે મળી રસોઈ બનાવી. હું તો થાકી હતી. આરામ કરતી રહી. મોડી સાંજે નેહા કામેથી પરત આવી. જમી પરવાર્યા અને સુદર્શન વિપુલભાઈ સાથે કોઈક વિચારવિમર્શમાં અને હું સ્થાનિક બજારમાં નાનીમોટી ખરીદી માટે વ્યસ્ત રહી.

રવિવારનો દિવસ એટલે ૨૮ માર્ચ ૨૦૧૦ - અમારો કેન્દ્રવર્તી કાર્યક્રમ; જેને સારુ અમારું લંડન આવવાનું ગોઠવાયું હતું. 'હિંદ સ્વરાજ' લખાયું તેની શતાબ્દીનું આ વરસ હતું અને "ઓપિનિયન"ના સંકેલાના અવસર ટાંકણે 'હિંદ સ્વરાજ' પર જાહેર ચર્ચાવિચારણા ગોઠવાઈ હતી. સુદર્શનનું વક્તવ્ય અવસર ઉચિત ગોઠવાયું હતું. "ભૂમિપુત્ર"વાળા કાન્તિભાઈ શાહ પણ આવવાના હતા, પરંતુ હરવિલાસબહેન શાહની શારીરિક પ્રતિકૂળતાઓને કારણે એમનું આવવાનું રદ્દ હતું. જ્યારે 'ગાંધી સ્મારક નિધિ', મુંબઈનાં એક અગ્રેસર ઉષાબહેન ઠક્કર બીજાં એક વક્તા હતાં. કાર્યક્રમ ખૂબ વ્યવસ્થિત હતો અને સુંદર સુવાંગ હતો. સવારે નવથી સાંજે સાત વાગ્યા સુધી ભરચક્ક, જુદી જુદી ત્રણ બેઠકો. બપોર અને સાંજે ભોજનપાણીની પણ સોઈ. વચ્ચે વચ્ચે ચાપાણીની ય સગવડ.

કાર્યક્રમમાં દૂરદૂરથી લોકો આવેલાં. અનેકોનો પરિચય થયો. વિલાયતની ઉમરાવ સભાના સદસ્ય નવનીત ધોળકિયા પણ પૂરેવચ્ચ હતા.

સુદર્શનને શુમાકર કૉલેજ જોવાની ઇચ્છા. વિલાયતના નૈઋત્ય ખૂણે ડેવનનું પરગણું. તેમાં ટોટન્સ નામે ગામ અને તેમાં ડાર્ટિંગટન હૉલ ખાતે સન ૧૯૯૧ વેળા સતીષ કુમાર, જહોન લેઇન વગેરેએ આ કૉલેજની સ્થાપના કરેલી. ગાડી લઈને જઈએ તો ચારેક કલાકનો એક તરફી પ્રવાસ. અગાઉથી ગોઠવણ કરીને કાર્યક્રમની વ્યવસ્થા કરેલી. રમણભાઈ પટેલની ગાડી સોંઢાઈ હતી. સુદર્શન, રમણભાઈ, શશીબહેન, વિપુલભાઈ ઉપરાંત હું ગાડીમાં ગોઠવાયા હતાં. સતીષ કુમારને ય જાણ કરી રાખેલી. એ પણ અમારી રાહ જોતા હતા. બપોરે પહેલાં પહોંચી ગયાં. અને અમે ખંડમાંના અભ્યાસકામમાં શરીક થઈ ગયાં. સતીષ કુમાર વર્ગ લઈ રહ્યા હતા. મધ્યાન્તરે બપોર ટાણે અમારે સારુ ઉચિત અને પથ્યકર ભાણાંની પણ જોગવાઈ કરાઈ હતી. સતીષભાઈ તેમ જ સુદર્શન વચ્ચે તાત્ત્વિક તેમ જ અભ્યાસને લગતો વિચારવિમર્શ ચાલતો રહ્યો. અનુકૂળતાએ અમે ય વાતમાં જોડાઈ જતા હતાં. શુમાકર કૉલેજ તેમ જ ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે વિદ્યાર્થીઓની કઈ રીતે આપ-લે કરી શકાય તેની પણ પ્રાથમિક ચર્ચાવિચારણા કરાઈ. એકબીજાનો લાભ લઈ શકાય તેની જોગવાઈ અંગે પણ વાતો થઈ. બંને બાજુ સંકલનનું વિચારવું જોઈએ તેમ બંનેનો સ્વીકાર હતો. ભોજનના સમય બાદ, ડાર્ટિંગટન હૉલને નિહાળ્યો. ફરીને ભણતર બાબતની અને આનુષંગિક વ્યવસ્થા ય અમને હરતાં ફરતાં દેખાડાઈ.

વળતાં અમે સર્નીગડેલ થઈને લંડન પહોંચવાના હતાં. બ્રિટનના જાણીતા શહેરી બાબુભાઈ આર. પટેલના અમે મહેમાન હતાં. તેમનાં પત્ની ઉર્મિલાબહેને અમે હળવાફૂલ થઈ જઈએ તેવું સ્વાગત કર્યું. ત્યાં જ વાળું લેવાનું આગોતરું નિશ્ચિત થયેલું. દક્ષિણ ગુજરાતના કરાડીનિવાસી બાબુભાઈને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં દક્ષિણ ગુજરાતના ફાળાના ઇતિહાસમાં રસ. ગૂજરાત વિદ્યાપીઠ આ ક્ષેત્રે સંશોધન કામ કરે, કરાવે તો આર્થિક જોગવાઈની કુમક ગોઠવી આપવાનો બાબુભાઈને મનસૂબો. તે વિશે અછડતી વાતો ય થઈ.

હું તો વિચારોમાં ખોવાઈ જતી હતી. આજનો પ્રવાસ મને સુખકર લાગતો હતો. આ શુમાકર કૉલેજનું સ્થળ, તેની રચના મને પ્રાચીન કાળના કોઈક ગુરુકૂળની યાદ અપાવતાં હતાં. જાણે કે આધુનિક ઋષિ સતીષ કુમારનો આશ્રમ ! તેનું પર્યાવરણ, તેનું વાતાવરણ કુદરતને ખોળે હીલોળા લેવરાવતું હોય તેવો અનુભવ રહ્યો. અહીં દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે આગળ ધપવાની તક મળે તેવી જોગવાઈ વર્તાતી હતી. ખરેખર સુંદર જગ્યા હતી. એક સુખદ સંસ્થા પણ.

લાંબા પ્રવાસને અંતે દિવસનો થાક જામ્યો હતો, વળતર મેળવવા રાત ભારે રહી. તેથી મોડી સવારે જાગ્યાં. હળવાં બનતા જતા હતાં. રમણભાઈ પટેલ સંગાથે અમારે બકિંગમશર પરગણાની સહેલગાહે જવાનું ગોઠવાયું હતું. ધીમો ધીમો, ઝરમર વરસાદ હતો. સુદર્શન, વિપુલભાઈ અને હું ગાડીમાં ગોઠવાઈ ગયાં. રમણભાઈ અમને પ્રથમ પહેલાં વિન્ડસર કાસલ જોવા લઈ ગયાં. ટેમ્સ નદીને કાંઠે વસેલા વિન્ડસર ગામમાં પ્રદક્ષિણા લીધી. અને તેના જોડિયા ઈટન શહેરને ય અમે સલામ કરી. ઈટનની શૈક્ષણિક સંસ્થાઓ જગવિખ્યાત રહી છે. ટેમ્સ નદીને કિનારે કિનારે પગપાળા થોડુંક હર્યાં ફર્યાં. બન્ને નગરોને જોડતા પુલની રોનક ભાળી. રોમાંચ ખડો કરતાં વાતાવરણમાં સુદર્શને અને મેં ય કેમેરે છબી ઝડપી, ઝડપાવી.

ત્યાંથી પહોંચ્યા રનીમીડ. ઇતિહાસ જણાવે છે કે સન ૧૨૧૫ના અરસામાં આ ઐતિહાસિક સ્થળે 'મેગના કાર્ટા'નું કરારનામું થયું હતું. નાગરિકી અધિકારોની લાંબી લડત માટે, અહીં, જાણે કે પાયો નંખાયો હતો. આ ખતપત્રને કારણે કંઈ કેટલા દેશોના રાજ્યબંધારણમાં નાગરિકી અધિકારોને માનભર્યું સ્થાન મળી શક્યું છે. ઝરમર વરસાદ પડતો હતો અને છતાં સુદર્શન અને હું છત્રીને સથવારે આ સ્થળની યાત્રાએ જઈ આવ્યાં. ઠંડી લાગતી હતી. તેને ઊડાડવાને બહાને અમે બાજુની કાફેમાં જઈ ગરમ પીણું ય લીધું.

ફરી પાછો એક અગત્યનો દિવસ આવી પહોંચ્યો. તેને ય સારુ અમારું લંડન આવવાનું નક્કી થયેલું. "ઓપિનિયન", 'ગુજરાતી સાહિત્ય અકાદમી' તેમ જ 'નેહરુ કેન્દ્ર'ના સંયુક્ત નેજા હેઠળ 'હિંદ સ્વરાજ' બાબત જાહેર સભાની ગોઠવણ થઈ હતી. પરંતુ આ સભા તો સાંજે થવાની હતી. અમે સવારે વહેલા નીકળ્યાં. આ દેશમાં હિન્દવી ડાયસ્પોરા ક્ષેત્રે એકલવીર જેવું કામ 'મંદિર' રેસ્તોરાં અને 'નવકલા'એ કરેલું. તેના સર્વેસર્વા રમેશભાઈ બા. પટેલ 'પ્રેમોર્મિ'ને મળવા ગયા. કુશલ નામે આયુર્વેદની સેવાઓ પણ તેમણે વરસો લગી આપી. આ બધું જોવા સાંભળવાની મને લાલસા હતી. ત્યાંથી બ્રિટિશ મ્યુઝિયમ ગયાં.

વિપુલભાઈ થાકેલા લાગતા હતા. સાંજે અવસર હતો. એમની આ અસ્વસ્થતાની સુદર્શન અને મને ચિંતા હતી. પરિણામે સંગ્રહાલય વહેલું પતાવી અમે 'નેહરુ કેન્દ્ર' પર વહેલેરા પહોંચી ગયાં ! ત્યાં બેઠાં, આરામ કર્યો, સ્વસ્થ થયાં. સભા સરસ રહી. સુદર્શન સંગાથે ઉષાબહેન ઠક્કર બીજાં વક્તા હતાં. જ્યારે વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી મેઘનાદ દેસાઈએ સદારત કરી હતી. એ પણ ઉમરાવ સભાના સદસ્ય છે. હવામાન બહુ સારું નહોતું છતાં, સાઠસિત્તેર લોકોની હાજરી થતી હતી, જે સારી હોવાનું મને લાગતું હતું. સભાબેઠક સરસ ઊતરી હતી. રજૂઆત પણ સોજ્ઝી અને નક્કર લાગી.

૧ એપ્રિલનો દિવસ આમ તો 'એપ્રિલ ફૂલ્સ ડે' તરીકે પ્રખ્યાત ! તે દહાડે જગત ભરના અનેક દેશોમાં વિનોદ-વેરણ કરાતાં રહે છે. અનેક પ્રકારની મજાક મશ્કરીઓ થયા કરે. પરંતુ અમારે તો 'કિંગ્ઝલી હૉલ'ની સુગંધી માણવી હતી. બીજી ગોળમેજી પરિષદ વેળા મહાત્મા ગાંધી અને તેમના સાથીસહોદરોનાં વૃંદે ત્યાં રોકાણ કર્યું હતું. આથી અમે નીકળી પડ્યાં બૉ ભણી, પૂર્વ લંડન. અસ્વસ્થતા વચ્ચે ય વિપુલભાઈ અમારી સંગાથે જ રહ્યા. મુખ્ય મકાનમાં કોઈ હતું નહીં; તાળાં લાગેલાં હતાં. ખેર ! એમ છતાં, અમે ચોપાસ ફરીને જોયું. બગીચામાં ય ગયાં, કહેવાય છે કે મહાત્માએ ત્યાં વૃક્ષારોપણ કરેલું. એ મૂળ વૃક્ષ હવે રહ્યું નથી પણ તે જ જગ્યાએ બીજું કદાવર વૃક્ષ ડોલતું હતું. વળતાં વચ્ચે લેસ્ટર સ્ક્વેર, બ્રિટિશ લાઈબ્રરીની પણ લટાર મારી લીધી. યુસ્ટન અને કિંગક્રૉસ વચ્ચે વિશાળ જગામાં પથરાઈ બ્રિટિશ લાઈબ્રરીની સજાવટ, ગોઠવણ આલ્હાદક અને મનહર. તેનો ઘાટ ભારે સુંદર. સમયની પાબંધી છતાં, મેં પણ મન મૂકીને જે જોવાય તે હળવે અને નિરાંતે જોયું.

તે દહાડે મારો જન્મદિવસ હતો. કુંજબહેન - વિપુલભાઈને ઘરે અમે મોડી સાંજે મિજબાની ગોઠવી. કાર્તિક - નેહા પણ સામેલ હતાં. બહુ જ સારું લાગતું હતું. યજમાન હું અને વ્યવસ્થા કુંજબહેનની; આનંદ અપરંપાર હતો.

વળતે દિવસે કુંજબહેનની નિશ્રામાં અમે હૅરૉ ભણી હંકારી ગયાં. હૅરૉ સ્કૂલનો વિસ્તાર બહારથી જોયો અને સુષમાબહેન સંઘવીની ક્લિનીક પર તેમને મળવા ગયાં. તે ફિઝિયોથેરપિસ્ટ છે. મુંબઈ યુનિવર્સીટીમાંથી ગુજરાતી સાથે તેમણે એમ.એ. કરેલું અને સુવર્ણ ચંદ્રક પણ મેળવેલો. સુષમાબહેન આયુર્વેદમાં ઉચ્ચ અભ્યાસ કરવા માગે છે. આ વિશે તેમની સાથે લાંબી વાતચીત થઈ. બપોરે સાથે 'વેઈટરૉઝ'ની કાફેમાં હળવું ભાણું ય અમે લીધું.

ત્રીજીએ ભદ્રાબહેન વડગામાની સિત્તેરમી વર્ષગાંઠ નિમિત્ત અક્સબ્રિજ વિસ્તારમાં મિજબાની હતી. અમારે ય જોડાવાનું હતું. તે તો સાંજની વાત. સવારે પરવારીને અમે કુંજબહેન સાથે નીકળી પડ્યાં હાઈગેટ ભણી. એક અરસામાં અહીં પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને ભાનુમતી વસતા હતાં. ચોપાસમાં એમણે અને સાથીમિત્રોએ 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરેલી અને જબ્બર પ્રયોગશાળાનું તે કામ આપતી રહેલી. શ્યામજી કૃષ્ણવર્મા જ્યાં રહેતા હતા તે ઘર પર એક સ્થાનિક ઐચ્છિક સંસ્થાના પ્રયાસથી એક તક્તિ મુકવામાં આવી છે. જ્યારે 'ઇન્ડિયા હાઉસ'વાળું મકાન તો કોઈકના ખાનગી માલિકીપણા હેઠળ હાજરાહજૂર છે, તેની પર વીર સાવરકરના નામની તક્તિ લગાવાઈ છે. અમને સવાલ થયો : શ્યામજી, ભલા, કેમ નહીં ? કોને ખબર ??

ચોથી એપ્રિલની સવારે 'માંધાતા સમાજ'ના ખંડમાં એક મિલન સભાનું આયોજ કરાયું હતું. ઉષાબહેન ઠક્કર, સુદર્શન તેમ જ મારી જોડે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ તય થયેલો. મને ગભરામણ હતી. વિપુલભાઈ કહે, ચિંતા કરશો નહીં; કાર્યક્રમનું સંકલન - સંચાલન મારે જ કરવાનું છે. વારુ, અને એમણે તો સંકલન તો કર્યું અને મને જ ફસાવી ! પહેલો સવાલ મારા માટે જ ઊભો કીધો ! મને બોલવાનો સંકોચ થતો હતો. નવી, પારકી જગા હતી. વળી, જાહેરમાં બોલવાનો મને મહાવરો ય નહીં. પરંતુ હું પાછી ન પડી. હું જે કામ કરું છું તેની વિગતે મેં વાત કરી. દાખલા-દલીલો ય કરી. હળવે હળવે હું ખીલતી રહી. અને પછી ઉષાબહેન અને સુદર્શન પણ સામેલ થયાં. આખો અવસર સુખદ બન્યો. શ્રોતાઓ પણ માણતા હતા. કાર્યક્રમ પૂરો થયો અને કેટલાક લોકો મારી જોડે વાત કરવામાં ગૂંથાયા. મારું કામ તેમને સારું લાગતું હતું. કેટલાક તો વળી કહેતા હતા : અમે ભારત આવશું ત્યારે તમને મળવા આવશું અને તમારું કામ પણ નિહાળશું. મને ઘણી ખુશી ઉપજતી રહી.

બપોરે સુષમાબહેનને ઘેર ભોજન લેવા જવાનું ગોઠવાયું હતું. સતત કાર્યરત રહેતાં બહેને સરસ મહેમાનગતિ કરી. ઉમળકાભેર જમાડ્યાં.

મહાનગર લંડન ખૂબ મજેદાર નગર. ભારે સુંદર. ત્યાંની શિસ્ત શીખવાની આપણે જરૂર છે. લોકોને માનપાન આપવાનું તે પ્રજાને આવડે છે. ત્યાંની વાહનવ્યવહારની સગવડ પણ આંખે વળગતી રહી. ઠંડીનો ચમકારો રહેતો, પણ લોકોની હૂંફમાં ટાઢ ઓછી અનુભવાતી ! ભારતથી કેટકેટલાં લોકો રોજગારી અર્થે અહીં આવ્યાં છે. જે નવી વસાહત આવી છે તેમના સવાલો અને પરિસ્થિતિ કમકમાં આપી જાય છે. પૈસાની પાછળ આટઆટલી દોટ શા માટે, ભલા, હશે ? સુદર્શનની પેઠે હું અર્થશાસ્ત્રી નહીં, પરંતુ ગૃહિણી ખરી. આથી મને અર્થશાસ્ત્રનું કોઠાજ્ઞાન તો ખરું. આથીસ્તો, મને થતું હતું : ભારત સારું છે. જે મળે છે તેમાં સંતોષ લેવો જોઈએ. તેથી તો સ્વસ્થ જીવન જીવાય.

હવે અમારે વીંટવાનો સમય થતો હતો. વળતે દિવસે ભારત પાછા ફરવાનું હતું. સરસમાન બાંધસીધ કરવાનો હતો. કુંજબહેને ચીવટાઈએ અમને સહાયતા કરી. અમે હાશકારો અનુભવતા હતાં. કુંજબહેન અને વિપુલભાઈ સાથે મમતા બંધાઈ હતી તેથી પાછું જવું ગમતું નહોતું, પણ છૂટકો ક્યાં હતો ? હીથરૉ વિમાન મથકે અમને શશીબહેન - રમણભાઈ પટેલ તેમ જ કુંજબહેન - વિપુલભાઈ વળાવવાં આવ્યા હતાં. સૌએ સજળ નેત્રે વિદાય આપી. આમ આ પખવાડિયું ક્યાં વીતી ગયું તેની કોઈ ખબર ન પડી. લંડનના રોકાણ દરમિયાન અનેક લોકો સાથે પરિચય થયો. સૌએ અમને ઉમળકાથી પોતીકા બનાવી દીધેલાં. પાછા, ફરીને, અમે રોજિંદા વ્યવહારમાં ગોઠવાઈ પણ ગયાં.

[3, Parthasarthy Apartment, 26 Bhaikaka Nagar, Thaltej, AHMEDABAD - 380 054, Gujarat, India]

# એતાનશ્રી –

## ફિનિક્સ પંખીએ પાંખો ફફડાવી છે

• "ઓપિનિયન"ના ડિજિટલ અવતારનો બારમો અંક મળતાં અનેરો આનંદ થયો. સરૂપબહેન ધ્રુવના શબ્દો ટાંકીને કહીએ કે 'ફિનિક્સ બનીને પાંખો ફફડાવનાર' "ઓપિનિયન" સામયિકના સંપાદક તરીકે આ પહેલા વર્ષના જન્મદિવસે તમને ઘણાં ઘણાં અભિનંદન હજો.

નવા અવતારની શરૂઆતના પ્રસંગ પર નૂરદ્દીનભાઈ કાસમે જે આરજૂ રજૂ કરેલી એ આ બાર બાર અંકોમાં સિધ્ધ થતી જોવા મળી છે. એમણે લખેલું : 'પશ્ચિમી જગતના વૈજ્ઞાનિક પરિસરને સારુ આપણી ભાષા તેમ જ પ્રાચીન ડહાપણયુક્ત સંસ્કૃતિની ઉન્નતિ માટેના કામોમાં સામયિક સફળ રહો.' એક બીજા વાચકે ડિજિટલ અવતારને આવકારતા લખ્યું હતું : 'સમયની સાથે ભાષાએ કદમ મિલાવવા જ પડે છે અને ડિજિટલાઈઝેશન યુગમાં તમારું આ સત્કાર્ય ખરે જ ખૂબ મહત્ત્વનું છે.' વાચકોને સારુ આવી આરજૂ આ બારબાર અંકોમાં સંતોષાઈ છે. તેમાં, તંત્રીજી, તમારી તથા આ સામયિકની મોટી સફળતા રહી છે.

"ઓપિનિયન" સામયિક પ્રકાશનના શરૂઆતના દિવસોમાં, 'બાળ મરણ'નાં સ્વપ્નામાં રાચનારાઓ - ઇચ્છનારાઓને જૂઠા સાબિત કરી દેવાયા છે; અને સામયિકને પંદર વર્ષની યુવાનીમાં લઈ આવ્યા પછી, એને નવા યુગમાં - નવા અવતારમાં તમે જન્મ આપ્યો. એ નવા અવતારને માર્ચ મહિનાના અંક સાથે એક વર્ષ પૂરું થાય છે. એ ઉજવણી પ્રસંગ બની રહે છે. આ ઉજવણીમાં સામયિકના વાચકો - ચાહકો તમારી સાથે જ હોય. તમારી સેવા-સમર્પણની કદર કરે જ અને દિલભરી બિરદાવે પણ ખરા.

આ ડિજિટલ અવતારી સામયિકના અંકો હજારોની સંખ્યાના વાચકોને જગતભરમાં 'ઑન-લાઈન' પહોંચતા કરો છો. આ તમારા આગવા પત્રકારત્વની સૂઝબૂઝ છે, તમારી ગોઠવણની કુનેહ છે. સુજ્ઞ વાચકોને એ પણ જાણ છે કે તમારા આ ગંજાવર કામના પાયામાં 'ગમતાનો ગુલાલ' કરવાની જ પારાવાર લાગણી ભરી પડી છે. જાણે કે તમે અહીં પણ ગાંઠનાં ગોપીચંદન કરો છો. ભવિષ્યમાં વાચકો આનું વળતર કરે તેમ વાંછીએ અને સામયિકની સફળતા કાયમ બની રહે તેમાં મદદરૂપ થાય ! … તેમ થવું જરૂરી છે.

"ઓપિનિયન"ના ડિજિટલ અવતારની મજા તો જૂઓ. ચોમેરથી વાચકો, લેખકો અને બુદ્ધિજીવીઓ એક ચોતરે આવી મળ્યાં છે : મધુ રાય, હરીશ ત્રિવેદી, હરનિશ જાની, પ્રીતિ સેનગુપ્તા, પન્ના નાયક, વિરાફ કાપડિયા, સરીખાં અમેરિકી પરિસરમાંથી આવી મળ્યાં છે; બાબુલાલ ગોર, ઉષા ઠક્કર, દાઉદભાઈ ઘાંચી, પ્રકાશ ન. શાહ, પ્રફુલ્લ દવે, લતા હીરાણી જેવાં ભારતીય પટનાં બુલંદીઓ છે. તો અદમ ટંકારવી, દીપક બારડોલીકર, પંચમ શુક્લ,

અહમદ 'ગુલ', આશા બુચ, કુસુમ પોપટ, વલ્લભ નાંઢા, સુષમા સંઘવી, ફારૂક ઘાંચી, રમણભાઈ પટેલ, ભદ્રા વડગામા જેવાં જેવાં વિલાયતી જગતનાં છે.

ડિજિટલ અવતાર આટલો આકર્ષક રહ્યો છે અને તેનો એક મોટો ચાહકવર્ગ ઊભો થયો છે. એનું કારણ એ છે કે દરેક અંક નવી ભાત પાડે છે - નવી નવી વાચનસામગ્રી આપે છે. લેખો અત્યંત વિચારપ્રેરક, ચિંતનસભર રહેતા હોય છે. ચાલો, આ છેલ્લા, બારમા અંકની જ વાત લઈએ : ફૈઝ અહમદ ફૈઝ જેવા મહાન, દૂરંદેશ શાયરને જન્મશતાબ્દી ટાંકણે તમે યાદ કરી લીધા. સ-આદર અંજલી પણ આપી. શાયરનો રંગમિજાજ એક સૂફી સંત જેવો એટલે એમણે 'સૂફી વિરાસતને અંગ્રેજી, અરબી, ઉર્દૂ અને હિન્દીના ગહન અધ્યયનથી ખૂબ સમૃદ્ધ કરી.' (અનિલ જોશી). ફૈઝ સાહેબને સરમુખત્યારો તરફ સખત નફરત. એ કારણે અનિલ જોશી લખે છે તેમ 'પાકિસ્તાનની સત્તા સાથે મનમેળ પડ્યો જ નહીં અને અનેક વાર દેશનિકાલ અને વતનથી બેવતન થતા રહ્યા.' આજે તેઓ હયાત હોત તો આરબજગતની નવ ક્રાંતિના આંદોલનમાં નવી પેઢીના આરબ લેખકો, કવિઓ, બુદ્ધિજીવીઓ સાથે સામેલ થયા હોત અને આ ક્રાંતિને ય એમની કવિતામાં ઢાળતા રહ્યા હોત.




આ અંકના છેલ્લા પાન પરનો હરીશ ત્રિવેદીનો ઊહાપોહ વિચાર માગી લે છે. નટવરભાઈ ગાંધીએ નવેમ્બર ૨૦૧૦ના અંકમાં ગુજરાતી સર્જકો(ઉત્તર અમેરિકા કે પછી બીજા પશ્ચિમી દેશમાં વસતા)ને સલાહ આપી હતી. પોતાના લેખ, 'ગુજરાતી ડાયસ્પોરા લેખન - સ્વતંત્રતાની હાકલ' વાટે એ કહેતા હતા : 'પોતાના પર આધાર રાખવો જોઈએ; પોતાના મૂળ વતનના કોઈ પ્રમાણપત્રની આશા - અપેક્ષા રાખવી નહીં જોઈએ.' આવી વાતનું જ નટવરભાઈએ પોતાના તાજતર સોનેટસંગ્રહનું ભારતમાં વિમોચન કરાવીને ઉલ્લંઘન કર્યું. સલાહ આપવી સહેલી, પાળવી કેટલી મુશ્કેલ છે, તેનું દૃષ્ટાંત આ વિમોચન સમારંભથી દેખાઈ આવ્યું.

આ અંકની બીજી એક વિશેષતા રહી : દીપક બારડોલીકરની કવિતા. જપાન પર ત્રાટકેલા ત્સુનામી અંગેની આ કવિતા વાચકોને હલબલાવી મૂકે છે :

**તારું**
**નખ્ખોદ જજો**
**ઓ સુનામી !**

(અહીં પન્નાલાલ પટેલે ગુજરાતના એક મહાદુષ્કાળ પર રચેલી નવલકથામાંના શબ્દો સાંભરી આવ્યા. એ ય આવું જ કહેતા રહેલા.)

**દરિયો, ... આતંકવાદી છે !**
**ને તેનું તાંડવનૃત્ય**
**અવશ્ય હારી જશે !**
**જપાની જિજિવિષા**
**મેદાન મારી જશે !**

આ અંકમાંના પ્રફુલ્લભાઈ દવે તથા આશાબહેન બુચના પ્રવાસલેખો વાંચતા વાંચતા પ્રીતિબહેન સેનગુપ્તાને સંભારતો રહેલો. આવી આવી સમૃદ્ધ વાચનસામગ્રી વાચકોને આનંદ આપી જાય છે અને અંકને વિશેષતા બક્ષે છે.

છેલ્લે, મારા જેવા વયસ્ક વાચકો માટે એક સૂચન મૂકવાની રજા લઉં છું. "ઓપિનિયન"ના ડિજિટલ અંક વાંચવામાં એક મુશ્કેલી આ રહે છે - કમ્પ્યૂટર 'દેવ' પાસેથી વાચનસામગ્રી કઢાવવા સારુ દેવને રીઝવવાની જરૂર પડે છે અને કલાકો સુધી એની 'સ્ક્રીન' સામે બેસીએ એટલે ધ્યાનથી, એકચિત્તે વાંચવામાં પ્રૌઢ વયના વાચકોને ઘણી તકલીફ ઊભી થતી હશે. પરંતુ આ બધું દૂર કરી શકાય તેમ છે જ વળી. આપણાં સંતાનો, નવા પેઢીનાં ફરજંદોને કહીએ કે કમ્પ્યૂટર વાટે ઑન લાઈન પરેથી તમને અમે 'હાર્ડ કૉપી' ઊતારી આપો, જેથી અમે ખાટે પાટે બેસીને નિરાંતવા, આરામસહ અંક વાંચી શકીએ. આવા અંકોને સંઘરી પણ શકાય. મારા દાખલામાં, વિપુલભાઈ મારા દીકરા, કિરણને અંક રવાના કરે છે અને કિરણ દરેક ડિજિટલ અંકને મુદ્રિત કરી બાંધીને મને પહોંચાડે છે. જૂઓ, આ બારબાર અંકો આવી સરસ બાંધણીમાં કેવા સરસ સોહે છે ! (સાથેનો ફોટો તેની સાહેદી પૂરે છે - તંત્રી).

તંત્રી મહાશય, ફરી એક વાર અભિનંદન અને આભારની લાગણી સ્વીકારશો.


**- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**

['Kamal Kunj', 3, Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands B73 5PR U.K.]


## કૌભાંડભ્રષ્ટ ભારતમાં ફૈઝની કવિતા આજે ય 'રેલેવન્ટ' છે

• ૨૬ માર્ચના અંકમાં, આરબ દેશોમાં ક્રાંતિનો જુવાળ આવ્યો છે તે વિશે ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીનો લેખ વાંચવાની મજા પડી. સાથે ફૈઝની જન્મશતાબ્દી નિમિત્તે તમે એમની સંજોગોને અનુકૂળ ક્રાંતિકારી નઝમ પણ રજૂ કરી. સંવેદનશીલ વાચકોને ય તમે ઉશ્કેર્યા. તે ઉશ્કેરાટમાં અને તમારા મૈત્રીભર્યા આહ્‌વાહનના જવાબમાં ફૈઝની 'હમ દેખેંગે' કાવ્યનો ભાવાનુવાદ કર્યો છે, જે નીચે આપું છું.

ફૈઝે કા'બાના બૂતોને તોડવાની વાત રજૂ કરી છે તે અંધશ્રધ્ધા અને ભ્રષ્ટાચારનાં મૂળિયાં ઉખાડવાનું ઈસ્લામી પ્રતિક છે. તે ઉર્દૂમાં જામે છે, પણ ગુજરાતી ભાવાનુવાદમાં તે દૃષ્ટાન્ત બદલીને મેં ખંડિયેર મંદિરના ગર્ભગૃહમાં બાઝેલા સાપના રાફડાની વાત કરી છે. આ સિવાય પણ નાનામોટા શાબ્દિક ફેરફાર કર્યા છે. આશા છે કે કવિતા કે તેના અનુવાદને લખવાનો મારો પહેલો પ્રયત્ન તમને એક વાર વાંચવા જેવો લાગે !

**એ દિવસ**

અમને મળશે એ દિવસ, સોગંદ છે આવશે એ દિવસ
જ્યારે દમન અને અધર્મના પહાડો વિખેરાશે રૂનાં વાદળની જેમ
જ્યારે વામન આપણાં પગલાં લાવશે ધરતીકંપ
કે જે હચમચાવશે શાસન સરમુખત્યારોના
ઉખાડી ફેંકાશે ગર્ભગૃહોમાં બાઝેલા સર્પના રાફડા
ને ફેલાશે ચંદનની સુગંધ મંદિરોમાં
થાશે હોળી સિંહાસનો અને રાજમુકુટોની
જ્યારે કરશે શાસન ધર્મ-કર્મનિષ્ઠો
જ્યારે સત્યના વિજયની પ્રભુકૃપા વરસશે

પ્રજા જ્યારે પોકારશે અહમ્ બ્રહ્માસ્મિ
ને સમજશે ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્
તે પ્રજાતંત્ર બનશે ઈશ્વરતંત્ર
સોગંદ છે લાવશું એ દિવસ.

આ લખ્યા પછી એમ લાગ્યું કે કૌભાંડભ્રષ્ટ ભારતમાં ફૈઝનું આ કાવ્ય આજે પણ તેટલું જ ‘રેલેવન્ટ’ છે જેટલું કદાચ એ લખાયું ત્યારે હતું.

**- ચેતન શાહ**
(જેદ્દા, સઉદી અરેબિયા)
e.mail : chetan.gshah@gmail.com

## "સ્મરણો દરિયા પારના"

• સદ્ગત જયન્ત પંડયા રચિત બ્રિટનવાસી સાહિત્યકારોનાં જીવનની ઝાંખી કરાવતાં વ્યક્તિચિત્રોનું "સ્મરણો દરિયા પારના" નામક પુસ્તક મળ્યું છે. એક અણમોલ ઘરેણાવત્ અને કાયમ સાચવી રાખવા જેવું. આટલું સુંદર એ નજરાણું છે.

આ પુસ્તકમાં સંપાદિત થયેલાં તમામ વ્યક્તિચિત્રો "ઓપિનિયન", "અખંડ આનંદ" અને "નિરીક્ષક"મા પ્રગટ થયાં હતાં ત્યારે રસપૂર્વક માણેલાં.

જયન્તભાઈનાં સુપુત્રી નંદિનીબહેને તમારો અને પ્રકાશભાઈનો સહકાર મેળવી આ વ્યક્તિચિત્રોને ઉક્ત પુસ્તકમાં મઢાવીને એમના પિતાશ્રીની ઝંખના પરિપૂર્ણ કરી છે. આવું સુંદર કાર્ય હાથ ધરવા બદલ નંદિનીબહેનને તેમ જ તમને અને પ્રકાશભાઈને ખૂબખૂબ અભિનંદન સાથે ધન્યવાદ પાઠવું છું.!

**- વલ્લભ નાંઢા**
e.mail : vallabh324@aol.com

**તરિયા એ આખર મરિયા**
**ડૂબિયા એ પાર ઉતરિયા**
**હઈયા છે હળવા ભઈયા**
**હરિયાના નામથી ભરિયા**
**રડિયા ખાલીખમ ફળિયા**
**રળિયા આંસુ ના જ દરિયા**
**મળિયા ઠંડાગાર તળિયા**
**અહિયા કૂંડ કેમ કરિયા**
**જહિયા સખી સ્હેજ લળિયા**
**સઈયા બાબુલજી વરિયા**

**- ‘બાબુલ’**
(નીસ -૧૨/૦૪/૨૦૧૧ )
e.mail : drvision@gmail.com

**આવતી રોકો વસંતને**
**મારે આંગણિયે ફુલડાંના ફાલ**
**લાવતી રોકો વસંતને**
**એ તો આંગણને આંબલિયે ટહુકો કરે,**
**અહીં એકલડું ઉર મારું હીબકાં ભરે.**
**કોઈ હેતસૂના હૈયાની ડાળ**
**હલાવતી રોકો વસંતને.**
**શાને શીળો સમીર બની અંગે અડે !**
**મારા ઝૂરતા જીવન સાથ રંગે ચડે !**
**એની વેણુંમાં વેદનાનું વ્હાલ**
**વહાવતી રોકો વસંતને.**

**- જયંત પાઠક**

**(અનુસંધાન છેલ્લાં પાનાં પરેથી)**

રાજા, કલમાડી, બલવા, ‘સત્યમ્’વાળા રાજુ, નીરા રાડિયા વગેરેને મળીને દેશમાં ચાલતી નગ્નતાની ખાનગી હરીફાઈ વિષે જાણવાની જરૂર હતી … ! અરે, પૂનમે આગ્રહ કર્યો હોત તો આ બધા પૂનમ માટે ટ્રેનિંગની વ્યવસ્થા પણ કરી આપત … ! પૂનમ પાંડેને નથી ખબર કે, કારગિલના શહીદોના નામે આદર્શ કોલોનીમાં મારા-તારા-આપણાને સ્થાન અપાવી દેવાની બિભત્સતા કરવાની આ દેશમાં છૂટ છે !? ‘ટુ જી સ્પેક્ટ્રમ’ના નામે તમે અબજો રૂપિયા દેશના ઓળવી જાઓ તો પણ તમે વટભેર પ્રધાનપદું ભોગવી શકો અને હા, એ પ્રધાનપદેથી ભ્રષ્ટાચારના આક્ષેપોને કારણે રાજીનામું આપો તો પણ તમારાં રાજ્યનાં એરપોર્ટ પર તમારું ભવ્યાતિભવ્ય સ્વાગત થાય ! બેબી પૂનમ, તું પ્રોફેશનલ થઈને આટલી બધી નાદાન ! તને નગ્ન થવાનો બેહૂદો વિચાર ક્યાંથી આવ્યો ? તને કલમાડી થતાં નથી આવડતું ?

… અને હા, જો ખરેખર હૃદયનો ઉમળકો હતો જ તો પછી જાહેરાત કર્યા વગર ભારતની ટીમ જીતે ત્યારે સ્ટેડિયમમાં ઘુમી વળવું હતું ને ? એક વખત અમારા સૌરવ ગાંગુલીએ તેનું ઉપવસ્ત્ર કાઢીને ફેંકી દીધું હતું અને જીતનો જશ્ન મનાવ્યો હતો ! અમારો સલમાન ખાન તો માત્ર પેન્ટ પહેરીને જે સિન આપે તે સિન પર અમારા દેશની તારા જેવી કેટલી ય બેબલીઓ ચિચિયારી કરે છે … ! તેં આવું કંઈક કરીને પબ્લિસિટી કમાઈ લીધી હોત તો ? જો અમારા હોનહાર મહેન્દ્રસિંહ ધોનીએ માનતા પૂરી કરવા બંધ બારણે મુંડન કરાવી પોતાનું માથું ઉઘાડું કરી નાખ્યું કે નહીં ? આ સાચી પ્રતિબદ્ધતા કહેવાય … અર્ધી રાત્રે મુંડન કરાવી કશી જ જાહેરાત વગર બીજે દિવસે ગેટ વે ઑવ્ ઇન્ડિયા પર કોટ-ટાઈ-ટ્રોફી અને મુંડન સાથે આવ્યો ત્યારે ધોનીને જોઈ ભારતવાસીઓનું શેર લોહી ચઢી ગયેલું ! પૂનમ પાંડેએ પણ ધોનીની જેમ વાળ ઉતરાવી તિરૂપતિ મોકલી આપ્યા હોત તો ? … અમે તને હોંશે હોંશે વહાલ તો કરી શક્યા હોત … ! પૂનમ, તું તો ન અનુસરી રાજા-કલમાડી-નીરાને કે ન અનુસરી અમારા ધોનીને … તને એમ કહું કે : તારા તો બાવાના બે ય બગડ્યા ! જો કે, મને તો ગળાં સુધીની ખાતરી હતી કે તું છેલ્લે ફસકી જઈશ અને તું ભૂગર્ભમાં ઊતરી ગઈ, મોબાઈલ સ્વિચ ઑફ કરી દીધો … ડરપોક નહીં તો … !

અમે સરદારની ધરતીના, એટલે અમને સરદારની વાત યાદ આવી :

સવારે નાસ્તા સમયે શાંતિભાઈએ સરદાર પટેલને એક મુલાકાતીની વાત કરી. તે કહેતો હતો કે ચૂંટણીની ટિકિટ નહીં મળે તો ઘેર જઈને પોતે આપઘાત કરશે. વાત સાંભળીને વલ્લભભાઈ પટેલે શાંતિભાઈને છરી આપી. ‘તેને કહો કે ઘેર જવાની કશી જરૂર નથી. આ છરીથી અહીં જ આપઘાત કરી શકે છે.’ તે દિવસે સરદાર પટેલે શાંતિભાઈને કહ્યું કે : આપઘાત કરવાનો હોય તે પરવાનગી લેવા બેસતો નથી.’ (સરદાર પટેલ : એક સમર્પિત જીવન. લેખક : રાજમોહન ગાંધી : નવજીવન પ્રકાશન : પાનાં નં. ૩૬૦)

અમને પૂનમ પાંડેની જાહેરાત કરતાં અમારા વિચક્ષણ સરદારનાં વચનોમાં શ્રદ્ધા હતી !!

એક સીરિયન કથા છે : સૌંદર્ય અને કુરૂપતાની દેવીઓને જ્યારે પરમાત્માએ બનાવી અને તેઓ પૃથ્વી પર ઊતરી ત્યારે એક સરોવરનાં કિનારે વસ્ત્રો મૂકીને બંને નહાવા ગઈ. સ્વભાવ પ્રમાણે સૌંદર્યની દેવીને ખબર પણ નહોતી કે એનાં વસ્ત્રો બદલાઈ જશે. વાસ્તવમાં સૌંદર્યને પોતાનાં વસ્ત્રોની જાણ પણ નથી હોતી કે પોતાના દેહનું પણ ભાન નથી હોતું. માત્ર કુરૂપતાને દેહનું ભાન હોય છે ને વસ્ત્રો તથા દેહની વ્યવસ્થા દ્વારા સ્વયંને છુપાવવાની કોશિશ કરે છે … સૌંદર્યની દેવી સરોવરમાં સ્નાન કરતાં કરતાં દૂર નીકળી ગઈ અને ત્યારે કુરૂપતાની દેવીએ લાગ જોઈ, બહાર આવી, સૌંદર્યની દેવીનાં વસ્ત્રો પહેરી ચાલતી પકડી !! સૌંદર્યની દેવી બહાર આવી. પોતાનાં વસ્ત્રો ન મળતાં હજુ એમ નગ્ન ઊભી છે, કારણ તેને તેનાં દેહનું કે વસ્ત્રનું ભાન જ નથી … પણ કુરૂપતા તો હજી સૌંદર્યનાં વસ્ત્રો પહેરીને ગામમાં ફરે છે, લોકોને આકર્ષે છે અને પબ્લિસિટી કરી રૂપિયા રળે છે ! … સૌંદર્યની દેવીનાં વસ્ત્રો પહેરીને ફરતી એ કુરૂપતાને ખબર છે કે : નગ્નતા શરીર પર છે, પણ અશ્લીલતા જોનારની આંખમાં છે … !! …… (કભી પૂનમ ભી અમાસ હો સકતી હૈ … )

[Premmadir, 4 - Narmada Park, Near Amin Marg, RAJKOT - 360 001, India]

## સ્ત્રીઓ શા માટે રડે છે ?

**• ધીરુભાઈ શાહ**

એક દિવસ એક નાના બાળકે તેની માતાને પૂછ્યું, ‘મમ્મી ! તું કેમ રડે છે ?’

માતાએ કહ્યું, ‘કારણ કે હું એક સ્ત્રી છું.’

બાળકે કહ્યું, ‘હું સમજ્યો નહીં.’

માતાએ પ્રથમ તેને વહાલ કર્યું અને પછી કહ્યું, ‘તું નહીં સમજી શકે.’

બાળકે તેના પિતાને પૂછ્યું, ‘પપ્પા ! મારી મમ્મી કારણ વિના કેમ રડે છે ?’

પિતાએ કહ્યું, ‘બેટા, બધી જ સ્ત્રીઓ કારણ વિના રડતી હોય છે,’

બાળક મોટો થતાં તેણે એક દિવસ પ્રભુને પૂછ્યું, ‘ પ્રભુ ! સ્ત્રીઓ શા માટે રડતી હોય છે ?’

પ્રભુએ કહ્યું, ‘મેં સ્ત્રીઓને ઘણી બધી શક્તિઓ આપી છે. સાથે સાથે મેં તેમને રડવા માટેની એક વિશિષ્ટ શક્તિ આપી છે. જેથી કરીને તે ગમે ત્યારે ગમે ત્યાં વિના કારણે રડી શકે છે.’

[46, Greensward Lane, SUGAR LAND, TX 77479, U.S.A.]

પૂનમ પાંડેને કોણ સમજાવે કે : આ દેશમાં 'જાહેરમાં ઉઘાડા' થવાનો રિવાજ નથી !

# નગ્નતા શરીર પર છે, અશ્લીલતા આપણી આંખમાં છે

• ભદ્રાયુ વછરાજાણી

મારા પિતાનાં એક કાકી હતાં, સવિતાકાકી. અને એક ફઈબા હતાં, ગોરી ફઈ. એ બન્ને બાળવિધવા છે, એવું અમને નાનપણમાં કહેવામાં આવતું ! કોઈ બાળા કે જે બાળક છે તે એવડી ઉંમરમાં વિધવા કેવી રીતે થઈ જાય, તે યક્ષપ્રશ્ન હતો, બાળપણમાં. મોટા થયા ત્યારે સમજાયું ને હમણાં હમણાં 'બાલિકા વધૂ' સીરિયલ શરૂ થઈ પછી પાક્કે પાક્કું સમજાયું. સવિતાકાકી કાળાં તો ગોરીફઈ નામ મુજબ જ ગોરાં ગોરાં. ... અમે ટબુડિયાંવ ધીંગામસ્તી કરતાં ત્યારે આ બન્ને ડોશીમાઓ કેટલીક મૌલિક વાતો કરતાં ! ... કોઈ ભેરુ ચડ્ડી પહેર્યા વગર રૂમમાંથી બહાર આવે તો અમે તેની ઠેકડી ઉડાડતા ત્યારે સવિતાકાકી ગહેરાઈભર્યો મર્મ સહજતાથી કહી દેતાં : 'એમાં તે વળી હસવું શું ? કપડાં નીચે તો સૌ ઉઘાડા.' વળી ગોરીફઈ ટાપસી પૂરતાં : 'લુગડાંની નીચે બધા ય સરખા, બાયુ બાયુ એક સરખી અને ભાયુ ભાયુ એક સરખા.' ... સવિતાકાકી તરત ટપારતાં કે શરીર ઢાંક્યા વગર દીકરીયુંથી બહાર જ ન નીકળાય, કારણ આપણા દેશમાં 'જાહેરમાં ઉઘાડા' દેખાવાનો રિવાજ નથી !

પેલી પૂનમ પાંડેને નાનપણમાં સવિતાકાકી કે ગોરીફઈ નહીં મળ્યાં હોય એટલે તો તેણે જાહેરમાં 'ન્યૂડ' થવાની જાહેરાત કરી ! ... અમને પણ નાના હતા ત્યારે આ બન્ને વડીલોની વાત ગળે નહીં ઊતરેલી કે જાહેરમાં ઉઘાડા ન દેખાવાય, પણ પછી જીવતા ગયા - જાણતા ગયા તેમ સ્પષ્ટ થતું ગયું કે : નાગાઈ કરવાની અહીં છૂટ છે, પણ તેને દેખાડવાનો આ દેશમાં છોછ છે ! એમાં ય જાહેરમાં અને તે પણ પાછા 'જાહેરાત કરીને' નગ્ન થવાની છૂટ તો ભારતીય સંસ્કૃતિ ક્યાંથી આપે ? આપણે તો મર્યાદા પુરુષોત્તમના પૂજકો ! આપણે તો બાળ કૃષ્ણની લીલાનાં રસપ્રચૂર વર્ણનો સાંભળવા ટેવાયેલા આજ્ઞાંકિતો ! આપણાથી આધુનિક ગોપીઓને લીલા કરવાની છૂટ થોડી અપાય ? ... વર્ષો પહેલાં આપણા કોઈ રાજકીય નેતાએ એલાન કરેલું : 'આ દેશમાં કોઈ 'નાગો' ભૂખ્યો નહીં રહે !' અને થયું પણ એવું જ. આજે કોઈ 'નાગો' ભૂખ્યો નથી રહેતો, શરત એટલી કે તેને પોતાની નગ્નતા છૂપાવતાં આવડતું હોવું જોઈએ ! આ દેશમાં ભૂખ્યો માણસ નગ્ન રહી જાય તો કોઈની જવાબદારી થતી નથી, પણ ખાનગીમાં નગ્નતાનાં વરવાં પ્રદર્શન કરનારાઓ અહીં ભૂખે મર્યાના દાખલા નથી ! પછી ક્ષેત્ર ગમે તે હોય, તમને કાગળ પર ચોખ્ખા ચણાક અને વ્યવહારમાં ભરચક્ક કરપ્ટ થવાની છૂટ. ... રિવાજ અહીંના નોખા ને રસમ અહીંની નોખી ... ! આ બધી અંદરની વાતોની સમજ પેલી મૉડેલ પૂનમ પાંડેને થોડી પડે એટલે તો એ 'જાહેરમાં નગ્ન' થવાની ઘોષણા કરી બેઠી ... !

અઠ્ઠાવીસ વર્ષોથી આખો દેશ જેની રાહ જોતો હતો તે ક્રિકેટ વર્લ્ડ કપ ભારત જીતે તેની રાહ યુવા મૉડેલ પૂનમ પાંડે પણ જોતી હતી. પૂનમ જરા વધુ હોંશિલી, તે એણે જાહેરાત કરી દીધી કે : 'ટીમ ઇન્ડિયા વર્લ્ડ કપ જીતશે તો પોતે ન્યૂડ થશે !' પાછી પૂનમ પાંડેએ તો ઘણા દિવસો પહેલાં આ તેજાબી જાહેરાત કરી અને બધા તો છળી મર્યા ... : 'હાય હાય, ખુશી તો થાય, તેથી કાંઈ આવું કરાય ?' ... નાદાન લડકીને સંસ્કૃતિના રક્ષકો(!?)એ તો જાનથી મારી નાખવાની ધમકી આપી દીધી અને પછી તો શરૂ થયો તાસીરો ... કહે છે સટ્ટા-બજારના બુકીઓને ભારત વર્લ્ડ કપ જીતશે કે શ્રીલંકા,-ની જેટલી બોલી મળી, તેટલા જ પૂનમ નગ્ન થશે કે નહીં તેન ભાવ મળતા હતા ! પણ ભારતના બુકીઓ પ્રામાણિક અને સદાચારી (!) કે એમણે પૂનમ માટેના સોદા ન પાડ્યા ! પૂનમને જાનથી મારી નાખવાની ધમકી આપનાર સંસ્કૃતિ રક્ષકો કરતાં સટ્ટા-બજારના બુકીઓ વધુ સમજુ હતા. તેઓને ખબર હતી કે, પૂનમ પાંડે તો મૉડેલ છે, બાહ્ય સૌંદર્ય વેંચી પૈસો રળવો અને પબ્લિસિટી કરવી તે તેનો વ્યવસાય છે, તે પોતાની જાત સાથે રમે છે અને જાત સાથે રમે તેની હાર કે જીત ન થાય તેની તો ટાઈ જ થાય !




**વિશ્વવિખ્યાત ચિત્રકાર એમ. એફ. હુસૈનનું તાજાતર આ રેખાંકન, ચેન્નાઈથી પ્રકાશિત થતાં દૈનિક "ધ હિન્દુ"માં, ૯.૪.૨૦૧૧ના પ્રગટ થયું છે. આ દૈનિકના સૌજન્યથી અહીં તે સાભાર સામેલ કરીએ છીએ.**

ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપ જીતે તો ન્યૂડ થશે તેવું પત્ર દ્વારા પૂનમે જણાવેલું કે : 'જો બી.સી.સી.આઈ. મને પરવાનગી આપશે તો હું ન્યૂડ થઈશ. કોઈની ધમકીથી હું ગભરાતી નથી. મારી આ સૂચિત દરખાસ્ત ટીમનો નૈતિક જુસ્સો વધારવાની સાથે સાથે તેની થેરપ્યૂટિક વેલ્યૂમાં જોરદાર વધારો કરશે. હું ક્રિકેટના એક ફેન અને ભારતીય તરીકે લખી રહી છું. હું ઈચ્છું છું કે ભારત ૨૦૧૧નો વર્લ્ડ કપ જીતે અને તેને પાનો ચડાવવા માટે હું અલગ રીતે કંઈક કરું. હું ભારતીય ટીમ ઈચ્છે તેવા કોઈ પણ સ્થળે અને સમયે તેમને સારું પ્રદર્શન કરવાની પ્રેરણા આપવા માટે ન્યૂડ થવા તૈયાર છું. ...' પૂનમે પાછું ડહાપણ ડોળ્યું : 'હું એ કરવા માટે એકદમ ગંભીર છું, કેમ કે વિદેશમાં કેટલીક યુનિવર્સિટીઓએ કરેલા અભ્યાસમાં એવું પરિણામ આવ્યું છે કે એમ કરવાથી કોઈ પણ ક્ષેત્રના લોકોને સારું પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે, ભલે તે સ્પોર્ટ્સ હોય કે અન્ય કોઈ ક્ષેત્ર હોય. સાયકોલોજી અંગેના પુસ્તકો પણ આ બાબતને સમર્થન આપે છે. ... જો કે હું જાણું છું કે જાહેરમાં ન્યૂડ થવું તે એક ગુનો છે, પણ પ્રાયવેટ પરફૉર્મન્સ એક અલગ બાબત છે. વયસ્કોની સંમતિથી થેરપ્યૂટિક હેતુ માટે ન્યૂડ થવું કોઈ ગુનો નથી તેથી હું કાંઈ ખોટું કહેતી નથી.' ... પૂનમ પાંડેની વ્યાવસાયિક તત્પરતાએ ઉછાળો માર્યો અને તેણે પત્રમાં ચોખ્ખું લખી નાંખ્યું કે : 'બી.સી.સી.આઈ. કોઈ સરકારી સંસ્થા નથી અને તે મારી સાથે આ અંગેનો કોન્ટ્રેક્ટ કરી શકે છે; સંસ્થા ધારે તો મારે ન્યૂડ થવા માટે પેરિસ જેવું કોઈ વિદેશનું શહેર પસંદ કરી શકે છે કેમ કે ત્યાં કાયદાનો કોઈ અવરોધ નથી ...' અબ આયી બાત સમજમેં ? પૂનમને ભારતના વિજત માટે નગ્ન નથી થવું, રૂપિયા રળવા અને પબ્લિસિટી ઉઘરાવવા છેલ્લે પાટલે બેસવું છે ! ... નાદાન લડકી, એ પણ નથી જાણતી કે ભારત જેવા દેશમાં તમે અબજોનાં કૌભાંડો કરી મૂંછે વળ દઈ તમારી ન્યૂડનેસ અભિવ્યક્ત કરો તો ચાલે, પણ આમ જાહેરમાં ... ના, બાબા, ના ... પૂનમ પાંડેએ આવી બાલિશ જાહેરાત કરતાં પહેલાં એ.

**(અનુસંધાન પાનાં 23 પરે)**

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.04.2011]